ऐसे मजेदार मेगेजीन पढने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे
ગુજરાતી બેસ્ટસેલર | ૨૪૦૦૦ નકલો વેચાઈ ચૂકી છે...



એકબીજાંને ગમતાં રહીએ

'સુખી' થવાની નાની નાની ફોર્મ્યુલા

કાજલ ઓઝા વૈદ્ય

https://telegram.me/booksmag

VISIT…

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे



https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માણસમાત્ર એના સંબંધોને આધારે જીવે છે. બુદ્ધિશાળી હોય કે અભણ... લુચ્ચો હોય કે ભોળો... લાગણીશીલ હોય કે પ્રેક્ટિકલ... એને એના પોતાના આગવા સંબંધો હોય છે. જેને તોડવા-સાચવવાના એના પોતાના કારણો એની પાસે હોય જ છે. આપણે સૌ સંબંધોમાંથી જન્મેલા અનુભવ અને અનુભવમાંથી જન્મેલા વ્યક્તિત્વો છીએ. આ વ્યક્તિત્વો જ આપણા નવા સંબંધો બાંધે છે અથવા જૂના સંબંધો તોડે છે.

સંબંધોને ધીમે ધીમે આપણા લોહીના લયમાં ભેળવીને, હૃદયના ધબકારા સાથે મેળવીને, એકીબજા પરત્વે સ્વીકારની લાગણી કેળવીને જીવવામાં આવે તો એમાંથી ઘણું બધું મળે છે.

'મળવા' નો અર્થ અહીં ફાયદો કે ગેરફાયદો નથી જ...

સવાલ છે 'સુખ' નો, 'શાંતિ' નો, 'સ્નેહ' નો.

દરેકને પોતાના સંબંધમાંથી ફક્ત આટલી જ અપેક્ષા હોય છે. સમજવું એટલું જ પડે છે કે જે અપેક્ષા આપણને છે તે જ સામેવાળી વ્યક્તિને પણ હોઈ શકે. તમે એવું ઇચ્છો કે કોઈ તમારી કાળજી લે, સામેની વ્યક્તિ પણ એ જ ઇચ્છે છે... તમે ઇચ્છો છો કે તમને કોઈ સમજે, સામેની વ્યક્તિ પણ એ જ ઇચ્છે છે

સામસામેની અપેક્ષાઓ એકબીજાનો છેદ ઉડાડે છે, સમીકરણ શૂન્યમાં પલટાઈ જાય છે આ લેખો મારા પોતાના અનુભવમાંથી જન્મેલી એક એ સમજદારી છે જેને આપણે 'અર્થહીન' કહી શકીએ. હું આ સમજદારી મારા પોતાના સંબંધોમાં કામે લાગડી શકી નથી. પણ હા, મને ચોક્કસ સમજાયુ છે કે આટલું કરવાથી ઘણીબધી સમસ્યાઓ ઘટી શકે. હું એ કરી શકી હોત તો મારી સમસ્યાઓ પણ ઘટાડી જ શકી હોત. ખેર!

આ લેખો સુખની શોધમાં કદાચ તમારો નકશો બની શકો એવા ઉદ્દેશથી લખ્યા છે અને તે દ્વારા તમને 'સુખી' થવાની નાની નાની ફોર્મ્યુલા આપવાનો મારો પ્રયાસ છે.

કાજલ ઓઝા વૈદ્ય

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એકબીજાંને ગમતાં રહીએ

કાજલ ઓઝા વૈદ્ય

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧
'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ.(૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

Ekbijane Gamta Rahiye
Articles on relationship
Written by Kaajal Oza Vaidya
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
EISBN : 978-93-81336-43-4

© કાજલ ઓઝા વૈદ્ય, ૨૦૦૯

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અર્પણ

ડૉ. પ્રશાંત ભીમાણી – સોનલબહેન
ઉત્સવી – વૈષ્ણવીને
સ-સ્નેહ!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સુખી’ થવાની નાની નાની ફૉર્મ્યુલા

કાજલ ઓઝા-વૈદ્ય

‘સંબંધોનાં સમીકરણ’ નામ ટીના દોશીએ આપેલું.

‘સંદેશ’માં આ કૉલમ શરૂ કરી ત્યારે સ્વપ્નેય કલ્પના નહોતી કે હું સંબંધો વિશે આટલું બધું લખી શકીશ.

મજાની વાત એ છે કે મને પોતાને સંબંધો વિશે બહુ ઝાઝી સમજ નથી. મારી આગવી વ્યાખ્યાઓ છે અને હું બીજાથી જુદું વિચારું છું એવી તો મને પહેલેથી ખબર જ હતી.

કદાચ, સમયથી વહેલી જન્મીને હું સમયથી ઘણી આગળ જીવી ગઈ છું.

જે લોકો પોતાના સમયથી પહેલા જીવે છે એની પાસે સમય સારી એવી વસૂલી કરતો હોય છે.

મેં પણ મારા સંબંધોની કિંમત સતત ચૂકવી છે.

હું જે માનું છું તે હું જીવી છું અને જે જીવી છું એની વાત મારા શબ્દોમાં આ લેખોમાં લખતી રહી છું.

મને ખબર નથી કે આ લેખોથી મારા મનની કોઈ એક વાત અમુક રીતે તમારા સુધી પહોંચશે કે નહીં, પણ મારે જે કહેવું છે તે આ જ છે એટલું નક્કી છે!

માણસમાત્ર એના સંબંધોને આધારે જીવે છે. બુદ્ધિશાળી હોય કે અભણ... લુચ્ચો હોય કે ભોળો... લાગણીશીલ હોય કે પ્રૅક્ટિકલ... એને એના પોતાના આગવા સંબંધો હોય છે. જેને તોડવા-સાચવવાના એના પોતાનાં કારણો એની પાસે હોય જ છે. આપણે સૌ સંબંધોમાંથી જન્મેલા અનુભવ અને અનુભવમાંથી જન્મેલા વ્યક્તિત્વો છીએ.

આ વ્યક્તિત્વો જ આપણા નવા સંબંધો બાંધે છે અથવા જૂના સંબંધો તોડે છે.

આપણે જિંદગીને સમજવાનો એટલો બધો પ્રયત્ન કરીએ છીએ કે ધીમે ધીમે જીવવાનું

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ભૂલી જઈએ છીએ. સમજદારી સારી વાત છે, પણ દરેક વાતને ખોલીને, ઉખેડીને, તોડીને જોવાથી એના વિશે બધું સમજાઈ જ જાય એવું બનતું નથી. કદાચ સમજાઈ પણ જાય તો પછી એમાં શું બચે છે એ પ્રશ્ન બની જાય છે.

એક રમકડું આપણે રમવા માટે લાવ્યા હોઈએ તો એનાથી રમવામાં જે મજા પડે છે તે એને તોડીને, ઉખેડીને, ખોલીને એમાં શું ભર્યું છે અથવા કઈ રીતે બન્યું છે એ જાણવામાં પડવાની છે? એક વાર એ જાણી પણ લઈએ તો પછીથી એ રમકડું રમવાલાયક રહેવાનું છે?

સંબંધોનું પણ કદાચ આવું જ છે. એને ધીમે ધીમે આપણા લોહીના લયમાં ભેળવીને, હૃદયના ધબકારા સાથે મેળવીને, એકબીજા પરત્વે સ્વીકારની લાગણી કેળવીને જીવવામાં આવે તો એમાંથી ઘણું બધું મળે છે.

'મળવા'નો અર્થ અહીં ફાયદો કે ગેરફાયદો નથી જ...

સવાલ છે 'સુખ'નો, 'શાંતિ'નો, 'સ્નેહ'નો.

દરેકને પોતાના સંબંધમાંથી ફક્ત આટલી જ અપેક્ષા હોય છે. સમજવું એટલું જ પડે છે કે જે અપેક્ષા આપણને છે તે જ સામેવાળી વ્યક્તિને પણ હોઈ શકે. તમે એવું ઇચ્છો કે કોઈ તમારી કાળજી લે, સામેની વ્યક્તિ પણ એ જ ઇચ્છે છે... તમે ઇચ્છો છો કે તમને કોઈ સમજે, સામેની વ્યક્તિ પણ એ જ ઇચ્છે છે!

સામસામેની અપેક્ષાઓ એકબીજાનો છેદ ઉડાડે છે, સમીકરણ શૂન્યમાં પલટાઈ જાય છે!

આ લેખો મારા પોતાના અનુભવમાંથી જન્મેલી એક એવી સમજદારી છે જેને આપણે 'અર્થહીન' કહી શકીએ. હું આ સમજદારી મારા પોતાના સંબંધોમાં કામે લગાડી શકી નથી. હા, મને ચોક્કસ સમજાયું છે કે આટલું કરવાથી ઘણીબધી સમસ્યાઓ ઘટી શકે. હું એ કરી શકી હોત તો મારી સમસ્યાઓ પણ ઘટાડી જ શકી હોત. ખેર!

મારા પોતાના સંબંધો તૂટતા-બંધાતા.... બંધાતા-તૂટતા રહ્યા છે.

હું પોતે સંબંધોનું મૅનેજમૅન્ટ બહુ સારી રીતે કરી શકતી નથી. એનું કારણ કદાચ એવું હશે કે સંબંધોમાં હું મગજ અને હૃદયનું બૅલેન્સ કરી શકતી નથી. કાં તો માત્ર હૃદયથી ને કાં તો માત્ર મગજથી સંબંધને જીવવાનો પ્રયાસ કરું છુ.

સાચા અર્થમાં મગજ અને હૃદય વચ્ચે બંધાયેલી દોરી પર હાથમાં સમજદારીનો વાંસડો લઈને એક એક ડગલું સંભાળી સંભાળીને મૂકતાં જવાની રમત એટલે જ સંબંધોનાં સમીકરણ.

ક્યારેક વિચાર આવે છે કે આ દેશમાં એવા કેટલા માણસો હશે જેને લગ્નજીવનમાં, પ્રણયજીવનમાં સમસ્યાઓ હશે... મોટા ભાગના મિત્રોની સામે કે ભાઈ-બહેનની સામે પોતાના મનની વાત કહીને સૂચવાય તેવો, સૂઝે તેવો ઉપાય કરવામાં પ્રયત્ન પણ કરતા જ હશે. માણસમાત્રને સંબંધોના ગૂંચવાયેલા જાળામાં ફસાઈને જીવવું નથી ગમતું.

દરેકને સ્પષ્ટતા અને સમજદારી ગમે છે.

'સુખ' દરેકની શોધ છે.

આ લેખો સુખની શોધમાં કદાચ તમારો નકશો બની શકે એવા ઉદ્દેશથી લખવામાં આવ્યા છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દરેક માણસ બધી જ પરેજી પાળી શકે, દરેક દવા લઈ શકે અને સંપૂર્ણપણે સાજો થઈ જ શકે એવું નથી હોતું.

આ લેખો તમને 'સુખી' થવાની નાની નાની ફૉર્મ્યુલા આપી શકે એવો મારો પ્રયાસ છે. નકશો હાથમાં આવે એટલે મંઝિલ મળી જ જાય એવું નક્કી તો નથી હોતું ને?!

નવી આવૃત્તિ સમયે

ત્રણ મહિનામાં આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ આનંદની વાત તો છે જ, પરંતુ સાથે એક એવી સમજનો પણ ઉદય થાય છે કે આજના સમાજને આવા સામાજિક સ્વાસ્થ્યના લેખોની કેટલી તાતી અને કેવી તીવ્ર જરૂરિયાત છે. ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં આ ઉમેરો કરું છું ત્યારે આ પુસ્તક મારા વાચકોએ જે ઝડપથી વધાવ્યું છે એ માટે એમની આભારી છું.

આર. આર. શેઠની કંપની આ પ્રકારનાં પુસ્તકોનું પ્રકાશન, પ્રચાર અને પ્રસાર કરે છે તે એક રીતે જોવા જઈએ તો સામાજિક સેવા જ છે. ચિંતનભાઈની અંગત રીતે આભારી છું.

૩૦૮, સુપર પ્લાઝા
'સંદેશ' પ્રેસ રોડ
વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫
E-mail: kaajalozavaidya@gmail.com
Web: kaajaozavaidya.com

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અનુક્રમણિકા

૧. સત્ય, સ્વમાન, સમાધાન અને સુખ... વ્યાખ્યાઓ સતત બદલાય છે?

૨. મેરી જિંદગી કિસી ઓર કી, મેરે નામ કા કોઈ ઓર હૈ સરે – આઈના મેરા અક્સ હૈ, પશે – આઈના કોઈ ઓર હૈ!

૩. ચૂમી, ચુંબન, કિસ – સ્મૂચ.. બગીચા, બેન્ચ, બાઈકથી બેડરૂમ સુધી

૪. "રિચર્ડ! માય પ્રેશિયસ ફ્રેન્ડ..." સંબંધનું તૂટવું અને કરચનું ખૂંચવું... ફરી એક વાર ‘અજનબી' બનવાની કથા...

૫. નિર્ણય પછીનો અફસોસ કે અફસોસ પછીનો નિર્ણય?

૬. મુસોલીની, મન્ટો, મારિયા રિલ્કે, મહેજબીન, મેરેલીન, મધુબાલા અને મુમતાઝ... જુદા દેશ-કાળ છતાં જિંદગી એક જેવી કેમ?

૭. વરસાદી વાર્તાઓ વાંચી વાંચીને હવે ભીંજાવું એ તો આભાસ છે

૮. દ્રૌપદીનું મન ને સીતાનું તન: અર્બન સ્ત્રીનો સૌથી મોટો સવાલ

૯. પુરુષના માઈક્રોસ્કોપમાં સ્ત્રી

૧૦. કાયમ રહી ગયું છે મનનું બધું જ મનમાં કહેતા રહ્યા છે કાયમ- અક્ષર કશુંક બીજું

૧૧. લગ્ન વગરના સંબંધો વિશે ઊહાપોહ કરતા સમાજને સંબંધ વગરના લગ્ન સામે કોઈ – વાંધો નથી?

૧૨. આત્મહત્યા કે આત્માનો અવાજ...સમાજ અને સુખ વચ્ચેનો સવાલ

૧૩. ‘સેક્સ’ સાપ જેવો સુંવાળો, સરકતો અને એટલો જ ભય- જન્માવતો શબ્દ!

૧૪. બાળકને ‘સાચેસાચું’ કહેવું કે ‘સારું સારું’ કહેવું?

૧૫. લગ્નની વ્યવસ્થા અને ‘પ્રેમ’ની અવસ્થા કેમ કાયમ નથી રહેતી?

૧૬. કમાતી પત્ની એટલે એ.ટી.એમ.+ભોજ્યેષુ માતા+શયનેષુ રંભા+કાર્યષુ દાસી અને +++

૧૭. લગ્નેતર સંબંધમાં સ્ત્રી-પુરુષ વચ્ચે ‘સમભોગ’ હોય તો- ‘સમભાગ’ કેમ નહીં.

૧૮. માનસિક શાંતિની શોધમાં બીજાને અશાંતિ આપવાનોતમને – કોઈ અધિકાર છે?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

૧૯. સજાતીય સંબંધો:કાયદા અને બા-કાયદા!

૨૦. એક + એક = બે? એક? કે અડધું...

૨૧. તમને સૌથી વધારે ડર શેનો લાગે છે? તમારા મૃત્યુનો કે તમારા- સ્વજનના મૃત્યુનો?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સત્ય, સ્વમાન, સમાધાન અને સુખ... વ્યાખ્યાઓ સતત બદલાય છે?

આપણાં પુરાણોનાં ઘણાં પાત્રો વણજોયાં, વણઓળખ્યાં રહી ગયાં છે. મહાભારત જેવા ગ્રંથમાં એક પણ સંબંધ એવો નથી કે જેનો ઉલ્લેખ ન કરાયો હોય. દરેકે દરેક સંબંધના, દરેકે દરેક સમીકરણને ભગવાન વેદવ્યાસે એક વાર સ્પર્શવાનો પ્રયાસ કર્યો જ છે એ પણ તદ્દન ખુલ્લો અને હિંમતપૂર્વક...

સંભોગ ન થઈ શકવાના અભિશાપ પછી કુંતીને મળેલા વરદાનથી જન્મેલા પાંચ પુત્રો પાંડુના નથી... માંસના લોચામાંથી જન્મેલા સો કૌરવો ધૃતરાષ્ટ્રના પુત્રો નથી... વેદવ્યાસના નિયોગથી જન્મેલા ધૃતરાષ્ટ્ર અને પાંડુ સ્વયં પણ એમના પિતાનાં સંતાનો નથી...

આ વાતને આટલી ખૂલીને સ્પષ્ટ રીતે કહેનાર મહાભારતના સર્જકને સલામ કરવી પડે. એમણે સર્જેલા વિદુર, કર્ણ, શિખંડી અને યુયુત્સુ જેવા પાત્રો નવલકથા સાહિત્યનું ઉત્તમ નજરાણું કહી શકાય. આપણે મહાભારતને પુરાણ તરીકે સન્માન આપીએ એ એક વાત છે, પરંતુ મહાભારત એક અદ્વિતીય નવલકથા છે અને છતાં સંસ્કાર અને સભ્યતાની સરહદોને એમણે ક્યારેય ઓળંગી નથી.

એકતા કપૂરની અખંડ ચાલતી સિરિયલની જેમ પહેલી, બીજી, ત્રીજી, ચોથી પેઢીએ પણ આ નવલકથા એટલી જ રસપ્રદ બની રહે છે. સ્ત્રી પાત્રોને કેન્દ્રમાં રાખીને સર્જાતી ટેલિવિઝન સિરિયલની જેમ જ આ પુરાણોનાં પાત્રોમાં પણ સ્ત્રીઓ કેન્દ્રવર્તી છે, અને છતાં કૈકેયી કે મંથરાને જેમ કાળી ચિતરાઈ છે તેમ મહાભારતમાં એક પણ સ્ત્રી પાત્રને 'વેમ્પ' કે ખલનાયિકા ચિતરાઈ નથી. સ્ત્રીપાત્રોને ગ્રે શેડમાં ચિતરીને એક 'બૅનિફિટ ઑફ ડાઉટ' આપતા આ સર્જકો પાસેથી એકતા કપૂરે ઘણું શીખવા જેવું છે. સ્ત્રી ક્યારેય કાળી કે સફેદ નથી હોતી, એ ગ્રે હોય છે. ક્યારેક કાળાશ ભણી ઝૂકે છે તો ક્યારેક તદ્દન સફેદ થઈને આંખોને ચકાચોંધ કરી નાખે છે. સ્ત્રી સતત એક પ્રશ્નાર્થ ચિહ્ન બનીને કથાઓ, કવિતાઓ, ચિત્રો, નૃત્યો અને સંગીતમાં પ્રાણ પૂરતી રહી છે.

શેક્સપિયર, ટૉલ્સ્ટૉય જેવા સર્જકો પણ સ્ત્રી પાત્રો સર્જતી વખતે ભેદરેખાને સ્પષ્ટ કરવાનું ચૂકતા નથી. નતાશા હોય કે ડેસ્ડેબોના... એમના તદ્દન નિર્દોષ પ્રણયની સાથે ક્યાંક એક ગ્રે શેડ વણાયેલો રહ્યો છે.

ભારતીય પુરાણોના કેટલાંક પાત્રો અદ્વિતીય અને અનોખાં છે. મંદોદરી, ઊર્મિલા, અહલ્યા જેવાં અનેક પાત્રો રામાયણની કથામાં પણ સર્જાયાં છે. જમીનમાંથી જન્મેલી સીતા – વૈદેહી, જાનકીના પાત્રનું મહત્ત્વ એટલું છે કે આટલાં હજારો વર્ષ પછી પણ સ્ત્રીની શ્રેષ્ઠતાને સન્માનવા માટે એને 'સતી સીતા'નું બિરુદ અપાય છે.

સીતા રામને કહે છે, "ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ" (આવતે ભવે તમે જ મને પતિ તરીકે મળો) પતિના તમામ અન્યાયો સહીને એને વફાદાર રહેનાર અને એને જ સ્નેહ કરનાર એક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સ્ત્રીની સામે મહાભારતે અંબા – શિખંડીનું પાત્ર સજર્યું છે.

અંબાલિકા, અંબિકા અને અંબાને અપહરણ કરીને લઈ આવનાર ભીષ્મને શાલ્વ દ્વારા થયેલા અસ્વીકાર પછી પોતાની સાથે લગ્ન કરવા ફરજ પાડનાર અંબા આખરે કઠોર તપ કરે છે. ચિતા ખડકીને ભસ્મ થાય છે અને વરદાન માગે છે કે આવનારા જન્મમાં પોતે ભીષ્મના મૃત્યુનું કારણ બને.

તદ્દન વિરોધી બે પ્રણયકથાઓ આપણાં પુરાણોની દેન છે!

પતિ સાથે ૧૪ વર્ષનો વનવાસ ખેડનાર સીતાની સામે શાંત રહીને કોઈ ફરિયાદ વિના પ્રતીક્ષા કરનાર ઊર્મિલા છે... ચ્યવનઋષિને નવજીવન આપનાર સુકન્યા છે, તારામતીના નામે પણ ઓળખાતી શૈબ્યા હરિશચંદ્ર સાથે જીવનનાં તમામ દુઃખો સહન કરે છે, વામન અવતારને જન્મ આપનારી અદિતી, દેવોને બાળક બનાવી દેનાર સતી અનસુયા જેવા કેટલાંય પાત્રો આપણાં પુરાણોએ સજ્યાં છે.

આ પાત્રોની વિશેષતા એ છે કે એમની પાસે સત્ય, સ્વમાન, સમર્પણ અને સ્નેહની એક ફૉર્મ્યુલા છે. બધું જ સાચી માત્રામાં અને સાચી રીતે ગોઠવાય ત્યારે એક સાચું સમીકરણ બને છે. આજના સમયમાં આ સમીકરણો બદલાયાં છે. સ્ત્રીનું સ્વમાન અને સન્માન બંને હવે જુદી ભાષા બોલતાં થયાં છે.

પોતે ન કમાતી હોય એવી સ્ત્રીએ પોતાની તમામ જરૂરિયાત માટે પતિ પર આધારિત રહેવું પડે છે. આજથી એક દાયકા પહેલાની સ્ત્રીને આ પરિસ્થિતિ સામે કોઈ વિરોધ નહોતો, બલ્કે બહુ સ્વાભાવિકપણે સ્વીકારાયેલી આ પરિસ્થિતિએ સમાજવ્યવસ્થા અને કુટુંબવ્યવસ્થાને એક ચોક્કસ વ્યાખ્યા આપી હતી. આજના સમયમાં 'આર્થિક સ્વતંત્રતા'ના ફૂંકાયેલા વાયરાએ સ્ત્રીના સ્વમાન અને સન્માનની પરિભાષા બદલી નાખી છે.

સ્ત્રીના સમાનાધિકારના આંદોલનને અમેરિકામાં 'ફેમિનિઝમ' કહેવાય છે. જાહેરમાં બ્રા બાળવાથી શરૂ કરીને 'મારા શરીર પર મારા અધિકાર'ની વાત હવે સ્ત્રી કરે છે. સ્ત્રીનો વિચાર તદ્દન બદલાઈ ગયો છે. અમેરિકાની એક લેખિકા એફ. કેનેડીએ લખ્યું છે કે, "વેશ્યા તો એમનાં શરીરો ભાડે આપે છે, પરંતુ પત્ની બનતી સ્ત્રી લગ્ન સાથે જ એનું શરીર વેચી નાખે છે."

૧૯૭૦ના દાયકામાં આ ફેમિનિઝમ બહુ મોટી ચળવળ બની ગયું. અમેરિકાની પ્રેસક્લબમાં સ્ત્રીઓનો પ્રવેશ એ વખતે બંધ હતો, પરંતુ ૧૯૭૦માં પહેલી વાર એમને પ્રવેશ મળ્યો. ૧૯૭૧માં '૩૪૦ કૂતરીઓનો ઢંઢેરો' નામે પોતાની વાત ફ્રેન્ચ સ્ત્રીઓએ કહી. ૧૯૭૬ માં ફ્રાન્સની વેશ્યાઓએ હડતાળ પાડી અને ૧૯૭૭માં લગ્નમાં બળાત્કારને ગુનો ગણતો કાયદો ઘડાયો.

સીમોન દ બુવ્વાર નામની લેખિકાએ 'સેકન્ડ સેક્સ' નામનું પુસ્તક લખ્યું. જેમાં સ્ત્રીને બીજી સેક્સ ગણાવીને એના અપમાન અને અસ્તિત્વની કથા લખી.

ભારતીય સમાજ પશ્ચિમના જે અનુકરણની પાછળ દોડી રહ્યો છે એ સમાજ વિશે કોણ અને કેટલું જાણે છે એ સવાલ આજે બહુ અગત્યનો બની રહ્યો છે. જે પશ્ચિમના સમાજ પાસેથી આપણે ફેશનથી શરૂ કરીને કાયદા સુધી બધું જ ઉધાર લેતા રહ્યા છીએ એ સમાજમાં જીવતા સંબંધોના સમીકરણની કથાઓ આપણા સુધી પહોંચે છે ખરી?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પૅલેસમાં જીવતી ડાયના રસોઇયા સાથે સંબંધ રાખે છે અને પ્રિન્સને તલાક આપે છે. ઇંગ્લૅન્ડની રાષ્ટ્રીય રગ્બી ટીમનો કૅપ્ટન વીલ કાર્લિંગ પણ એનો પ્રેમી હતો. લંડનના વિખ્યાત સ્ટોર્સ 'હેરોડ્ઝ'નો માલિક ડોડી ફયાદ પણ એનો પ્રેમી હતો જેની સાથે આબરે એ મૃત્યુને ભેટી. પાપારાઝી તસવીરકારોથી સતત ભાગતી રહેતી ડાયના કઈ સ્વતંત્રતાને નામે શહીદ થઈ એ સવાલ 'સ્ત્રી સ્વાતંત્ર્ય'ના હિમાયતીઓને પૂછવા જેવો છે.

લોર્ડ માઉન્ટ બેટનની પૌત્રી ઇન્ડિયા બોસ્ટનમાંથી ફોટોગ્રાફી ભણી છે. ન્યૂ યૉર્કમાં રહે છે અને દુ:ખી લગ્નજીવન જીવી રહી છે. ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફિડેલ રામોસની પત્ની એમીલિટા પિયાનોવાદક છે. ગ્રીસના રાષ્ટ્રપતિ એન્દ્રિયાસ પેપેન્દ્રુ ૭૬ વર્ષની ઉંમરે દીમિત્રા અથવા મીમીને પરણ્યા ત્યારે મીમીની ઉંમર ૪૦ વર્ષની હતી. એના નગ્ન ફોટાઓ બજારમાં વેચાતા હતા, મીમીએ એક વાર જવાબ આપ્યો હતો કે, "હું મારા શરીર સાથે જે કરવું હોય તે કરું. રાષ્ટ્રપતિની પત્ની હોવાને કારણે મારે મારી જિંદગી ન જીવવી? હું રાજકારણની વિદ્યાર્થિની છું અને પેપેન્દ્રુ પાસે ભણી રહી છું." આંધ્રના એન. ટી. રામારાવ અને એની પત્ની શિવા પાર્વતી વચ્ચે પણ આ જ પ્રકારના ઝઘડા થયાની યાદ તાજી થાય છે. પેટ્રોલ સમ્રાટ હાવર્ડ માર્શલ લગભગ ૬૦૦ મિલિયન ડૉલરની સંપત્તિ આપીને મૃત્યુ પામ્યા ત્યારે એની પત્નીની ઉંમર ૨૭ વર્ષની હતી. એક મૉડલ અને અભિનેત્રી નિકૉલ કિડમેન 'પ્લેબૉય'માં આટલી બધી સંપત્તિની માલિક હોવા છતાં અર્ધનગ્ન ફોટા છપાવતી. જેક્વેલીન કૅનેડી અને ઓનેસીસ વિશે હવે ભાગ્યે જ કોઈ નહીં જાણતું હોય. બિરલાની સંપત્તિને ફના-ફાતિયા કરી નાખનાર એક સ્ત્રી જ છે. જેણે પોતાની સંપત્તિનો યથેચ્છ વહીવટ કરીને વારસદારોને દોડતા કરી નાખ્યા છે.

સ્ત્રી માટે હવે 'સ્વમાન' એક એવો શબ્દ થઈ ગયો છે જેનો ઉપયોગ એ ક્યાંય પણ અને ગમે તેટલો કરી શકે છે. એની જ સામે આ શબ્દને એ ફાવે તેટલો તોડી-મરોડી-મચકોડીને નાનો કે મોટો બનાવી શકે છે.

બદલાતા જતા કાયદાઓએ સ્ત્રીને એક અજબ જેવી બિનજરૂરી સ્વચ્છંદતા આપી છે. સ્ત્રીના રક્ષણ અને સન્માન માટે બનાવાયેલા આ કાયદાઓને ઢાલ અને હથિયાર બનાવીને સ્ત્રીઓ લડી રહી છે. દરેક વખતે આ કાયદાનો ઉપયોગ સાચો જ થાય છે એવું કાયદાનો અમલ કરાવનારાઓ પણ છાતી ઠોકીને કહી શકતા નથી.

આજે તલ્લાકના આંકડા મુસ્લિમ સમાજમાં અને ડિવોર્સના આંકડા ભારતીય સમાજમાં પચાસ ટકાને આંબવાની તૈયારીમાં છે. યુરોપીય દેશો અને અમેરિકામાં પચાસ ટકા સુધી પહોંચી ગયા છે. ૧૯૨૦માં ઇંગ્લૅન્ડમાં ભરણપોષણનો કાનૂન, ૧૯૨૨માં ત્યક્તા પરિણીતાને પૈસા આપવાનો અને પતિ-પત્નીને એકબીજાની સંપત્તિના વારસદાર ઠરાવાનો કાયદો બન્યો. ૧૯૨૫માં પુરુષનું ઇન્શ્યોરન્સ વિધવાઓને સાપ્તાહિક પેન્શન તરીકે મળે એનો કાયદો દાખલ કરવામાં આવ્યો. ૧૯૪૪માં લગ્ન પછી નોકરી ચાલુ રાખવાનો અધિકાર અને ૧૯૫૩માં સ્ત્રીપુરુષના સમાન પગારનો સિદ્ધાંત અમલમાં આવ્યો. ૧૯૬૪માં મેરિડ વીમેન પ્રોપર્ટી એક્ટ અને ઍમ્પ્લૉયમેન્ટ પ્રોટેક્શન એક્ટ અમલમાં આવ્યો. ૧૯૯૦માં સ્ત્રી માટે અલગ ઇન્કમટેક્સ અને ૧૯૯૧માં ચાઈલ્ડ સપોર્ટ એક્ટ અમલમાં આવ્યો...

આજે આપણે જ્યાં ઊભા છીએ ત્યાં પશ્ચિમમાંથી ઉધાર લેવાયેલા કાયદા છે... સાથે એટલો જ ઉધાર લેવાયેલો એનો અમલ છે. કાયદા સંરક્ષણ માટે છે. 'અબળા' ગણાતી સ્ત્રીને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'પતિ' અથવા 'પુરુષ' નામના પ્રાણીથી બચાવા માટે બાંધવામાં આવેલી દીવાલ છે. પરંતુ, હવે જે પરિસ્થિતિ ઊભી થઈ રહી છે તે જોતાં સમજાય છે કે 'સમાન' કે 'સમોવડી' જેવા શબ્દો વાપરવાને બદલે સ્ત્રીને 'સહકાર્યકર' અથવા સાથી જેવા શબ્દોથી સંબોધવી જોઈએ.

જે સ્ત્રીને આપણે સંરક્ષણ આપવાનો પ્રયાસ કરીએ છીએ તે સ્ત્રીએ એ જ કાયદાને હથિયાર બનાવીને વીંઝવા માંડ્યું છે. દરેક પ્રસંગે સ્ત્રી સાચી જ છે એવું માનીને વર્તવાને બદલે ફરિયાદની ઊંડી તપાસ થવી જરૂરી બનતી જાય છે. સાસુ-સસરાને કે પતિને ધમકી આપવા માટે આ કાયદા બનાવવામાં આવ્યા નથી એટલું તો કાયદા બનાવનારા પણ સ્વીકારે છે. સ્ત્રીને મળતા અધિકારો, એનું સન્માન અતૂટ રાખવા માટે, એણે સમાધાન ન કરવા પડે તે માટે એ સત્ય સાથે જીવી શકે તે માટે બનાવવામાં આવ્યા છે.

આજે બદલાતા જતા સમાજની બુનિયાદ બહુ જ ધીમે પરંતુ ધ્રુજી રહી છે ત્યારે સ્ત્રી સમાનતાના હિમાયતીઓને એક સવાલ પૂછવાની જરૂર ઊભી થઈ છે. રંગભેદની જેમ જાતિભેદ ગુનો છે, સ્ત્રીભ્રૂણ હત્યા ગુનો છે, સ્ત્રી ઉપર માનસિક અને શારીરિક અત્યાચાર ગુનો છે, સ્ત્રીની સંપત્તિ ઝૂંટવી લેવી કે પડાવી લેવી ગુનો છે... એને રક્ષણ આપવું, એનું સન્માન કરવું, એની જવાબદારી લેવી ફરજ છે તો આ જાતિભેદ શા માટે?

પુરુષ ઉપરનો અત્યાચાર ગુનો નથી? ઝઘડા કરીને – ડિવોર્સ આપીને જીવનભર કમાયેલી એની મૂડી અને ઘર પડાવી લેવા એ ગુનો નથી? એનાં માતા-પિતાને ધમકી આપી માનસિક અત્યાચાર કરવો એ ગુનો નથી? પતિ કે પુરુષનું સન્માન કરવું, એના કુટુંબની જવાબદારી લેવી એ ફરજ નથી?

દરેક સમાજમાં ત્રણ પ્રકારનાં સત્યો પ્રવર્તે છે. એક, અંગત સત્ય – પર્સનલ ટ્રૂથ, બીજું, જાતિવિષયક સત્ય, જેન્ડર ટ્રૂથ અને ત્રીજું, હ્યુમન ટ્રૂથ – માણસાઈનું સત્ય.

તમે આ ત્રણમાંથી કયા સત્યને માનો છો?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મેરી જિંદગી કિસી ઓર કી, મેરે નામ કા કોઈ ઓર હૈ... સરે આઈના મેરા અક્સ હૈ, પશે આઈના કોઈ ઓર હૈ!

ટેલિવિઝનનો કેબલ વાયર રિપેર કરવા આવનાર એક સીધોસાદો માણસ, જેની સાથે આપણે ભાગ્યે જ વાત કરીએ છીએ... કઈ ચેનલ નથી આવતી અથવા ટીવી જોવામાં શું તકલીફ પડે છે એ સિવાય જેની સાથે કોઈ સંવાદ જ નથી થતો એવો માણસ અચાનક તમારી સાથે ફિલૉસૉફીની વાત કરવા માંડે તો?

એક દિવસ અચાનક એ તમને કહે કે, "આ જિંદગી તો ડ્રામા છે, આપણે બધા એક નાટક ભજવીએ છીએ. આજે જે તમારી પત્ની છે એ તમારા મૃત્યુ પછી તમારા આત્માને ઓળખી પણ નહીં શકે. આજે તમારું સંતાન તમને પપ્પા-ડેડી કે બાપુ કહે છે, પણ જ્યારે તમારું શરીર નહીં રહે ત્યારે તમને કોઈ ઓળખી નહીં શકે. ત્યારે આપણને અચાનક જ માણસની અંદર રહેલા 'માણસ'નો પરિચય થાય છે!"

ક્યારેક નહીં કલ્પેલી વ્યક્તિઓ તમને કશુંક એવું કહી જાય છે કે જે જીવનમાં તમે કદીયે વિચાર્યું ન હોય! વિચારો ત્યારે તમને સમજાય, કે અકસ્માતે ભેગા મળેલા બે લોકો એકબીજાની સાથે થોડો સમય ગાળે છે, થોડું સાથે જીવે છે અને પછી છૂટા પડીને પોતપોતાની દિશામાં આગળ જતા રહે છે. એને જ જિંદગી કહેવાય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે કયા ઘરમાં, કયા ધર્મમાં, કયાં માતાપિતાને ત્યાં જન્મ લેવો એ તમે નક્કી નથી કરી શકતા. તમારું નામ શું હશે એની પણ તમને ખબર નથી હોતી... તમારી જિંદગીમાં જેની દરેક ડગલે તમને જરૂર પડે છે એવો તમારો ચહેરો, તમારું નામ, તમારું સરનામું અને જેનાથી તમે ઓળખાવ છો તેમાંનું કશું જ પસંદ કરવાનો તમને અધિકાર નથી.

આપણે કઈ વાત ઉપર આટલો બધો અહંકાર કરીએ છીએ, એ સવાલ દરેક વ્યક્તિએ પોતાની જાતને પૂછવો જોઈએ.

દરેક માણસ જે જે વાતને પોતાની ઓળખાણ તરીકે, પોતાની સિદ્ધિઓ તરીકે, પોતાના સંબંધ તરીકે ઓળખે છે તે બધી જ વાતો એ સાથે લાવ્યો નથી અને એણે અહીં જ મૂકીને ચાલ્યા જવાનું છે... છતાં, કેટલી આશ્ચર્યની વાત છે કે માણસ એને માટે જ જીવે છે! એવી રીતે વર્તે છે જાણે એ જ એના અસ્તિત્વનું સત્ય હોય.

દાદુ દયાલ જેમનો સમય ઈ.સ. ૧૫૪૪ની આસપાસનો માનવામાં આવે છે. તેમના જન્મસ્થાન વિશે વિદ્વાનોમાં જુદા જુદા મત પ્રવર્તે છે. દાદુપંથી લોકોનું માનવું છે કે તેઓ અમદાવાદની નજીક સાબરમતી નદીમાંથી મળી આવ્યા હતા. રૂ પીંજવાનું કામ કરતી પીંજારા જાતિમાં એમનો ઉછેર થયો. એમણ સંબંધો વિશે એક બહુ સુંદર દોહો કહ્યો છે,

"દાદુ કુલ હમારે કેસવા, સગાત સિરજનહાર ।
જાતિ હમારી જગતગુરુ, પરમેશ્વર પરિવાર ॥

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દાદુ એક સગા સંસારમેં, જિન હમ સિરજે સોઈ ।
મનસા વાચા ક્રમનાં, ઔર ન દૂજા કોઈ ॥”

અમારું કુળ કેશવ છે અને સર્જનહાર અમારો સગો છે. અમારી ન્યાત જગતગુરુની છે અને પરિવારમાં પરમેશ્વર છે. કબીરનો સમય ઈ.સ. ૧૪૦૦નો માનવામાં આવે છે. નહાવા ગયેલી વણકર સ્ત્રીને મળી આવેલું બાળક એટલે કબીર. કાઝીએ કુરાન શરીફ ખોલીને એક શબ્દ પર આંગળી મૂકી અને એ શબ્દ હતો કબીર, અરબીમાં કબીરનો અર્થ થાય છે ‘મહાન’. કબીરે એક દોહામાં પોતાના વિશે કહ્યું છે કે – “કબીરા તુ હી કબીરુ તું તોરે નામ કબીર, રામરતન તબ પાઈયે જબ પહેલે તજ શરીર.” (તું મહાન છે. તું એ જ છે, તારું નામ કબીર છે. શરીરના ત્યાગ પછી જ રામરતન પામી શકીશ.)

ગાલિબ નાસ્તિક હતા એમ માનવામાં આવે છે. એમને મસ્જિદ જવા માટે એમનાં પત્ની વારંવાર સમજાવતાં, પરંતુ એ હંમેશા મસ્જિદ જવાનું ટાળતા. એ કહેતા કે, “મારો અને ખુદાનો ઝઘડો ચાલે છે!” જે માણસ પોતાને નાસ્તિક તરીકે ઓળખાવતા એણે ખુદા સાથે ઝઘડો કરવા માટે ખુદાનું અસ્તિત્વ તો સ્વીકાર્યું હતું, પરંતુ ખુદાની સામે ઝૂકતા પહેલાં એમને એ ખુદાના સર્વોપરીપણની સાબિતી જોઈતી હતી.... એક શેર જેને માટે ગાલિબને સલામ કરવી પડે તે શેરમાં એમણે કહ્યું છે કે -

“ન થા મૈં, તો ખુદા થા, કુછ ન હોતા તો ખુદા હોતા ડુબોયા મુઝકો હોને ને, ન હોતા મૈં તો ક્યા હોતા?”

આપણને સૌને લાગે છે કે આપણા મૃત્યુ પછી બધું તહસનહસ થઈ જશે, આ જગત અટવાઈ જશે!

સંતાનો માટેની વ્યવસ્થા, મકાન, દુકાન, રોકડા રૂપિયા આપણે ભેગા કરવાનો પ્રયાસ કરીએ છીએ, પણ એવું નથી વિચારતા કે આ બધું જ રહેશે અથવા એના હાથમાં પહોંચશે જ એવું કોઈ વચન આપણી પાસે નથી. આપણે સંતાનો માટે, સંતાનોનાં સંતાનો માટે, આવનારી પેઢીઓના વિચાર કરતા આ પળને ગુમાવતા રહીએ છીએ.

ગુજરી ગયેલા – જીવીને ચાલી ગયેલા વ્યક્તિને પણ માફ કરતા આપણને તકલીફ પડે છે. જીવતી વ્યક્તિઓ સાથે આપણને મનદુ:ખ છે અને આવનારી પેઢી વિશે આપણે જાણતા નથી તો આપણે કયા કાળમાં જીવી રહ્યા છીએ એવો સવાલ આપણે આપણી જાતને પૂછવો રહ્યો.

આ જન્મ-મૃત્યુનું રહસ્ય આપણે જાણતા નથી. આપણે જે જાણીએ છીએ એ આપણા શ્વાસ છે, આપણું અસ્તિત્વ છે, આપણું શરીર અને આપણો ચહેરો છે.

વિશ્વની શુક્લ અને કૃષ્ણ એવી બે ગતિ છે એમ પુરાણોમાં કહ્યું છે. પ્રકાશ અને અંધકારની આ રમત આપણી સારાઈમાં અને બૂરાઈમાં, સફળતામાં અને અસફળતામાં, સંકલ્પમાં અને સિદ્ધિમાં, શ્વાસમાં અને ઉચ્છ્વાસમાં પણ ચાલે છે. આ બેની વચ્ચેની ભેદરેખા એટલી તો સૂક્ષ્મ છે કે આપણે ક્યારેય એકમાંથી બીજામાં સરી જઈએ છીએ એની આપણને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ખબર રહેતી નથી.

તૈતરિય બ્રાહ્મણ નામના ગ્રંથમાં પરમાત્માના પ્રાગટ્ય માટેનાં ત્રણ મુખ્ય ક્ષેત્રો ગણાવ્યાં છે. અધિભૌતિક, અધિદૈવિક અને આધ્યાત્મિક કહ્યા છે. આ ત્રણ ક્ષેત્રો એટલે આત્માના વાઙ્મય, પ્રાણમય અને મનોમય. આ ત્રણ સ્વરૂપો એકબીજાથી ભિન્ન છે છતાં એકબીજા સાથે અભિન્ન રીતે સંકળાયેલાં છે. અવારનવાર આ ત્રણેયનો પ્રભાવ એકબીજા પર વત્તો-ઓછો હોય છે. જેનો પ્રભાવ વધારે એવી માણસની પ્રકૃતિ બને છે એમ પુરાણો કહે છે.

અમેરિકાના મેરિલેન્ડ રાજ્યમાં 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅન્ટલ હેલ્થ' નામની સંસ્થાના અધ્યક્ષ ડૉ. પોલ મેકલિને માણસના મગજને ત્રણ ભાગમાં વહેંચ્યું છે. ઓલ્ડ બ્રેઇન, મીડ બ્રેઇન અને નિયો કોરટ્રેક્ટ આ ત્રણ મગજ વચ્ચેનું કો ઓર્ડિનેશન અથવા કાર્યકારણ સંબંધ શાંતિપૂર્ણ નથી હોતું.

ઓલ્ડ બ્રેઇન માણસના ભૂતકાળને સંઘરે છે. એ મગજ આવેગ ઊર્મિ કે ભૂતકાળના પ્રસંગો ઉપર આધારિત અનુભવોને વશ થઈને કામ કરે છે. જ્યારે નિયો કોરટ્રેક્ટ માણસને ભાષા, તર્ક, બુદ્ધિ, દલીલ આપે છે. સાદી ભાષામાં કહીએ તો બુદ્ધિ અને ઊર્મિ વચ્ચે સતત ઝઘડો ચાલે છે. માણસે પોતાના અનુભવને આધારે વર્તવું કે માણસે પોતાના તર્ક અને બુદ્ધિને કામે લગાડી નવી દિશામાં, નવા પ્રકારના જીવનનો વિચાર કરવો, આ બે વિશે માણસના પોતાના જ મનમાં સાવ જુદી જ માન્યતા પ્રવર્તે છે.

સવાલ એ છે કે માણસને શું જોઈએ છે? ખરેખર જો તમે 'સુખી' થવા માગો છો તો એક સાદી વાત સમજી લેવી અનિવાર્ય છે...

'જીવન અહીં આ પળે છે. ગઈ તે પળ તે તમારા હાથમાં પાછી આવવાની નથી અને આવનારી પળ ઉપર તમારો કોઈ કાબૂ નથી.'

તમારા ગમે તેટલાં આયોજનો પછી પણ તમે બનનારી ઘટનાને રોકી કે બદલી શકતા નથી... તમે ગમે તેટલો પ્રયાસ કરો, તમારા ભૂતકાળમાં જઈને એક પણ પ્રસંગ જુદી રીતે જીવી શકતા નથી... તો પછી આ ધમપછાડા, આ ફાંફાં, આ સવાલો, આ ગમા-અણગમા, આ ફરિયાદો શેના માટે છે?

'સ્ટ્રેઇન્જ લાઇફ ઑફ ઇવાન ઓસોકીન' નામના એક પુસ્તકમાં પી. ડી. ઑસ્પેન્સ્કીએ એક બહુ અજબ જેવી વાત કરી છે. ૧૯૧૫માં પ્રગટ થયેલાં આ પુસ્તકમાં ઓસોકીન નામનો એક યુવક માને છે કે એની જિંદગી વેડફાઈ ગઈ છે. એ જાદુગર પાસે જાય છે અને પોતાની જિંદગીને રિવાઇન્ડ કરવાની વિનંતી કરે છે. જાદુગર એની જિંદગી રિવાઇન્ડ કરી આપે છે અને એ જિંદગી જીવતા જીવતા ઓસોકીન જ્યારે પાછો એ જ જગ્યાએ પહોંચે છે ત્યારે એને સમજાય છે કે એ તો એમ જ જીવ્યો! એ પોતાની જાતને ફરી એક વાર એ જ રસ્તે ચાલીને, એ જ ભૂલો કરીને જાદુગરને વિનંતી કરતો જુએ છે અને એને સમજાય છે કે જિંદગીમાં કશું જ બદલી શકાતું નથી!

તમે કોણ છો? તમે શેના માટે જવાબદાર છો? તમે ખરેખર શું કરી શકો એમ છો? આવા સવાલો તમને કદાચ તમારા હોવાનો સાચો અર્થ શોધી આપે એમ બને, પરંતુ આ સવાલોને તમે અરીસામાં ઊભા રહીને પૂછો છો ત્યારે સામે દેખાતું પ્રતિબિંબ અને આ તરફ ઊભો રહેલો માણસ બે જુદા પડી જાય છે. સામેનું પ્રતિબિંબ તમારો અહમ્ છે – અને આ તરફ ઊભેલો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માણસ એક સાક્ષાત પામરતાનું, એક તદ્દન નિરાધાર અસ્તિત્વનું પ્રતીક છે...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ચૂમી, ચુંબન, કિસ – સ્મૂચ... બગીચા, બેન્ચ, બાઈકથી બેડરૂમ સુધી...

“એક ત્વચા બીજી ત્વચાને સ્પર્શે, વાળ બીજા વાળને અને પરમ શાંતિનો અનુભવ થાય... એટલે શું?”

આનો સીધો જવાબ આપણે સેક્સ સાથે જોડી દઈએ છીએ, પરંતુ ખરેખર આ આંખનાં બે પોપચાં મીંચવાની વાત છે. ઉપરની સપાટીની ત્વચા નીચેની સપાટીને અડકે, એક પાંપણના વાળ બીજી પાંપણના વાળને અડકે, આંખો મીંચાય અને પરમ શાંતિનો અનુભવ થાય!

“એવી કઈ વસ્તુ છે જે મોઢામાં જાય ત્યારે સખત (હાર્ડ) અને પિંક હોય છે... અને બહાર નીકળે ત્યારે બેસ્વાદ અને તદ્દન ઢીલી...” આપણે ચ્યુઇંગગમની વાત કરીએ છીએ! તમે શું વિચાર્યું?

“ગઈ કાલે મારા ઘરનો બેલ વાગ્યો અને મેં બારણું ખોલ્યું ત્યારે એક તદ્દન નગ્ન છોકરો મારા દરવાજે ઊભો હતો. મેં એને અંદર લીધો અને ચુંબન કર્યું.” આ વાક્ય વાંચીને તમને શો વિચાર આવે છે? છોકરાની ઉંમર બે વર્ષની હોઈ શકે એવો વિચાર આવે છે ખરો?

શરીર ઉપર ઢાંકી રાખેલા સભ્યતાનાં આવરણોએ આપણા વિચારવાની દિશાને વન-વે ટનલમાં ઢાળી દીધી છે. આપણે જ્યારે પણ સેક્સનો વિચાર કરીએ ત્યારે એ સાવ સંતાયેલો, છુપાયેલો, કોઈને ખબર ન પડે તેવો વિચાર હોવો જોઈએ એવું આપણને સાવ બાળપણથી વગર શીખવ્યે શીખવવામાં આવે છે.

જે આપણા અસ્તિત્વનું કારણ છે એને જ આપણે એક તિરસ્કારવા જેવી બાબત બનાવીને આપણા અસ્તિત્વને જ તિરસ્કારતા થઈ ગયા છીએ.

પશ્ચિમના સમાજમાં સ્ત્રી-પુરુષનું ભેટવું કે એકબીજાને ચૂમવું બહુ ઊહાપોહ જગાડનારી બાબત નથી, બલકે બે મિત્રો એકબીજાને હોઠ પર ચૂમે તો એમાં કોઈ મોટી ઘટના બનતી નથી. ભારતીય સમાજમાં એકબીજાને પ્રેમ કરતા બે લોકો માત્ર પ્રસિદ્ધ વ્યક્તિ હોવાને કારણે એમના અંગત સમયમાં ગાળેલી અંગત પળોને પણ પોતાની રાખી શકતા નથી. સવારના પહોરમાં જેને ઘરનું નાનું બાળક પણ જુએ એવા અખબારના મુખપૃષ્ઠ ઉપર ચુંબનના એક સામટા ચાર-છ ફોટા છપાય છે...

એ ચુંબન જોઈને પુછાયેલા સવાલના જવાબ માતાપિતા સાચા અને સ્પષ્ટ રીતે આપવાને બદલે વાત ઉઠાવે છે અથવા અખબાર સંતાડે છે.

પશ્ચિમના સમાજમાં સ્ત્રી શરીર વિશે બહુ કુતૂહલ નથી રહેતું. એનું એક મુખ્ય કારણ એ છે કે બાળક ઘણું મોટું થાય ત્યાં સુધી પોતાની માના અર્ધનગ્ન કે નગ્ન શરીરને સ્વાભાવિકતાથી જોતું હોય છે.

વાત બેશરમીની નથી, વાત સ્વાભાવિકતાની છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શરીર ઉઘાડું કરીને, સ્તનો હલાવીને, સિનેમાના પડદે નાચતી નટીઓને તો તમારું બાળક જોઈ શકે છે, પણ તમને કપડાં બદલતાં જોઈ શકતું નથી. સરવાળે એ શીખે છે કે સ્ત્રીનું શરીર સંતાડવાની અથવા પ્રદર્શન કરવાની વસ્તુ છે, સન્માન આપવાની વસ્તુ નથી! આમાં તમારી દીકરી કે દીકરાનો ભેદ પણ રહેતો નથી.

સ્વાભાવિક રીતે પતિને ચૂમવાની પ્રક્રિયા પશ્ચિમના દેશોમાં સંતાનની નજરે પડતી હોય છે. 'કિસ કે ચુંબન' કોઈ ખળભળાવી મૂકનારી ઘટના નથી એટલે 'પ્રથમ ચુંબન'ને ભારતીય કવિઓ ગમે તેટલું રોમેન્ટિક ચીતરે, પરંતુ આખરે એનું મહત્ત્વ કુતૂહલથી દોરવાયેલા એક અનુભવ સુધી પહોંચીને રહી જાય છે.

ભારતીય સભ્યતા માણસને ખૂલીને એની ઇચ્છા કે આકાંક્ષા વિશે વાત કરવા દેતી નથી. એક ફ્રેન્ચ કહેવત છે કે, "વિશ્વમાં ત્રણ જાતિઓ છે: સ્ત્રી, પુરુષ અને ધર્મગુરુ!"

આપણે જ્યારે માણસની અંદર રહેલી ઇચ્છા કે ઝંખનાની વાત કરીએ ત્યારે દરેક વખતે એક સવાલ ઊઠે છે કે ખરેખર એને જોઈએ છે શું? ભૂખ, ભય અને નિદ્રાની જેમ શરીરની જરૂરિયાતો પણ માણસની આદિમ જરૂરિયાતો છે. એને ઢાંકીને, ઢબૂળીને ગમે તેટલું અટકાવવા છતાં પણ એની જરૂરિયાત છે અને રહેવાની છે.

મેક્સમુલરે કહ્યું છે કે, "ઇતિહાસ એ માણસના મનમાં ઊગેલી અને આથમી ગયેલી ઝંખનાઓની કથા છે." તો ટૉલ્સ્ટૉયે કહેલું કે, "ઇતિહાસ એટલે માનવજાતનું અચેતન મનથી જિવાયેલું એક આખું પેરેલલ – સમાંતર જીવન."

બાઇબલ મુજબ આખીયે માનવજાતનો જન્મ જ આદમ અને ઇવના 'પાપ'માંથી થયો છે. ઇવ માતા બની એનો મહિમા સાવ અવગણી નાખવામાં આવ્યો.

ભારતીય સમાજે ક્યારેય સેક્સને નીચી નજરે કે ઓછી નજરે નથી જોયું. ભર્તૃહરિનું 'શૃંગારશતક' કે વાત્સાયનનું 'કામસૂત્ર' ભારતીય સાહિત્યમાં ઓછા મહત્ત્વના નથી.

કાકાસાહેબ કાલેલકર કહે છે કે, "ભર્તૃહરિના શૃંગારશતક – નીતિશતક અને વૈરાગ્ય શતકના ત્રણસો શ્લોકોમાં ભારતીય સંસ્કૃતિનો પરિચય મળી રહે છે."

મહાકવિ કાલિદાસના સમય વિશે ઈ.સ. પૂર્વે પહેલી સદીથી શરૂ કરીને ઈ.સ.ની ૧૧મી સદી સુધીના જુદા જુદા મતો પ્રવર્તે છે, પરંતુ એમના લેખન વિશે ક્યારેય બે મત નથી. એમની કૃતિઓમાં ઋતુસંહાર, અભિજ્ઞાન શાકુંતલ અને મેઘદૂતનો સમાવેશ થાય છે. જેમાં એમણે ભરપૂર શૃંગારનાં વર્ણન કર્યાં છે.

પોતાની પત્નીનું વર્ણન કરતા યક્ષ વરસાદના વાદળને કહે છે:

તન્વી શ્યામા, શિખરીદશના પક્વબિંબાધરોષ્ટિ
મધ્યેક્ષામા ચકિતહરિણીપ્રેક્ષણા નિમ્ননાભિહી
શ્રોક્ષીભારા દલસગમના સ્તોકનમ્રા સ્તનાભ્યાં
યા યત્ર સ્યાધ્યુ વતીવિષયે સૃષ્ટિરાદ્યૈવ ધાતુ:

જે પાતળી છે, શ્યામ છે, ચકિતમૃગ જેવા જેના નેત્ર છે, ઊંડી નાભી, પાકા બિંબ જેવા હોઠ અને તીક્ષ્ણ દાંત છે, પોતાનાં જ સ્તનોના વજનથી એ સહેજ ઝૂકેલી છે અને ભારે પૃષ્ઠભાગને કારણે મૃદુગતિએ ચાલે છે...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઈ.સ. પૂર્વે જો એક સ્ત્રીના વર્ણનમાં આટલી સ્વભાવિકતા હોઈ શકે તો આજના સમયની મલ્લિકા શેરાવતનાં પારદર્શક વસ્ત્રો વિશે કોર્ટમાં જવાની ભારતીય સમાજને શું જરૂર પડે છે એ હજી સમજી શકાતું નથી.

મહાકવિ ભાસ, મહાકવિ અશ્વઘોષ, "મૃચ્છકટિક" લખીને વસંત સેનાને અમર કરી નાખનાર મહાકવિ શુદ્રક, મહાકવિ બાણ, જગન્નાથ, માઘ અને ભવભૂતિનાં તમામ સર્જનોમાં બહુ સ્વાભાવિક રીતે સ્ત્રીનું વર્ણન કરવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી સૌંદર્ય વિશેનો છોછ ક્યારેય નહોતો. માત્ર કન્ચુકી પહેરતી પુરાણકાળની સ્ત્રીઓનાં ચિત્રો આપણે આજે પણ સ્વાભાવિકતાથી દોરીએ છીએ અને નિહાળીએ છીએ.

સવાલ આવે છે ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓના છોછનો...

મહાન માનસશાસ્ત્રી સિગ્મન્ડ ફ્રોઇડે જીવનભર અભ્યાસ કર્યા પછી લખ્યું કે "સ્ત્રીને જીવનમાં શું જોઈએ છે એ હું સમજી શક્યો નથી."

શેક્સપિયરે લખ્યું છે કે, "વીમેન! વીમેન! વૉટ ડૂ ધે વોન્ટ"

બિન્દુ ભટ્ટની 'મીરાં યાજ્ઞિકની ડાયરી' કે હિમાંશી શેલતની 'આઠમો રંગ' – જે વિખ્યાત ચિત્રકાર અમ્રિતા શેરગીલના જીવન પર લખાઈ છે. તેમાં લેસ્બીઅન – સજાતીય સંબંધોનું સ્વાભાવિક રીતે વર્ણન કરવામાં આવ્યું છે. દીપા મહેતાની ફિલ્મ 'ફાયર'માં દેરાણી-જેઠાણીના સંબંધોની વાત છે.

મેલીસા પેનેરેલો એક ઇટાલિયન લેખિકા છે. એણે એનું પ્રથમ પુસ્તક લખ્યું 'વન હન્ડ્રેડ સ્ટ્રોક્સ ઑફ ધ હેરબ્રશ બીફોર ગોઇંન્ગ ટુ સ્લીપ' એક છોકરીની ૧૪ થી ૧૮ વર્ષની સેક્સલાઈફ વિશે આ પુસ્તકમાં લખાયું છે. લંડન ટાઈમ્સે એના રિવ્યુમાં લખેલું, "લેસ્બીયાનિઝમ, ફોન સેક્સ, ઇન્ટરનેટ સેક્સ, ગ્રૂપ સેક્સ, એનલસેક્સ (અપ્રાકૃતિક) પરિણીતો સાથે સ્વપીડન દ્વારા ઉજવાયેલું સેક્સ અને બીજું ઘણું બધું આ પુસ્તકમાં છે. આંખે પાટા બાંધીને ભોગવવામાં આવતા ગ્રૂપ સેક્સની આમાં વાત છે. "લેખક મેલેસા પેનેરેલોએ પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, "આ પુસ્તક અશ્લીલ (પોર્નોગ્રાફિક) નથી માત્ર ઉત્તેજક (એરોટિક) છે."

'મારા સુખ પર મારો અધિકાર, મારા શરીર પર મારો અધિકાર' આજની સ્ત્રીની દૃઢ માન્યતા છે.

ગઈ કાલ સુધી જે સ્ત્રી પોતાના પતિ સામે જોતા પણ શરમાતી હતી એ સ્ત્રી આજે મોજથી હાથમાં હાથ નાખીને ફરે છે. સેક્સ વિશે સ્વાભાવિક રીતે વાત કરી શકે છે, પરંતુ ચુંબન કરતી નથી.

પશ્ચિમની અસરમાં ભારતીય સ્ત્રીઓ કારકિર્દી બનાવતી, કમાતી, પોતાનો પતિ જાતે પસંદ કરતી, સંતાનનો સમય નક્કી કરની તો થઈ ગઈ છે, પરંતુ જાહેરમાં ચુંબન એ ભારતીય કાયદા અને સભ્યતાની વિરુદ્ધ છે.

બેન્ચ, બાંકડા અને બાઈક પર ઊંધાં બેઠેલાં યુવાનયુગલોને જોતા એક સવાલ દરેક વખતે મનમાં ઉદ્ભવે છે.

"આપણા યુવાનોને આપણે આપણી સભ્યતા શીખવવા માટે વેલેન્ટાઈન-ડેના કાર્ડની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શોપમાં કેમ તોડફોડ કરવી પડે છે?"

"શારીરિક સંબંધો કે સેક્સ વિશે આપણા યુવામાનસમાં આપણે સન્માન કેમ જન્માવી શકતા નથી?"

"બળાત્કારનો ભય – છેતરાવાનો ભય કે ડેટરૅપની દવાઓ યુવાન દીકરીઓની માતાઓની ઊંઘ કેમ ઉડાડે છે?"

"આપણો જુવાન દીકરો પોર્નમૅગેઝિન કે પોર્નસાઈટ ન જુએ એ માટે ઘરમાં ઇન્ટરનેટ લેવાનું આપણે કેમ ટાળવું પડે છે?"

આપણે કહીએ છીએ કે, પ્રેમ અને સેક્સ એકબીજાના પર્યાય નથી છતાં આપણા વ્યવહારમાં પળેપળે પ્રેમ અને સેક્સ એકબીજાના પર્યાય તરીકે વર્તતા જોવા મળે છે. સંતાનની સામે એકબીજાને 'વહાલ' નહીં કરતાં માતા-પિતા એમના સંબંધો માત્ર શારીરિક છે એવું સાબિત નથી કરતા? જો માતા પુત્રને કે પિતા પુત્રીને વળગીને ચૂમી શકે તો પતિ-પત્ની એકબીજાને જાહેરમાં વહાલ કેમ ન કરી શકે? એનાથી કઈ ભારતીય સભ્યતા જોખમાઈ જાય છે?

બેન્ચ, બાંકડા અને બાઇક ઉપર પાંગરી રહેલો પ્રેમ – 'પ્રેમ' નથી, શારીરિક કુતૂહલ અથવા ઝણઝણાટી અનુભવવાની એક વૃત્તિ માત્ર છે. આપણાં સંતાનોને પ્રેમ અને સેક્સનું સમીકરણ જુદું પાડતું શીખવવું હશે તો માત્ર શબ્દો નહીં ચાલે, એમાં આપણું વર્તન અને આપણો વ્યવહાર પણ અગત્યનો છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

"રિચર્ડ! માય પ્રેશિયસ ફ્રેન્ડ..." સંબંધનું તૂટવું અને કરચનું ખૂંચવું... ફરી એક વાર `અજનબી' બનવાની કથા...

એક વાચકનો પત્ર આવ્યો છે, "તમે હંમેશા સંબંધો સાચવવા વિશે, લાગણીઓને સમજવા વિશે, એકબીજા સાથે સમજદારીપૂર્વક રહેવા વિશે લખો છો. પરંતુ તમે ક્યારેય સારી રીતે, સમજદારીથી છૂટા પડવા વિશે નથી લખ્યું..." વાત સાચી છે. ઘણી વાર આપણે અમૂક દિશામાં જોઈ શકતા નથી.

છૂટા પડવું, તોડી નાખવું, ભાંગી નાખવું કે આગળ નીકળી જવું કોઈ પણ સંબંધની એક સામાન્ય ઘટના છે. પરંતુ મોટા ભાગના લોકો એને સ્વાભાવિક રીતે સ્વીકારવા તૈયાર નથી હોતા. દરેક વખતે પૂરેપૂરો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવા છતાં માણસ સંબંધ સાચવી ન શકે એવું બને. એનાં ઘણાં કારણો હોય છે...

દરેક વખતે જાતને કે બીજી વ્યક્તિને જવાબદાર ઠેરવવાની પણ આમાં જરૂર નથી હોતી. સંજોગોથી શરૂ કરીને સંવેદનાઓ સુધીના લાંબાલચક લિસ્ટમાં એક જ કારણ પૂરતું બની રહે છે.

જેને તમે તમારા જીવનનો પર્યાય માનતા હો – જેના વિના તમારું જીવન શક્ય જ નથી એવું માનતા હો કે તમને લાગતું હોય કે તમને બધું જ મળી જાય તેમ છતાં જો એક વ્યક્તિ નહીં મળે તો એ નહીં મળ્યાનો વસવસો બધું જ મળ્યાના સુખને વેર-વિખેર કરી નાખશે... તેમ છતાં એ સંબંધ ક્યારેક તમારે જવા દેવો પડે છે! 'કેમ' એ સવાલ ત્યારે પૂછી નથી શકાતો. ન જાતને, ન સામેની વ્યક્તિને કે ન ઊભા થયેલા સંજોગોને!

સમય બહુ અદ્ભુત વસ્તુ છે અને એનાથીયે અદ્ભુત વસ્તુ છે સમયના અંકાતા અક્ષરો.

આજે તમને લાગે કે કોઈ એક વ્યક્તિ તમારા જીવનની સૌથી મહત્ત્વની વ્યક્તિ છે અને જિંદગીનાં અમુક વર્ષો પછી એ વ્યક્તિ સાથે એક છત નીચે રહેવું તો દૂર, એક ટેબલ પર બેસીને કૉફી પણ ન પી શકાય એવી પરિસ્થિતિ ઊભી થઈ જાય છે.

આ આપણા સૌના જીવનનું સત્ય છે. કેટલાક એને સમજવા કે સ્વીકારવાનો પ્રયાસ કરે છે તો કેટલાક એની વિરુદ્ધ હાથ-પગ પછાડીને, ચીસો પાડીને, રડીને કે સતત ફરિયાદ કરીને જાતને તકલીફ આપતા રહે છે.

સત્ય સાપેક્ષ છે. મારું-તમારું અને ત્રીજા માણસનું સત્ય હંમેશા એક જ હોય એ જરૂરી નથી. મારી બારીમાંથી દેખાતું દૃશ્ય તમારી બારીમાંથી દેખાતા દૃશ્ય કરતા સાવ જુદું હોય એમ પણ બને... મોટે ભાગે એમ જ બને છે અને એકબીજાને પોતપોતાની બારીમાંથી દેખાતા દૃશ્ય વિશે કહેવાને બદલે – સમજાવવાને બદલે આપણે સૌ આપણી બારીમાંથી દેખાતું દૃશ્ય સામેની વ્યક્તિ કેમ નથી જોઈ શકતી એ વિશે ધમપછાડા કરવામાં સમય વેડફી નાખીએ છીએ.

કોઈ પણ સંબંધને એક નિશ્ચિત આવરદા હોય છે. જેમ દવા પર એક્સપાયરી ડેટ લખેલી હોય છે એવી જ રીતે સંબંધની પણ એક એક્સપાયરી ડેટ હોય છે, મોટા ભાગે હોય છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આપણને એ ડેટ વંચાતી નથી. મોટા ભાગના વાંચવા માગતા નથી.

માણસ પોતે પણ એક એક્સપાયરી ડેટ સાથે જન્મે છે – એ ડેટ દવાના પત્તાની જેમ ભલે માણસના કપાળ પર છાપેલી ના હોય, પરંતુ એ માણસ ક્યારેક આ જગત છોડી જવાનો છે એ નક્કી છે અને એ સ્વીકાર સાથે જીવનારાઓએ મોટે ભાગે સુખની શોધમાં આમતેમ ભટકવાનું રહેતું નથી.

આપણે જ્યારે કોઈની સાથે ફોન ઉપર વાત કરતા હોઈએ ત્યારે જેટલી સ્વાભાવિકતાથી કહી શકીએ છીએ, "હવે હું ફોન મૂકું છું – કાપું છું – ડિસકનેક્ટ કરું છુ" એટલી જ સ્વાભાવિકતાથી સંબંધનો ફોન પણ મુકાવો જોઈએ.

'કભી-કભી' નામની એક ફિલ્મમાં જ્યારે અમિતાભ અને રાખી છૂટા પડવાનું નક્કી કરે છે ત્યારે રાખી અમિતાભ બચ્ચનને પૂછે છે – "કૈસે ગુજારેંગે યે જિંદગી?"

લેખક સાગર સરહદીનો અદ્ભુત સંવાદ આજે પણ લોકોનાં હૃદયમાં કોતરાયેલો છે, અમિતાભ કહે છે, "તુમ એક અચ્છી પત્ની બનના, મૈં એક અચ્છા ઇન્સાન બનને કી કોશિશ કરુંગા..."

સમય બે માણસોને છૂટા પાડી નાખે – સંજોગોવશાત્ બે જણાએ એકબીજાથી છૂટા પડવું પડે ત્યારે દરેક વખતે એકબીજાને દોષ દઈને, એકબીજા સાથે થયેલા મનદુ:ખને જાહેરમાં લાવીને, એકબીજા વિશે સાચી-ખોટી – માની લીધેલી – ધારી લીધેલી વાતો ત્રીજા માણસને કરીને પોતાની જાતને સાચા ઠેરવીને જ શા માટે છૂટા પડવું?

કોણ સાચું છે કે કોણ ખોટું છે અથવા 'કોનો વાંક હતો' એના પોસ્ટમૉર્ટમમાં પડવાને બદલે એક સંબંધનું મૃત્યુ થયું છે – એવું સ્વીકારીને લાગણીનો મલાજો જાળવીને ચૂપ રહેવું વધુ યોગ્ય છે એવું તમને નથી લાગતું?

સંબંધ તૂટવો એ મોસમ બદલાવા જેવી ઘટના છે, સૂરજ આથમવા જેવી ઘટના છે સાવ સ્વાભાવિક – કુદરતી...એને પકડી રાખવાથી એ અટકવાની નથી. એને બદલે મુઠ્ઠીમાં પાણી પકડવાનો પ્રયાસ કરવા કરતા વહેતાં પાણીમાં હાથ બોળીને એના પ્રવાહને માણવાનો પ્રયત્ન વધુ આનંદદાયક કે સુખદાયક હોય એમ તમે માનો છો?

સાહિર લુધિયાનવીની એક નઝમ જે ફિલ્મી ગીત સ્વરૂપે ખૂબ પ્રચલિત થઈ છે એના શબ્દો અહીં ટાંકવા જોઈએ,

"ચલો એકબાર ફિર સે અજનબી બન જાયે હમ દોનો...
ન મૈં તુમસે કોઈ ઉમ્મીદ રખું – દિલ નવાઝી કી,
ન તુમ મેરી તરફ દેખો કોઈ ગલત-અંદાઝ નજરોં સે..."

એ નઝમના અંતમાં સાહિર કહે છે:

"તઆરુફ (પરિચય-સંબંધ) રોગ હો જાયે
તો ઉસે ભૂલના બહેતર,
તઅલ્લુક (સંબંધ) બોજ બન જાયે તો ઉસકો તોડના અચ્છા,
વો અફસાના (કથા-સંબંધ) જીસે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અંજામ (પરિણામ) તક લાના ન હો મુમકીન,
ઉસે એક ખૂબસૂરત મોડ દેકર છોડના અચ્છા...”

૧૯૯૬ માં વોર્નર બુક્સ દ્વારા પ્રગટ થયેલી નવલકથા નિકોલસ સ્પાર્કસની ‘ધ નોટબુક’ કેટલાંય વર્ષો સુધી બેસ્ટ સેલર રહી. જ્યારે થ્રીલર્સનો જમાનો હતો અને જાતજાતનાં ષડ્યંત્રોથી ભરપૂર નવલકથાઓ ચટપટા ચણાજોરની જેમ વેચાતી હતી ત્યારે એમણે આ નવલકથા માણસની અંદર બનતી ઝીણી ઝીણી બારીકીઓને ખૂબ સંવેદનાથી સમજીને અદ્‌ભુત રીતે લખી છે.

૭૯ વર્ષના એક વૃદ્ધના જીવનમાં એક એવો સમય આવે છે જ્યારે પાછળ ફરે છે અને જુએ છે એક ‘ધ નોટબુક...’ અમેરિકાના નોર્થ કેરોલીનના ન્યૂબર્ન નગરમાં ત્રીસીએ પહોંચી ગયેલો એક નોઆ કેલહન નામનો યુવાન કશું જ નથી કરતો. ગીટાર, પુસ્તકો અને એણે પાળેલા ડૉગ સિવાય એના જીવનમાં કોઈ નથી... ૧૭ વર્ષની ઉંમરે થયેલા પહેલા પ્રેમને એ ભૂલી શક્યો નથી!

એક વાર એ સ્ત્રી સાથે થયેલા શરીરસંબંધને એ ક્યારેય ભૂલી શક્યો નથી. લગભગ ત્રણ અઠવાડિયાંના આ સંબંધ પછી જ્યારે બંને છૂટાં પડ્યાં ત્યારથી શરૂ કરીને ૭૯ વર્ષના નોઆના જીવનમાં બીજી કોઈ સ્ત્રી આવી શકી નહીં અને આવા અદ્ભુત સંબંધ છતાં એ સંબંધ ટકી શક્યો નહીં.

એમાં કેટલાક સંવાદો આજે પણ મન હચમચાવી નાખે એવા છે, “હું તમને ખૂબ ચાહું છું, સર્વાંગ – સંપૂર્ણ ચાહું છું, તમારી તમામ સંવેદનાઓ અને વેદનાઓ સાથે ચાહું છું... એટલું ચાહું છું કે તમને કહેતા મને મારી અંદરથી કશું ચાલ્યું જવાનો ભય લાગે છે.”

એ સિવાય એક જગ્યાએ શરીરસંબંધ બાંધતા પહેલાં નોઆ એ છોકરીને કહે છે, “તારા મનનો એક તાર પણ જો તને રોકતો હોય કે આ સંબંધને એક તસુ પણ આગળ નહીં વધવા દેતી... અહીં જ અટકાવજે. કારણકે મને તું આખેઆખી જોઈએ છે. તારા શરીર, મન અને આત્મા સાથે... હું એક નાનકડો અંશ પણ પામવામાં બાકી નહીં રહું!” મજાની વાત એ છે કે ૧૭ વર્ષની ઉંમરે એક અમેરિકન છોકરાના જીવનમાં આવેલી એક છોકરી જીવનભર એના માટે એક યાદ બનીને રહી ગઈ. સંબંધ પૂરો થઈ ગયો અને સંવેદના એમ જ રહી ગઈ...

રિચર્ડ બેક એ જેને પોતાની આત્મકથાનો અંશ ગણાવ્યો છે એવી નવલકથા ‘ધ બ્રિજ અક્રોસ ફોર એવર’માં નાયિકા લેસ્લી એના પ્રિયતમને પત્ર લખે છે અને એ એનો આખરી પત્ર છે. એમાં એણે લખ્યું છે, “રિચર્ડ, માય પ્રેશિયસ ફ્રેન્ડ...” જેની સાથે મનદુ:ખ થવાથી છૂટી પડી રહી છે એવી એ નાયિકા એને લખે છે, “આપણે એકબીજાની સાથે રહીને, એકબીજાને દુ:ખ આપવા સિવાય બીજું કંઈ જ કરી શકીએ તેમ નથી. મારે જે કહેવું છે તેમાં ક્યાંય રોષ, આરોપ કે તારી ખામીઓ દેખાડવાનો પ્રયત્ન નથી. માત્ર એકબીજાને જે વેદના આપણે આપી રહ્યાં છીએ તે અટકાવવાનો પ્રયાસ છે...”

રિચર્ડ બેક એ આ પત્રને જે રીતે કંડાર્યો છે એ ભાગ્યે જ કોઈ પુરુષ લખી શકે એવો પત્ર છે. એક સ્ત્રીની કલમે મુકાયેલ આ પત્ર એક સંવેદનશીલ સંબંધ પૂરો કરવાની એક હૃદયના ઊંડાણમાંથી પ્રગટતી ભાષામાં લખાયો છે. એમાં લેખકે લેસ્લી પાસે લખાવ્યું છે, “તારાથી છૂટા પડવાની તકલીફ ચોક્કસ છે પણ સાથે એ વાતનો સંતોષ છે કે હું તને બીજાઓથી જુદી રીતે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઓળખી શકી છું, તને પૂરેપૂરો પામી શકી છું! આપણે સાથે ગાળેલી ક્ષણોની સુગંધ મારી સ્મૃતિમાંથી ક્યારેય નહીં ભૂંસાય. તારી સાથે રહીને હું વિક્સી છું, ઊઘડી છું, ખીલી છું... મારા વ્યક્તિત્વનો-સ્ત્રીત્વનો વિકાસ તારી સાથે રહીને થયો છે એ સત્ય છે, બીજું સત્ય એ છે કે મેં તને આપી શકાય એ બધું આપ્યું છે!"

એકબીજાની સાથે રહ્યાં પછી આપણે હતાં તેનાથી વધુ સંવેદનશીલ અને સમૃદ્ધ બન્યાં છીએ, સારાં બન્યાં છીએ, સરળ બન્યાં છીએ પણ સમજદાર બની શક્યાં નથી અને કદાચ એટલે આ સંબંધ પૂરો થઈ રહ્યો છે. મને મારા માટે આદર છે, લાગણી છે અને આપણી મૈત્રી સદાય રહેશે. પરંતુ મને એવું લાગ્યા કરે છે કે એક એવો સંબંધ આપણે બંને ગુમાવી રહ્યાં છીએ જેમાં ખૂબ બધું પામ્યા વિનાનું રહી ગયું!" સામેની વ્યક્તિને મુક્ત કરીને આપણે પણ મુક્ત થતા હોઈએ છીએ એનું શ્રેષ્ઠ ઉદાહરણ આ નવલકથા 'અ બ્રિજ અક્રોસ ફોર એવર'માં દેખાય છે.

કોઈ પણ સંબંધ પૂરો થવા માટે જ શરૂ થાય છે – કારણ કોઈ પણ હોય મનદુ:ખથી મૃત્યુ સુધી, પણ આ જગતમાં કશુંયે શાશ્વત નથી. હોઈ શકે નહીં એ સત્યને સ્વીકારીને જીવનારા સંબંધને સહેલાઈથી વહેવા દઈ શકે છે. બાંધનારા પોતે બંધાય છે અને સામેની વ્યક્તિને પણ મુક્ત રહેવા દઈ શકતા નથી.

ફૈઝ અહેમદ ફૈઝની આ નઝમ વાતને સુંદર રીતે કહે છે:

"વો લોગ બહુત ખુશ-કિસ્મત થે
જો ઇશ્ક કો કામ સમજતે થે
યા કામ સે આશિકી કરતે થે
હમ જીતે – જી મસરુફ રહે
કુછ ઇશ્ક કિયા, કુછ કામ કિયા
કામ ઇશ્ક કે આડે આતા રહા
ઔર ઇશ્ક સે કામ ઉલઝતા રહા
ફિર આખિર તંગ આકર હમને
દોનોં કો અધૂરા છોડ દિયા!"

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નિર્ણય પછીનો અફસોસ કે અફસોસ પછીનો નિર્ણય?

એક રાજાને હાથમાં છરી વાગે છે. એની આંગળી કપાઈ જાય છે. એ વખતે ત્યાં હાજર મંત્રી સ્વાભાવિકપણે કહે છે, "જે થાય તે સારા માટે."

ક્રોધના આવેશમાં રાજા મંત્રીને જેલમાં નખાવે છે. થોડા વખત પછી શિકારે ગયેલો રાજા આદિવાસીઓના હાથમાં સપડાય છે. આદિવાસીઓ રાજવંશી લોહીનો બલિ આપવા તૈયાર થાય છે. બલિની પૂરેપૂરી તૈયારી કર્યા પછી પૂજારીને સમજાય છે કે રાજાને એક આંગળી નથી. ખંડિત શરીરનો બલિ ન અપાય એવી અંધશ્રદ્ધા સાથે રાજાને છોડી મૂકવામાં આવે છે. રાજ્યમાં પાછો ફરીને રાજા હાથ જોડીને મંત્રીની માફી માગે છે.

પંચતંત્રની આ વાર્તા આપણને ઘણું શીખવી જાય છે. જે થાય તે સારા માટે માનીને જીવનારા લોકો પોતાના માટે ઘણી બધી તકલીફો ઘટાડીને શાંતિ ખરીદી લેતા હોય છે.

થઈ ગયેલા નુકસાન ઉપર અફસોસ કરવાને બદલે કે આંસુ સારવાને બદલે એ પરિસ્થિતિને ફરી એક વાર મૂલવીને એમાંથી શું શીખવા જેવું છે એનો વિચાર કરનારા સુખી ન થતા હોય તો પણ પ્રમાણમાં ઓછા દુ:ખી થાય છે એ તો સત્ય જ છે.

સામાન્ય રીતે માણસમાત્રને બની ગયેલી ઘટનાનું બે રીતે પૃથક્કરણ કરવાની ટેવ હોય છે. એક, જો એ ઘટના પૉઝિટિવ હોય, સારી હોય, ફાયદાકારક હોય તો એમાં પોતે કેટલે અંશે જવાબદાર હતા અને પોતે આ ઘટનાને કે કામને પાર પાડવા માટે કેટલી તકલીફ લીધી, કેટલો પ્રયાસ કર્યો એ વિશે એની પાસે એક લાંબું લિસ્ટ હોય છે. બે, જો ઘટનાથી નુકસાન થયું હોય, ગેરફાયદો થયો હોય, કોઈને દુ:ખ પહોંચ્યું હોય તો પોતે એ ઘટનામાં કઈ રીતે જવાબદાર નહોતા અને એમણે આ બનતું અટકાવવાના કેટલા પ્રયાસ કર્યા એ વિશેનું એક લિસ્ટ એમની પાસે તૈયાર હોય છે!

'જે થયું તે સારા માટે' એવું આશ્વાસન માણસને દરેક વખતે બની ગયેલી ઘટનાનાં પરિણામોમાંથી બહાર કાઢી શકતું નથી. આર્થિક રીતે, માનસિક રીતે કે સામાજિક રીતે થયેલા નુકસાનને તમે કે હું આસાનીથી ભૂલી શકતા નથી, તેથી એ નુકસાન સાથે જોડાયેલા તમામ માણસોને જવાબદાર ગણીને આપણે 'એને જિંદગીભર માફ નહીં કરું' એવું જાતને વચન આપી દઈએ છે.

પણ, એક વાર વિચાર કરો કે જાતને આપેલા આ વચનમાં સૌથી વધુ નુકસાન કોનું થાય છે? તમે જ્યારે કોઈને 'માફ' નહીં કરવાનું નક્કી કરો છો ત્યારે તમે એક નૅગેટિવિટીને તમારી અંદર સંઘરી રાખો છો. એ નૅગેટિવિટી બીજી નૅગેટિવિટીને પોતાના તરફ આકર્ષે છે. તમારી આસપાસ બનેલી, તમને નહીં ગમતી આવી બીજી ઘટના પણ 'યાદ રહી જવાના વચન' સાથે તમારા મનમાં દાખલ થઈ જાય છે. ધીમે ધીમે એક મોટો ઢગલો થઈ જાય છે. એવી ઘટનાઓનો, એવા માણસોનો, એવી પરિસ્થિતિનો અને એવી સ્મૃતિઓનો જે તમને તકલીફ આપવા, દુ:ખ પહોંચાડવા અને કડવાશ ઘૂંટવાનું કામ કરે છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બગડી ગયેલું ખાવાનું, ફાટી ગયેલાં કપડાં આપણે સંઘરતા નથી... અરે! જૂનાં પેપર પણ આપણે (કૂપન કાપીને) પસ્તીમાં આપી દઈએ છીએ, તો પછી બગડી ગયેલા સંબંધો, ચિરાઈ ગયેલી લાગણીઓ અને વીતી ગયેલાં વર્ષોને સંઘરીને આપણે શા માટે મનમાં કચરો ભરીએ છીએ? જે ક્યારેય કામમાં નથી લાગવાનો એ બધું સંઘરી રાખવા માટે આપણે સાચે જ કામ લાગવાની હોય એવી વાતો, એવા સંબંધો અને એવી લાગણીઓ માટે જગ્યા રહેવા દેતા નથી.

ભૂતકાળમાં બનેલી ઘટનાનો અફસોસ વર્તમાનના આનંદને તમારી અંદર દાખલ થવા માટેની જગ્યા રહેવા દેતો નથી. આજે તમને જે મળી રહ્યું છે એને માણવાને બદલે તમને ગઈ કાલે શું નથી મળ્યું, અથવા નહોતું મળ્યું એ યાદ રાખીને તમારા હાથમાં છલોછલ ભરેલો ગ્લાસ હોવા છતાં તમે ગઈ કાલની તરસના અનુભવને યાદ રાખીને તરસ્યા જ રહી જાઓ છો. બહુ નવાઈની વાત છે, પણ જો નિરાંતે વિચારો તો તમને સમજાશે કે તમારી આસપાસના જેટલા લોકોને તમે ઓળખો છો અથવા જાણો છો, અથવા જેમની સાથે તમારે સંબંધ છે એ દરેક માણસ વિશે તમને કોઈ ને કોઈ ફરિયાદ છે. કોઈકના સ્વભાવ વિશે, કોઈકની આવડત વિશે, કોઈકની સમયપાલન, કોઈકની શિસ્ત તો કોઈકના સમજદારી વિશે... તમે માનો છો કે એ બધાની સાથે તમે 'નભાવી' લો છો.

તમારી સાથે 'નભાવતા' લોકો વિશે તમે ક્યારેય વિચાર્યું છે ખરું?

તમે તમારી જાત માટે 'હું તો આવો જ/આવી જ છું. મને આમ જ સ્વીકારી લો' એ વાત કેટલી સ્વાભાવિકતાથી કહો છો? પરંતુ બીજાને સ્વીકારવાની વાત આવે ત્યારે તમારે એનામાં સારા એવા ફેરફાર કરવા હોય છે...

સ્વામી વિવેકાનંદે પોતાના એક ભાષણમાં કહ્યું છે કે, "મારી અસંખ્ય અણઆવડતો, નાસમજ કે ભૂલો સહિત જો હું મારી જાતને આટલો બધો ચાહી શકતો હોઉં તો બીજાને એમની એકાદ ભૂલ માટે કે થોડી અણઆવડત માટે હું કેવી રીતે ધિક્કારી શકું?"

સામાન્ય રીતે આપણને સૌને 'જે દેખાય તે' જોવાની ટેવ પડી છે...

જે નથી દેખાતું તે છે જ નહીં એમ માનીને આપણે બધા જ જીવ્યે જઈએ છીએ. માણસને આપણે જેટલો ઓળખીએ છીએ તેટલું જ એનું વ્યક્તિત્વ છે એમ માનવાથી મોટી બીજી કોઈ ભૂલ જ નથી.

"તારા પપ્પા / તમારા ભાઈના પ્રેમમાં ન પડી હોત તો મને મિલમાલિકનું માગું હતું!" કહેતી સ્ત્રીને કદાચ ખબર નથી કે મિલમાલિકનો એ છોકરો એને એના આજના પતિ કરતાં વધુ પ્રેમ કરતો હોત કે નહીં... સતત બીમાર રહેતી પોતાની પત્નીને જીવની જેમ સાચવતા, એનો મૂડ સમજતા અને પડ્યો બોલ ઝીલતા મધ્યમવર્ગીય પતિને બદલે મિલમાલિકની મર્સિડિસમાં વધુ સુખ હોત એમ માનનારી સ્ત્રી મિલમાલિકને ત્યાં હોત તો પતિ પાસે સમય નથી એ બાબતે બળાપો કાઢતી હોત.

"તારી મમ્મી મને ક્યારેય સમજી શકી નથી" કહેતા પિતાને છેલ્લાં ૨૫ વર્ષમાં એકેય વાર બાથરૂમ ખાલી ન હોવાને કારણે, ટિફિન ન ભરાયું હોવાને કારણે કે છોકરાઓને રાખવા માટે ઘરે રહેવું પડે તેથી ઑફિસમાં મોડા પડવાનું બન્યું નથી. દરેક વખતે એની પત્નીએ (તમારી મમ્મીએ) એમના જમવાના ટેસ્ટથી શરૂ કરીને એમના સગાઓને સાચવવા સુધીની બધી જ જવાબદારીઓ પૂરી કરી છે, તેમ છતાં ગુજરાતી સાહિત્ય ન માણી શકતી કે જગજીતની ગઝલોમાં વાહ-વાહ ન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરી શકતી પત્ની વિશે એમને અફસોસ થાય છે. મહેતા કે દેસાઈની પત્ની કદાચ સુગમસંગીતના કાર્યક્રમોમાં ગ્રેસફૂલ કલકત્તી સાડી પહેરીને 'મરીઝ'થી 'મિસ્કીન' સુધીના ગઝલકારો વિશે ધાણી ફૂટે એમ બોલી શકતી હશે, પરંતુ નોકરીએથી પાછી આવીને એ જત પત્ની અઠવાડિયામાં ત્રણ વાર ખીચડી મૂકે છે, જ્યારે બે વાર સવારની ઠંડી રસોઈ મહેતા કે દેસાઈને જાતે માઇક્રોવેવમાં ગરમ કરીને જમવી પડે છે જેની તમને જાણ નથી માટે તમને મહેતા કે દેસાઈની પત્ની કરતા તમારી પત્ની ઊતરતી લાગે છે.

આજની તારીખે તમને તમારી કારકિર્દી વિશે, તમારા લગ્ન વિશે, તમારા તૂટેલા કે બંધાયેલા સંબંધો વિશે અને તમારા બોલાયેલા કે નહીં બોલાયેલા શબ્દો વિશે અફસોસ થાય છે...

તમે ક્યારેય વિચાર્યું છે કે આ અફસોસ તમને 'આજે' થાય છે, એ પળે નહોતો થયો! તમે જે તે સમયે, જે તે કંઈ વર્ત્યા અથવા બોલ્યા, અથવા નિર્ણય લીધો એ સમયની માગને આધારે લીધો. એના જે કંઈ પરિણામ આવવાનાં હતાં – સારા કે ખરાબ એ પણ આવી ચૂક્યાં. હવે તમે એ નિર્ણય વિશે ગમે તેટલો અફસોસ કરો એ નિર્ણય કે પરિણામ બદલાઈ શકવાનાં નથી. મોટા ભાગે દરેક માણસને લેવાઈ ગયેલા નિર્ણયનો અફસોસ થતો હોય છે. જે તદ્દન અર્થહીન અને નકામો અફસોસ છે.

જે વિશે પોતે કશું જ નથી કરી શકવાના એ બાબતને યાદ કરી કરીને ઘા ઉપર જામી ગયેલા પોપડા ઉખાડવાથી પીડા પોતાને જ થવાની છે એટલું ન સમજી શકે તો એનાથી મોટો બેવકૂફ બીજો કોઈ નથી.

માણસમાત્રને બેઝિકલી સુખ શોધવું હોય છે! એનો દરેક પ્રયત્ન સ્વાભાવિક રીતે જ વધુ સુખ અને વધુ સગવડ મેળવવા માટેનો હોય છે. એક બેડરૂમમાંથી બે બેડરૂમમા શિફ્ટ થવું કે નાનામાંથી મોટી ગાડી લેવી જેટલું સ્વાભાવિક છે. એટલું જ સ્વાભાવિક છે વીતી ગયેલા દિવસોને વિસારે પાડી આજની જિંદગી જીવવા માટે તૈયાર થવું. તમારી પાસે બધું જ હોય અને તેમ છતાં જો તમને વીતી ગયેલા અભાવોના અફસોસ ઘેરી વળતા હોય તો એ તમારી કમનસીબી છે.

સૌથી અગત્યની બાબત છે તમે જે તે વખતે લીધેલા નિર્ણયમાં એ સમયના સંજોગો, પરિસ્થિતિ અને તમારી એ સમયની સમજદારીએ ભજવેલો ભાગ.

જ્યારે તમે ૧૮ વર્ષના હતા ત્યારે તમે જે રીતે વર્ત્યા એનો અફસોસ આજે કરવાનો કોઈ અર્થ નથી. પણ હા, જો તમે આજે ૪૦ વર્ષના હો અને ૧૮ વર્ષના યુવાનની જેમ વર્તો તો તમને એટલો અફસોસ જરૂર થવો જોઈએ કે વીતેલા બે દાયકાએ તમારી જિંદગીમાં કોઈ ઉમેરો કર્યો નથી. તમે કશું જ શીખ્યા નથી. તમે તમારી જિંદગીની એ પળમાં ફ્રીઝ થઈ ગયા. જે પળને તમે તમારી જિંદગીની સૌથી અગત્યની ભૂલ માનો છો.

આજે જિંદગીના એક-બે દાયકા કે અમુક સમય વીતી ગયા પછી તમને એવું લાગતું હોય કે જે તે સમયે લેવાયેલો નિર્ણય ખોટો હતો. આજે તમને એવું લાગતું હોય કે એ સમયે તમારામાં અક્કલ નહોતી તો એમાં કોઈ અફસોસ રાખવાની જરૂર નથી. તમે આજે એવું ન કરો એનાં બે કારણો છે. એક, તમારી સમજ વધી છે અને બીજું, એ વખતે નિર્ણય લીધા પછીનાં પરિણામો તમે ભોગવી ચૂક્યા છો!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ખરેખર તો જિંદગીમાં જે કંઈ બની ચૂક્યું છે તે એ જ રીતે બનવાનું નક્કી હતું! અત્યારે તમને લાગે કે તમે આમ નહીં ને તેમ કર્યું હોત, પેલું નહીં ને એને બદલે અમુક રીતે વર્ત્યા હોત, પણ સાચું પૂછો તો આ બધા વિચારો તમને પાછળથી આવ્યા છે. જે તે સમયે તમે જે રીતે વર્ત્યા એ સમયનું સત્ય એટલું જ હતું.

કોઈને બદલે તમે નિર્ણય લો કે કોઈ તમારે બદલે નિર્ણય લે એ પરિસ્થિતિમાં અફસોસ જરૂર થવો જોઈએ. “હું એની જગ્યાએ હોઉં તો આમ ન કરું” અથવા “હું એની જગ્યાએ હોઉં તો આમ જ કહી દઉં કે આમ જ કરું” કહેતા માણસોને એટલી સાદી સમજ નથી કે એ ‘પેલી વ્યક્તિ’ની જગ્યાએ નથી! આપણે સૌ પોતપોતાના ભાગની જિંદગી જીવતા હોઈએ છીએ, પોતપોતાના સમય – સંજોગો અને સમજદારીને આધારે પોતપોતાના નિર્ણયો લેતા હોઈએ છીએ અને આપણે ભાગે આવેલાં એનાં પરિણામો પણ ભોગવતા હોઈએ છીએ!

શીખવાનું માત્ર એટલું જ છે કે જ્યારે આપણે દુ:ખી હોઈએ, ઘેરાયેલા હોઈએ, લમણે પરિણામની પિસ્તોલ તાકવામાં આવી હોય ત્યારે કોઈ નિર્ણય ન લેવા! અને, લેવા જ પડે કે લઈ જ લેવાય તો વર્ષો વીત્યાં પછી એ નિર્ણયનો અફસોસ ન કરવો!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મુસોલીની, મન્ટો, મારિયા રિલ્કે... મહેજબીન, મેરેલીન, મધુબાલા અને મુમતાઝ... જુદા દેશ-કાળ... છતાં જિંદગી એક જેવી કેમ?

રાઇનેર મારિયા રિલ્કે એક જર્મન કવિ (૧૮૭૫ થી ૧૯૨૬) હતો. એનું પૂરું જીવન એક બેચેન યાયાવરનું જીવન હતું. જાગૃત એકાંતની તલાશમાં કવિતાઓ અને પ્રવાસની વચ્ચે ઝૂલ્યા કરતી એક જિંદગી એમણે જીવી નાખી. એમની ચિંતનશીલ બુદ્ધિએ એમને ક્યારેય શાંતિથી બેસવા દીધા નહીં. અનેક સ્ત્રીઓ સાથેનો ભાવનાત્મક સંબંધ જે એમની સર્જનની ભૂખને વ્યક્ત કરતો રહ્યો. ૫૧ વર્ષના જીવનકાળ દરમિયાન એમણે ૩૦ કવિતાસંગ્રહ, વાર્તાઓ, લેખો, સંસ્મરણો અને એક નવલકથા લખી. પશ્ચિમી યુરોપમાં એમણે એક નવા જ સર્જનની ભાષા ઊભી કરી. એમના લખાયેલા પત્રો પણ સર્જનાત્મક સાહિત્યથી ઓછા નથી.

દેશ-કાળની સીમાઓને ઓળંગીને કોઈ એવી વાત એ કહેતા રહ્યા જે આજના સમયમાં પણ સાચી છે.

એમણે એમની પત્નીને સ્વીડનથી લખેલા પત્રમાં લખ્યું છે કે, “મારે માટે સાંજનો એક અર્થ હોય છે. આખા દિવસનું ફળદાયી અસ્તિત્વ અને એક પરિપૂર્ણતા... મારા માટે સાંજે બેસીને વાતો કરવી, એકલા ન રહી શકવું, જોક મારવા કે હસતા રહેવું જાણે આખા દિવસની મહેનત કરીને વણાયેલા પોતનો એક એક તાણોવાણો છૂટો પાડવો, સિવાયેલી એક એક ફાંકને ઉખેડી નાખવી અને બધી આકૃતિઓને એક લાંબી દોરીમાં બદલી નાખવાની લાગણી છે. આખો દિવસ કરેલું કામ જો હું સાંજે એકલો ન રહી શકું તો મારી આંગળીઓમાંથી પાછું મારા શરીરમાં પ્રવેશી જાય છે અને પછી એક ખરાબ રાતની શરૂઆત થાય છે. હવે હું સાંજના ભોજનમાં તમારી સાથે નહીં રહી શકું એ માટે મને માફ કરવા વિનંતી છે...”

ઉર્દૂ સાહિત્યમાં ‘મન્ટો’નું નામ ન જાણતા હો એવા કોઈ ભાગ્યે જ મળે. પોતાના સમયથી ઘણા આગળ નીકળીને સાહિત્યમાં સચ્ચાઈની સાથે નિખાલસતાનો એક અજબ જેવો સમન્વય એટલે મન્ટોની ટૂંકી વાર્તાઓ.

“અમે સાથે જ જન્મ્યા” છીએ અને સાથે જ મરીશું, પણ એવું બને કે સઆદત હસન મરી જાય અને મન્ટો ના મરે. હંમેશા મને આ ડરથી બહુ દુ:ખ થાય છે. એટલા માટે મેં એની સાથે મારી દોસ્તી નિભાવવામાં કોઈ કસર બાકી નથી રાખી. જો એ જીવતો રહ્યો અને હું મરી ગયો તો એવું બનશે કે ઈંડાનું કોચલું તો બચ્યું, પણ અંદરની જર્દી અને સફેદી લુપ્ત થઈ ગઈ...

હવે હું મન્ટોના વ્યક્તિત્વ વિશે થોડા શબ્દોમાં કહી દઉં. એ ચોર છે, જુઠ્ઠો છે, વિશ્વાસઘાતક છે અને ભીડ ભેગી કરવામાં એને મજા પડે છે. આમ તો એને વિશે કહેવાય છે કે એ સાફ સાફ કહી દે છે, પણ હું એની સાથે સહમત નથી... મન્ટો એક નંબરનો ફ્રોડ છે. એનું એક ઉદાહરણ એ છે કે હું વાર્તા વિશે નથી વિચારતો, વાર્તા મારા વિશે વિચારે છે... જાતને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સમજાવી સમજાવીને હવે એ એક એવી સમજ બની ગયો છે જે બુદ્ધિ અને સમજ બંનેની બહાર છે. એ એવી ઉટપટાંગ વાતો કરે છે કે મને પોતાને હસવું આવે છે."

સઆદત હસન મન્ટો (૧૯૧૨થી ૧૯૫૫) એક વિદ્રોહી લેખક હતો. એણે 'મન્ટો – બ-કલમ ખુદ'માં પોતાના વિશે ઉપરનાં વાક્યો લખ્યાં છે.

ઉર્દૂનો સૌથી ચર્ચાસ્પદ અને સૌથી મહત્ત્વપૂર્વક લેખક મન્ટો મનાય છે. મન્ટોની વાર્તાઓ વાચકની અંતરચેતનાને ઝકઝોરીને બેચેન કરી નાખે છે. આ બેચેની વ્યક્તિગત નથી, આ બેચેનીની પાછળ દેશ અને કોમની બેચેની છે. જે એમની વાર્તાઓ દ્વારા વાચકો સુધી પહોંચે છે. એમની ટૂંકી વાર્તાઓ 'ખોલ દો', 'બૂ' ઉપર અશ્લીલતા માટે કોર્ટમાં કેસ કરવામાં આવ્યા હતા, પરંતુ કશું સાબિત થઈ શક્યું નહીં. લાહોર કોર્ટમાં ઊભા રહીને એમણે જજને સવાલ કર્યો હતો, "સ્ત્રીની બગલને, બગલ નહીં તો બીજું શું કહી શકાય? છાતીને, છાતી નહીં તો બીજા કયા નામે સંબોધવી જોઈએ?"

જગતનો વિખ્યાત ફેસિસ્ટ જે હિટલરના ગુરુ હતા. ૧૯૨૧માં હિટલરે જાહેરમાં સ્વીકાર કર્યો હતો કે મુસોલીનીના પગલે ચાલીને સત્તા મેળવી શકાય.

વિશ્વ પર બીજા વિશ્વયુદ્ધની મુશ્કેલી લઈ આવવામાં હિટલર જેટલા જ જવાબદાર મુસોલીનીને માનવામાં આવે છે. એમના સમયમાં ઝંઝાવાતી રાજકારણ ઊભું કરીને એણે કટ્ટર રાષ્ટ્રવાદ અને વિસ્તારવાદ માટે આક્રમક વલણ અપનાવ્યું. ચુસ્ત રાષ્ટ્રવાદ, ડાબેરીઓની વિરોધ અને પ્રાચીન રોમન સામ્રાજ્યનું પુનરુત્થાન જેવી ત્રણ વાતો લઈને એણે પોતાની વાતનો પ્રચાર કર્યો. બેકાર સૈનિક અને બેકાર ઔદ્યોગિક કામદારોને સાથે લઈ ઇટાલીમાં બેસુમાર લોકપ્રિયતા મેળવી. રાજા ઇમાનુએલને ડરાવીને એણે સરકારના વડા અને વડાપ્રધાનના અધિકાર મેળવ્યા. કૃષિક્ષેત્રમાં પ્રગતિ કરાવી. ૧૯૩૫માં નાઝી જર્મની અને ઓક્સિસ વચ્ચે કરાર કર્યો. પરંતુ, લગભગ ૧૯૪૩ સુધીમાં મુસોલીની 'હિટલરની કઠપૂતળી' તરીકે ઓળખાવા લાગ્યા...

જેણે રોમન સામ્રાજ્યનું સ્વપ્ન જોયું હતું એણે પોતાનું જ રાષ્ટ્ર વેષ બદલીને પ્રેયસી ક્લેરા પેટાક્સી સાથે ભાગીને છોડવું પડ્યું. પરંતુ, સ્વિર્ત્ઝલેન્ડ નજીક એમને પકડીને ગોળી મારવામાં આવી અને રસ્તા પરના ઝાડ પર કેટલાય દિવસો સુધી અવળા (ઊંધા) લટકાવી રાખવામાં આવ્યા.

'ચાંદ તનહા હૈ આસ્માં તનહા
દિલ મિલા હૈ કહાં-કહાં તનહા!
બુઝ ગઈ આસ, છૂપ ગયા તારા
થરથરાતા રહા ધુંઆ તનહા
જિંદગી ક્યા ઈસી કો કહતે હૈ?
જિસ્મ તનહા હૈ ઔર જાં તનહા
હમસફર કોઈ મિલ ગયા જો કહીં,
દોનોં ચલતે રહેં, તનહા-તનહા.'

આ મીનાકુમારીએ પોતાની નઝમોની ડાયરીમાં લખેલી નઝમ છે (૧૯૩૨ થી ૧૯૭૨).

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મીનાકુમારી પોતાની શાયરીની લગભગ અઢીસો જેટલી ડાયરી ગુલઝારના નામે કરી ગઈ. પતિ કમાલ અમરોહી સાથેના સંબંધો એટલા ખરાબ હતા કે મૃત્યુ સમયે એમના શરીરને હૉસ્પિટલમાંથી બહાર કાઢવાના પૈસા પણ એમના એકાઉન્ટમાં નહોતા!

કમાલ અમરોહીને મીનાકુમારી પહેલી વાર પોતાના ઘરે મળ્યાં હતા ૧૯૫૨માં. કમાલ અમરોહી ખૂબ ઊંચા, દેખાવડા સૈયદી મુસ્લિમ હતા. ત્યારે એમની 'મહલ' રિલીઝ થઈ ચૂકી હતી અને સફળ હતી. મીનાકુમારી પાસે ત્યારે ફિલ્મો નહોતી. એ અરસામાં એ કમાલ અમરોહીને લગભગ રોજ મળવા લાગ્યાં હતાં. શાયરીનો શોખ એમને નજીક લઈ આવ્યો. કમાલ અમરોહી તે વખતે 'અનારકલી' ફિલ્મ બનાવવાની તૈયારી કરતા હતા. એમણે એક દિવસ કમાલ અમરોહીને પૂછી જ નાખ્યું: 'મેં અનારકલી બનૂંગી ના?'

જવાબમાં કમાલ અમરોહીએ એમની એક હથેળી લઈને એમાં લખ્યું, 'મેરી અનારકલી.'

પરંતુ એમના સંબંધો વણસી ગયા. ભારત ભૂષણ, ગુલઝાર, અને સાવનકુમાર ટાંક સાથેના એમના સંબંધો વિવાદાસ્પદ રહ્યા. ધર્મેન્દ્રને એમણે જીવથી વધારે ચાહ્યા, પરંતુ એ સંબંધ પણ ટકી શક્યો નહીં. દારૂમાં ડૂબીને એમણે જાતને જ ફના કરી નાખી.

૧૯૨૬માં કેલિફોર્નિયામાં જન્મેલી નોર્મા જીન દેકરને પહેલી વાર મૉડલિંગના કામમાંથી કાઢી મૂકવામાં આવી હતી... આખરે ૧૯૯૯માં એણે પહેરેલો એક કોસ્ચ્યુમ ૧.૩ મિલિયન ડૉલરમાં વેચાયો હતો.

એણે એક વાર કહ્યું હતું, "હોલિવૂડ એવી જગ્યા છે, જ્યાં તમારા ચુંબન માટે લોકો એક હજાર ડૉલર આપી શકે, પણ તમારા આત્માને વેચવા નીકળો તો પચાસ સેન્ટ પણ ભાગ્યે જ મળે."

મેરેલિન મનરો (૧૯૨૬-૧૯૬૨) જ્હોન એફ. કેનેડીની ગર્લફ્રેન્ડ મનાતી હતી, પુલિત્ઝર ઇનામ જીતનારા આર્થર મિલર સાથે પરણેલી. એ પહેલાં જૉ ડીમેગિયો સાથે પરણેલી, અને એક જ વર્ષમાં છૂટાછેડા થઈ ગયા.

પ્લેબોય મૅગેઝિનની એની તરખાટ મચાવનારી તસવીરો પછીના એક ઇન્ટરવ્યૂમાં એણે કહ્યું હતું, "કોણે કહ્યું ત્યારે કશું જ ઑન (અંગ્રેજીમાં ઑન – પહેરેલાં વસ્ત્રો માટે પણ વપરાય છે) નહોતું?! ત્યારે રેડિયો ઑન હતો!"

આપઘાત કરીને મૃત્યુ પામેલી મેરેલિન સતત કહેતી, "મને પૈસામાં રસ નથી. મારે અદ્ભુત દેખાવું છે!" એની સ્મશાનયાત્રામાં એક પણ હોલિવૂડ સ્ટાર નહોતા!

ભારતની મેરેલિન મનરો મનાતી મધુબાલાના સ્મિતને આજે પણ લોકો ભૂલી શક્યા નથી. અત્તાઉલ્લાબાનની દીકરી મધુબાલાનું મૂળ નામ મુમતાઝ હતું. એણે કેદાર શર્માની "નીલકમલ" ફિલ્મથી રાજ કપૂર સાથે કારકિર્દીની શરૂઆત કરી. લાખોના દિલની ધડકનને ક્યારેય સાચો પ્રેમ ન મળ્યો. દિલીપકુમારે કોર્ટની વચ્ચે એકરાર કર્યો કે એ મધુબાલાને પ્રેમ કરતો હતો, પરંતુ લગ્ન ન કર્યાં. એનો આઘાત મધુબાલાને જીવનભર રહ્યો.

કિશોરકુમાર સાથે લગ્ન કર્યાં ત્યારે કૅન્સરના બિછાને હતી, કિશોરકુમારે એની ખૂબ સેવા કરી, પરંતુ મૃત્યુ સમયે પણ પ્રેમ ન પામી શક્યાનો અફસોસ મધુબાલાના મનમાં યથાવત્ હતો.

દારાસિંગ સાથે બી-ગ્રેડની ફિલ્મોથી શરૂઆત કરનાર મુમતાઝ આખરે ફિલ્મફેર ઍવૉર્ડ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિજેતા બની. રજેશ ખન્ના જેવા સુપરસ્ટાર સાથે ફિલ્મો કરી શકી. હજારોનાં દિલોની ધડકન મુમતાઝની સાથે સાથે એનું બૂચું નાક પણ ફૅશન બની ગયું.

કરોડપતિ મયૂર માધવાણી સાથે લગ્ન કરતી વખતે એની દાદી, માસી, બહેન, મા અને કાકીના નામે જમીનો અને મિલકતો કર્યા પછી જ એ ત્યાંથી નીકળી શકી. પ્રેમમાં પાગલ થઈને હિન્દુસ્તાન છોડી ગયેલી મુમતાઝ થોડાં જ વર્ષોમાં પાછી ફરી. ફિરોઝખાનની ફિલ્મથી કિમબેક કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એ ફિલ્મ સુપરફ્લોપ થઈ. અત્યારે ડિવોર્સ લઈને લંડનમાં એકલવાયી જિંદગી જીવે છે એમ અખબારો કહે છે.

આ બધા વચ્ચે સામ્ય. શું? ખરાબ બાળપણ! વિક્ષિપ્ત ઉછેર, અસાધારણ પ્રતિભા, ખૂબ ટૅલેન્ટ, રોકી ન શકાય. તેવી મહત્ત્વાકાંક્ષા... અત્યંત સંવેદનશીલતા, ધોધમાર ઊર્જા, પ્રેમ પામવાની ઝંખના, અનેક પ્રેમસંબંધો, દરેકમાં ઝડપથી દાખલ થઈને ઝડપથી બહાર નીકળી જવાની વૃત્તિ, સામા માણસમાં વિશ્વાસ કરીને તરત જ એને બધું જ સોંપી દેવાની ઉતાવળ... પછી અફસોસ.

અને, દરેક સંબંધને અંતે તૂટી જતું હૃદય! એમાંથી જન્મ લેતું અવિસ્મરણીય સર્જન, સફળતા, સંપત્તિ અને અંતે મળતી એકલવાયી જિંદગી!

લોકહૃદયમાં અમરત્વ!

આજે પણ સ્મૃતિમાં સજીવન આ સૌ એકબીજાથી તદ્દન ભિન્ન હતા. તેમ છતાં એમનામાં કશુંક એકસરખું હતું. તદ્દન જુદા સમયે જુદા દેશ, કાળમાં જન્મેલા આ લોકો કદાચ એકબીજાને મળ્યા પણ નહોતા, એકબીજા વિશે જાણતા પણ નહોતા અને છતાં એમની વચ્ચે રચાયેલા સંબંધનું સમીકરણ એમને એકબીજાની સાથે માત્ર “મ” ના નામથી જ નહીં, એકસરખી જિંદગી, એકસરખી વેદના અને એકસરખી સફળતાથી જોડે છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વરસાદી વાર્તાઓ વાંચી વાંચીને હવે ભીંજાવું એ તો આભાસ છે...

દરેક વરસાદની ઋતુમાં એક ભીનાશની છાલક આપણા મનને વાગે છે. પરણેલા કે કુંવરા, યુવાન કે આધેડ દરેક માણસની અંદર આળસ મરડીને એક ઝંખના જાગે છે. વીતેલા કોઈ સંબંધની વાત ક્યારેક ઊંઘ ઉડાડી મૂકે છે તો છાને ખૂણે પંપાળેલા કોઈ સંબંધનું સપનું સૂરજ ઊગ્યા પછી પણ બે પાંપણની વચ્ચે જાગ્યા કરે છે.

દરેકે દરેક માણસને એક સંબંધની ઝંખના હોય છે. એવો સંબંધ કે જે સાવ એનો પોતાનો હોય. આંખો મીંચતા જ કોઈકનો ચહેરો દેખાય – અને ઉઘાડી આંખે એ ચહેરો જોવા માટે તરસવું પડે.

આ ભૂતકાળ હોઈ શકે, વર્તમાન હોઈ શકે કે પછી સાવ કલ્પનામાં જીવતો એક ચહેરો હોઈ શકે.

સામાન્ય રીતે માણસ જ્યાં. રહે છે એ એનું પરમેનન્ટ સરનામું હોય છે. પાસપોર્ટમાં કે રેશનકાર્ડમાં લખાતા સરનામા ઉપર માણસનો આત્મા નથી વસતો. એનો આત્મા તો ક્યાંક બીજે જ વસે છે અને જ્યાં એનો આત્મા વસે છે એ જ એની જિંદગીનું સત્ય છે.

નવાઈની વાત એ છે કે આપણા સૌની જિંદગી સત્યના નામે જિવાય છે, પરંતુ જ ખરેખર સત્ય છે તેની ચર્ચા જાહેરમાં તો ઠીક, એકાંતમાં જાત સાથે પણ કરતા માણસે ડરવું પડે છે. નામ, સરનામા અને ટેલિફોન નંબરોનાં આ અડાબીડ જંગલોમાં વસતા માણસે એકાદ સાચુકલો સંબંધ મેળવવા કંઈ કેટલાય સંબંધો ઊથલપાથલ કરી નાખવા પડે છે. જેને માટે ખરેખર લાગણી હોય એવી વ્યક્તિની વાત તો ઠીક એનું નામ પણ લેતા પહેલા એક વાર વિચારી લેવું પડે – એવી આ દંભી સમાજની જિંદગીઓ આપણને ધીમે ધીમે એટલાં બધાં મહોરાં પહેરાવે છે કે આપણો સાચો ચહેરો ઓળખતા આપણને જ તકલીફ પડે છે.

વરસાદ સાથે લાગણીનો શો સંબંધ હશે એની ખબર નથી. પરંતુ કવિતાઓથી શરૂ કરીને સેક્સ સુધી વરસાદને કોઈ ને કોઈ રીતે જોડવામાં આવ્યો છે. પ્રાણીઓની મેટિંગ સિઝન પણ વરસાદી હોય છે – તો કાલિદાસ આખેઆખું મેઘદૂત વરસાદી વાદળને જોઈને પ્રિયતમાને યાદ કરતા યક્ષના સંદેશ પર રચે છે.

ભારતીય સમાજમાં પતિ પ્રેમી નથી હોતો કે પત્ની પ્રિયતમા નથી હોતી. આવી ફરિયાદ સર્વસામાન્ય રીતે સાંભળવા મળે છે. લગ્ન પહેલાં જેમણે ભરપૂર પ્રેમ કર્યો હોય, સગાં-વહાલાંની ખફગી વહોરી હોય, ભાગીને પરણ્યાં હોય એવાં યુગલો પણ લગ્ન પછી અચાનક પહેલા વરસાદમાં કરેલો પ્રેમ ભૂલીને સામસામા આક્ષેપોના રેઈનકોટમાં લપેટાઈને જીવવા લાગે છે.

લગ્ન સામાજિક વ્યવસ્થા છે, એ સત્ય છે. પરંતુ, એનાથી પ્રેમ જાગે છે કે થયેલો પ્રેમ ભુલાઈ જાય છે એ સવાલ સદીઓથી પુછાતો રહ્યો છે. એક એસ.એમ.એસ.માં આવેલા જોક

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પ્રમાણે, “પ્રેમલગ્ન કરવા છે કે અરેન્જ મેરેજ એ સવાલમાં અને તમે આપઘાત કરીને મરવા માગો છો કે કોઈના હાથે મૃત્યુ પામશો એ સવાલમાં કોઈ ફેર નથી.”

લગ્ન સાથે સામાન્ય રીતે બિચારાપણું, ગુલામી, ઝઘડા અને પ્રૉબ્લેમ્સના જોક્સ જોડવામાં આવે છે – રોમાન્સ, લાગણી કે છલકાતા મધુરસંબંધો લગ્ન પછી ટકતા નથી એવી એક માન્યતા સામાન્ય રીતે પ્રવર્તે છે.

આવું શા માટે થાય છે?

મુગ્ધાવસ્થા અને રોમાન્સને સંબંધ છે? રોમાન્સ અને વરસાદને સંબંધ છે? વરસાદ અને ઉંમરને કોઈ સંબંધ છે? અમુક ઉંમર પછી વરસાદના છાંટા ફક્ત દોડીને સૂકવેલાં કપડાં લેવા પૂરતા, સૂકવેલું અનાજ ઉપાડી લેવા પૂરતા કે છત્રી ઓઢીને – રેઇનકોટ પહેરીને નોકરી જવા પૂરતા રહી જાય છે?

વરસાદ તો એ જ રહે છે – વરસાદનું ગોરંભાયેલું આકાશ અને જાંબુડી સાંજ એ જ રહે છે, લીલોતરી પણ એવી જ રીતે ઝૂલે છે... તો પછી એનો અર્થ કેમ બદલાય છે? બે વરસાદની વચ્ચે આપણે કેમ બદલાઈ જઈએ છીએ?

છેલ્લી કેટલીયે સદીઓથી વરસાદ પડે અને વૃક્ષ નવાં પાંદડાં પહેરી લે છે. ધરતીની માટીમાંથી આવતી સુગંધ ગયા વર્ષ જેવી જ હોય છે – સુસવાટા મારતો પવન અને આકાશમાંથી અનરાધાર વરસતું પાણી એનું એ જ રહે છે... ગમે તેટલા ઉનાળા વીતી જાય વરસાદ વરસોવરસ બદલાતો નથી.

તો પછી માણસના સંબંધો સમય અને ઉંમર સાથે કેમ બદલાતા જાય છે?

કોઈ પણ સંબંધમાં વરસોવરસ બદલાતા ચોમાસા વધુ ને વધુ કોરા... વધુ ને વધુ સુક્કા કેમ થતા જાય છે?

એક સમયે એકબીજાને પ્રેમ કરતા અને કોઈક કારણોસર છૂટી પડી ગયેલી બે વ્યક્તિઓ જ્યારે ફરી એક વાર એકબીજાની નિકટ આવે છે ત્યારે કદાચ એકબીજાને વધુ સારી રીતે સમજી શકે છે. સમય સાથે બદલાતા સંબંધોનાં સમીકરણ માણસમાત્રને પહેલાં કરતાં જુદી રીતે વિચારવા બાધ્ય કરે છે.

જે નાની નાની વસ્તુઓ પહેલાં અસહ્ય લાગતી હતી એ જ વસ્તુઓ સમય સાથે નજરઅંદાજ કરવા યોગ્ય બની જાય છે. કેટલાક લોકોને ‘માફ નહીં કરું’ની પ્રતિજ્ઞા સાથે છૂટા પડ્યા પછી માણસ એને જ યાદ કરે છે. ત્યારે એક સવાલ એવો થાય છે કે છૂટા પડવાના ઉઝરડા પછી જ માણસ બદલાઈ શકે? જે વ્યક્તિ તમારી પાસે આજની તારીખે હાજર હોય એ વ્યક્તિને આ પળે તકલીફ આપીને, દુ:ખ પહોંચાડીને, ખોઈ બેઠા પછી જ એનું મૂલ્ય કેમ સમજાય છે? જે તમારી પાસે નથી એને જ ઝંખવું એ માનવમાત્રનો સ્વભાવ કે નબળાઈ છે?

આજના સમયમાં અહમ્નો ટકરાવ લગભગ દરેક સંબંધની તિરાડનું કારણ બન્યો છે. વ્યાવસાયિક સંબંધ હોય કે લાગણીનો, લોહીનો સંબંધ હોય કે સમાજે બાંધેલું લગ્નનું બંધન – લગભગ દરેક વ્યક્તિ એકબીજાને એક જ સવાલ પૂછે છે, “હું શા માટે સહન કરું?”

આનો એક સીધોસાદો જવાબ એ છે કે આપણને જે તે વ્યક્તિની જરૂર છે અને એ વ્યક્તિ “એવી જ” છે – એવું સમજીને બંધાતા અને નિભાવાતા સંબંધમાં ‘સહન કરવા’ જેવો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શબ્દ વાપરવાની કોઈ જરૂર હોતી જ નથી. મોટા ભાગની પત્નીઓ લગ્નના પાંચ, સાત, દસ વર્ષ પછી પહેલા વરસાદમાં પતિને ઘેર પાછા આવવાનું કહેવા જેટલો રોમાન્સ સાચવી શકતી નથી, અને પતિ બંધ બારીઓના અને એ.સી.ના 'વાતાનુકૂલિત' વાતાવરણમાં પુરાઈને વરસાદ પડ્યો છે કે નહીં એનીયે ખબર રાખતા નથી.

લગ્નસંબંધ કે પ્રેમસંબંધ કોઈ એક ખાસ ઉંમરે જ થાય અથવા કરી શકાય એવા કોઈ નિયમો છે ખરા? અને જો નથી તો શા માટે આ ઉંમરનો ખ્યાલ માણસ માત્રને બાંધી રાખે છે? શા માટે માણસ એમ માને છે કે એક ચોક્કસ ઉંમર પછી કોઈ ખાસ પ્રકારના સંબંધો બાંધી કે નિભાવી શકાતા નથી.

આજકાલ લગ્નનાં ૨૦-૨૨ વર્ષ પછી લેવાતા છૂટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. પહેલાંના સમયમાં લોકો એમ કહેતા હતા કે, "હવે આ ઉંમરે છૂટા પડીને શું કરવું છે? "આજના સમયમાં ઘણા લોકો પૂછે છે કે, "આખી જિંદગી તો સહન કર્યું. હવે આ ઉંમરે શાંતિ જોઈએ કે નહીં?"

આટલી જ વાત પરથી સમજાય છે કે સમય અને સંજોગો બદલાઈ ગયા છે. સહનશક્તિ અને સ્નેહ ઘટ્યા છે.

ક્યારેક ચર્ચાઓમાં કે વાતચીતમાં કેવા સવાલો સાંભળવા મળે છે જેના જવાબો અઘરા જ નહીં અશક્ય લાગે છે. આ સવાલો સાથે કેટલાય લોકોની જિંદગીઓ જોડાયેલી હોય છે.

સમય સાથે સુક્કા થઈ જતા સંબંધોને દરેક વરસાદમાં એક વાર ભીંજવવા જોઈએ. એ વરસાદ કૉમ્યુનિકેશનનો હોઈ શકે, ઝઘડાનો હોઈ શકે, વાતચીતનો હોઈ શકે, માફી માગવાનો કે ભૂલ સ્વીકારવાનો હોઈ શકે... પરંતુ દરેક સંબંધને કુદરતની જેમ એક ચોમાસાની જરૂર હોય છે. જેમ તપી ગયેલા ઉનાળા પછીનો વરસાદ ફરી એક વાર ધરતી ફાડીને અંકુર ઉઘાડે છે એમ તમારા સંબંધને ફરી એક વાર મૂલવીને ઉજવવામાં આવતું ચોમાસુ તમારી અંદર સુકાઈ ગયેલી લાગણીઓને ચીરીને ફરી એક વાર સ્નેહના અંકુર ઉગાડી શકવા સક્ષમ છે.

તમારી ઉંમર કોઈ પણ હોય, વરસાદમાં હાથ પકડીને ભીંજાતા ચાલવાનો આનંદ તમને માત્ર શરીરથી નહીં મનથી પણ ભીંજવશે.

લગ્ન થયા પછી રોમાન્સ નથી રહેતો એવી ફરિયાદ કરનારા દરેક માણસે – એ પતિ હોય કે પત્ની, વરસાદી દિવસોમાં અગાસીમાં બેસીને અડધો એક કલાક 'વાતો કરવાનો' પ્રયત્ન કરી જોવા જેવો છે.

વરસાદની કવિતાઓ, વરસાદનાં ગીતો અને વરસાદી વાતો કાગળ ઉપર લખાયેલા કાળા અક્ષર છે – એનો અર્થ એટલે સાથે મળીને ભીંજાવું. વરસાદના છાંટાથી ભીંજાતા શરીરમાં કોરા રહી જતા મન આપણી જ કોક બારી બંધ રહી ગયાનું પરિણામ હોય છે.

પહેલા વરસાદમાં જેની સાથે પલળ્યા હોઈએ એને યાદ કરીને જિંદગીના બધાય વરસાદ કોરા કાઢી નાખવા એનું નામ ડહાપણ છે? કે પછી જિંદગીના છેલ્લા વરસાદ સુધી સંબંધને માણવો, નિભાવવો એ જ જીવવાની સાચી રીત છે?

આપણા વરસાદો કોરા રહી જાય છે. એને માટે સતત બીજાને જવાબદાર ગણ્યા કરતા કેટલા અંશે યોગ્ય છે?

વરસાદની સાથે જ તૂટેલો સંબંધ છાતીમાં કરચની જેમ ખૂંચે. એને બદલે આ વર્ષે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વરસાદમાં તમારો મોબાઇલ કે ટેલિફોન ઉઠાવીને તૂટેલા સંબંધને જોડવાનો એક પ્રયાસ કરી જોજો.

જે બાબતે તમને તમારી ભૂલ લાગતી હોય એ બાબતે ખૂલીને સ્વીકાર કરજો અને જે બાબતે કોઈકે તમને દુભવ્યા હોય. એ બાબતે એમને માફ કરજો.

વીતી ગયેલા વરસાદોને યાદ કરીને આંસુ સારવાને બદલે આવનારા બાકી વરસાદોમાં જીવવાનો – લીલાછમ થવાનો પ્રયત્ન એ જ માણસ હોવાનો પુરાવો છે.

ચાર્લી ચેપ્લીને પોતાની આત્મકથામાં લખ્યું છે કે, “લોકો મારી આંખના આંસુ ન જુએ એ માટે હું વરસાદમાં ચાલવા નીકળી જાઉં છું.” લોકોને પેટ પકડીને હસાવનારો આ માણસ ભીતરથી કેટલો ઉદાસ હશે અને વરસાદમાં ચાલવા છતાં અંદર કેટલો કોરોધાકોર હશે એ સમજીને આપણી ભીતરની બારી ઉઘાડીને આ વખતના વરસાદમાં થોડી વાછટ અંદર લેવાનો પ્રયત્ન કરી જોજો...

તમે માણસ છો, સ્નેહનાં બીજ તમારી અંદર છે જ...

અને બીજ પડ્યાં હશે તો અંકુર જરૂર નીકળશે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દ્રૌપદીનું મન ને સીતાનું તન: અર્બન સ્ત્રીનો સૌથી મોટો સવાલ

ખલીલ જિબ્રાનના પુસ્તક 'પ્રોફેટ'માં એક સ્ત્રી એમને કહે છે, "અમને પીડા અંગે જણાવો." અલમુસ્તુફા કહે છે કે, "તારી પીડા, એ તારી સમજદારીને બાંધી રાબેલા ઈંડાના કોચલાની જેમ તૂટવાની એક પ્રક્રિયા છે. જેમ બીજ તૂટીને એમાંથી ફણગો નીકળે છે એમ જ પીડામાંથી સમજદારી બહાર આવે છે. કોશેટામાંથી પતંગિયું નીકળે છે એમ જ પીડામાંથી જ્ઞાન નીકળે છે."

આ સવાલ સ્ત્રી પાસે પુછાવીને ખલીલ જિબ્રાને એક સુંદર વાત કરી છે. પીડા સાથેનો સ્ત્રીનો સંબંધ જૂનો છે. એ દરેક વખતે પોતાની અંદર ઘવાની, પીડાતી આવી છે. સ્ત્રીનું જ્ઞાન ક્યારેય સ્વીકારાયું નથી. સ્ત્રીની આવડત, સમજદારી કે આધ્યાત્મ વિશે સતત સવાલો ઊઠતા રહ્યા છે. આજની અર્બન સ્ત્રીને સફળ થવા માટે એ જ સંઘર્ષ કરવો પડે છે જે આજથી હજારો વર્ષ પહેલાં પુરાણકાળની સ્ત્રીને કરવો પડતો હતો.

ગૌતમ બુદ્ધે સ્ત્રીઓને દીક્ષા આપવાનો ઇનકાર કર્યો હતો. એક કથા કહે છે કે આમ્રપાલીની નામની ગણિકાએ બુદ્ધ પાસે દીક્ષા માગી હતી. પરંતુ બુદ્ધે એવું કહીને એને દીક્ષા આપવાનો ઇનકાર કર્યો હતો કે, "ફરસી નીચે મસ્તક મૂકવું કે વિકરાળ વાઘના મુખમાં પડવું સરળ છે, પરંતુ ગણિકાના મોહમાં ફસાવું એથીયે ભયાનક છે."

બુદ્ધનો ઉછેર કરનાર ધાત્રી મહાપ્રજાપતિ ગૌતમીને સંસારત્યાગી ભીખ્ખુસંઘમાં ભળવું હતું. એણે ત્રણ વાર વિનંતી કરી અને બુદ્ધે ત્રણ વાર ના પાડી. પોતાની મા જેવી ધાત્રીને પણ સંઘમાં નહીં ભળવા દેનાર બુદ્ધ સ્ત્રીઓ વિશે શું ધારતા હતા તે આપણે સમજી જ શકીએ છીએ.

એ સિવાયના કેટલાક ધર્મોમાં સ્ત્રીઓને દીક્ષા આપવાનો કે દર્શનનો નિષેધ છે. આ કેમ છે, શા માટે છે એ વિશેનો સવાલ દરેક વખતે, દરેક યુગમાં, દરેક સ્ત્રીએ પૂછ્યો છે.

રાજ્યસભાની વચ્ચે જે દ્રૌપદીએ કુરુવંશના અનેક વડીલો અને દુર્યોધનને સવાલ પૂછ્યો હતો કે, "મારા પતિ પહેલા મને હાર્યા કે પોતાની જાતને?" ત્યારે એનું અપમાન કરવામાં આવ્યું હતું. એ જ દ્રૌપદીએ વર્ષો સુધી એક પણ સવાલ પૂછ્યા વિના સતત એ જ પાંચ પતિઓની સેવા કરી હતી એ વિશે કોઈએ ઉલ્લેખ સુધ્ધાં કર્યો નહીં.

એક સ્ત્રીએ જ – એની સાસુ કુંતીએ જ એને પાંચ પુરુષો વચ્ચે વહેંચાવાનો આદેશ આપ્યો હતો. તેમ છતાં એણે કર્ણના મોઢે 'વેશ્યા' શબ્દ સાંભળવો પડ્યો ત્યારે કોઈએ ઊભા થઈને એનો પક્ષ ન લીધો!

સમાજની આ આખીયે વ્યવસ્થા સ્ત્રીની વિરોધી શા માટે છે એ સવાલ હવે ખરેખર મહત્ત્વનો બનતો જાય છે. કારણ કે સ્ત્રી સમાજવ્યવસ્થાના પાયામાં છે. દરેક વખતે કોઈ પણ સમાજ જ્યારે હચમચી ઊઠે ત્યારે એના પાયા – એના પાયામાં રહેલી સ્ત્રી હચીમચી ઊઠી છે એમ ચોક્કસ માની લેવું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સ્ત્રી બદલાતા સમાજની સાક્ષી અને સાધન બંને છે, કારણ કે નવા સમાજને પોતાના શરીરમાંથી અને પોતાના મનમાંથી એણે જ જન્મ આપ્યો છે. સ્ત્રી ત્યાં સુધી જ સમાજવ્યવસ્થાને આધીન રહે છે જ્યાં સુધી એ ઇચ્છે છે. સમાજવ્યવસ્થા તોડી નાખવાનું સ્ત્રી માટે અત્યંત સરળ છે કારણ કે સ્ત્રીના ચારિત્ર્ય પર આ સમાજવ્યવસ્થાના પાયા ગોઠવાયેલા છે. કોઈ પણ સમાજ જ્યારે પણ સ્ત્રીને અવગણીને આગળ વધે છે ત્યારે એ સમાજ બહુ પ્રગતિ સાધી શકતો નથી.

જેમને વેદો-પુરાણોમાં ક્ષુદ્ર તરીકે ઓળખાવાય છે તેવા લોકોના સમાજ બહુ પ્રગતિ સાધી શકતા નથી કારણ કે ત્યાં સ્ત્રી સન્માનની પ્રથા નથી. સ્ત્રીની નિરક્ષરતા આખાય સમાજની નિરક્ષરતા છે કારણ કે નિરક્ષર માતા ભાગ્યે જ સાક્ષર કે વિદ્વાન બાળક ઉછેરી શકે છે.

સ્ત્રીનો સ્વભાવ એક જ પુરુષ સાથે બંધાઈને રહેવાનો અને સલામતી ઝંખવાનો છે, પરંતુ એના ઉપર એ સહી શકે એનાથી વધારે અત્યાચાર ગુજારવામાં આવે ત્યારે એમાંથી જન્મેલો વિદ્રોહ સર્વનાશ સર્જે છે. સ્ત્રીનો વિદ્રોહ સમાજને બદલે છે – બદલાવાની ફરજ પાડે છે.

બહુ શાંતિથી વિચારીએ તો સમજાશે કે પુરુષ ભાગ્યે જ બદલાયો છે. આજથી ૨૦ વર્ષ પહેલાંના પુરુષમાં અને આજના પુરુષમાં ઝાઝો ફરક નથી પડ્યો. એની જરૂરિયાત, માનસિકતા અને માન્યતા આજે પણ એ જ છે જે આજથી ૨૦ વર્ષ પહેલાં હતાં. મા-બહેન-પત્ની કે દીકરીને અમુક રીતે સુરક્ષિત રાખવી અને બહારની સ્ત્રીને ઉપભોગની દૃષ્ટિએ જોવી એ પુરુષની માનસિકતા ત્યારે હતી અને આજે પણ છે. એને માટે ત્યારે પણ સ્ત્રી મનોરંજન અને ઉપભોગનું, સવલતનું અને સેવાનું સાધન હતી, આજે પણ છે. એને માટે ત્યારે એની પત્નીએ એનું કહ્યું માનવું જરૂરી હતું, આજે પણ છે...

ખરું પૂછો તો છેક પુરાણોના કાળથી પુરુષનાં મન અને વિચારોમાં બહુ ઝાઝો ફેર પડ્યો નથી, પરંતુ સ્ત્રી પ્રત્યેક યુગે બદલાઈ છે. એણે પોતાનો વિકાસ જાતે સાધ્યો છે અને એનું કારણ એની પીડા છે. ફિનિકસ પંખી પોતાની જ રાબમાંથી ઊભું થાય છે. એવી રીતે સ્ત્રી દરેક વખતે પોતાના જ વિનાશમાંથી નવું સર્જન કરે છે.

અમૃતા પ્રીતમ, સારા શગુફતા, તસ્લીમા નસરીન, પરવીન શાકીર, મન્નુ ભંડારી, કૃષ્ણા સોબતી, ઉષા પ્રિયંવદા, પ્રતિભા રાય, મૈત્રેયીદેવી, અરુણા ઢેરે અને સુનિતા દેશપાંડે જેવી અનેક સ્ત્રીઓએ પોતાની વાત કહીને વિદ્રોહની મશાલ જલતી રાખી છે. “જેમ બીજને ઊગવા માટે ધરતીમાં દબાવવું પડે છે એમ દબાયેલી, કચડાયેલી સ્ત્રી ફણગો ફોડીને વિકસે છે અને વિશાળ વૃક્ષ બની જાય છે. જ્યારે પુરુષ માટીની જેમ ત્યાંનો ત્યાં જ રહી જાય છે.” ભર્તૃહરિએ પોતાના એક શ્લોકમાં આ વાત કહી છે.

અર્બન સ્ત્રી ઘરની બહાર નીકળે છે ત્યારે એની સામે એક વિશાળ વિશ્વ ઊઘડે છે. વસ્તુઓથી લઈને વિચારો સુધીનું એક એવું વિશ્વ જેમાં એની પાસે દરેક વાત માટે વિકલ્પ – ઓપ્શન છે. અર્બન સ્ત્રી પાસે દરેક શબ્દના અર્થની એક વિશાળ છત્રી છે જેમાં ઘણું બધું સમાઈ જાય છે. એની સહાનુભૂતિ, એનો પ્રેમ કે એની દોસ્તીની વ્યાખ્યા ઘણી વિસ્તરી છે.

દ્રૌપદીનો વિચાર કરીએ તો ક્યારેક એવો સવાલ થાય કે પાંચ પુરુષો સાથે જીવતી સ્ત્રી સુખી હશે કે દુ:ખી? પાંચ જુદાં મગજ, જુદા વિચારો અને જુદી માન્યતાઓ સાથે એક સ્ત્રી કેવી રીતે ઍડજસ્ટ કરતી હશે. પરંતુ, બહુ નિરાંતે સમજીએ તો ખ્યાલ આવે છે કે દરેક તેજસ્વી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બુદ્ધિશાળી, સફળ સ્ત્રીને એકથી વધુ પુરુષની જરૂર હોય છે. કોઈકની સાથે એ પોતાનું સંવેદન વહેંચે છે, તો કોઈકની સાથે પોતાની બુદ્ધિ... કોઈકની સાથે એ અત્યંત સ્વાભાવિકપણે બાળકી બનીને વર્તી શકે છે તો કોઈકની સાથે એ ગંભીર, સમજદાર, ઠાવકી અને ઠરેલ સ્ત્રી બની જાય છે. કોઈ એક વ્યક્તિ પૂરતી સીમિત રહીને આજની અર્બન સ્ત્રી જીવવા માગતી નથી કારણ કે એના વિચારો કોઈ એક જગ્યાએ બંધાયેલા, સ્થગિત થયેલા પાણી જેવા નથી રહ્યા. એ વહે છે, એને વહેવું છે અને વહેતા વહેતા આગળ જવું છે... રસ્તામાં આવતા દરેક અંતરાયને દૂર કરીને સ્ત્રી વહેવા માટે કટિબદ્ધ છે.

"જાંબુરાખ્યાન" એક આગવી પરંપરા છે. સામાન્ય રીતે મહારાષ્ટ્રની તળપદી બોલીમાં આ જાંબુરાખ્યાનોમાં મહાભારત અને રામાયણની કથાઓને વણી લેવામાં આવે છે. આવા જ એક આખ્યાનમાં દ્રૌપદી કૃષ્ણને કહે છે કે, "કર્ણને જોઈને મારું મન ક્યારેક વિચલિત થઈ જાય છે. મને વિચાર આવે છે કે જો હું પાંચ પાંડવને એક સાથે બાંધી શકું તો એમાં છઠ્ઠાનો સમાવેશ શું કામ ન થઈ શકે?" આવું કહ્યા પછી દ્રૌપદી કૃષ્ણને તદ્દન નિર્ભિક અને સ્વાભાવિકપણે પૂછે છે, "શું આવું વિચારવાથી મારું મન મલીન થયું છે?"

"જરાય નહીં." કૃષ્ણ ઉત્તર આપે છે, "સતત વહી જતી નદીમાં ક્યારેક થોડી માટી, ઝાડ કે ઝાંખરા પડે તેથી નદીનું પાણી મેલું નથી થઈ જતું. એ તો આગળ વહી જાય છે અને એના વહેતા રહેવાની પ્રક્રિયા જ એને શુદ્ધ રાખે છે."

આજનો પુરુષ પોતાની પત્ની પાસે સીતા જેવી એકનિષ્ઠા ઇચ્છે છે, પરંતુ પોતે પ્રકૃતિએ એકથી વધુ સ્ત્રીઓ સાથે સંપર્ક કે સંબંધ રાખવા માગે છે. પોતાને સ્ત્રીમિત્ર હોય તો એ ઘણી જ સ્વાભાવિક વાત છે. એ પોતાની સ્ત્રીમિત્રને મદદ કરી શકે, એને માટે દોડાદોડી કરી શકે, એની સાથે બેસીને એક કપ કૉફી પી શકે જેમાં 'કશું જ ખોટું નથી' એવું એ દૃઢપણે માને છે. પરંતુ, પત્નીનો પુરુષ મિત્ર પણ મોટા ભાગના પતિઓને સ્વીકાર્ય નથી હોતો. સ્વતંત્ર અભિપ્રાય, આવક કે સંબંધ ધરાવતી પત્ની પુરુષ માટે સ્વીકારવી અઘરી છે. પરંતુ એ જ પુરુષ બીજી સ્ત્રીઓની સ્વતંત્રતા અંગે, હોશિયારી અંગે કે આવડત અંગે ખુલ્લા દિલે વખાણ કરી શકે છે!

સીતાની જેમ રાવણની અશોકવાટિકામાં કેદ પોતાની પત્ની ફક્ત પોતાનું જ સ્મરણ કરે, ફક્ત પોતાના જ વિશે વિચારે અને પોતાને જ યાદ કરીને દુ:ખી રહે એનાથી પુરુષનો અહમ્ સંતોષાય છે. પરંતુ, એ પત્ની વિના મજા કરે છે અને સુખી છે એ બાબતે મિત્રો સાથે અત્યંત સ્વાભાવિક રીતે મજાક કરીને એવી અપેક્ષા રાખે છે કે પત્નીએ પણ એ મજાકને સ્વીકારી લેવી.

મોટા ભાગના પુરુષો પોતાના લગ્નજીવન અંગે, પત્નીની સ્થૂળતા અંગે, એના ફુવડપણા અંગે કે એના સ્વભાવ અંગે બહુ જ સ્વાભાવિકતાથી જોક મારી શકે છે. મિત્રો અને મહેમાનોની હાજરીમાં પત્નીને 'જાડી' કે 'ઝઘડાળુ' કહેવી એમના માટે સાવ સાદી બાબત છે, પરંતુ એમને જો એમની પત્ની 'જાડિયો' કે 'કકળાટિયો' કે 'નસકોરાં બોલાવતો' કે 'ખાઉધરો' કહે તો એ એમનાથી સહન થઈ શકે ખરું?

મોટા ભાગના પુરુષ લગ્નજીવનને દોષ દે છે, લગ્ન કરીને પસ્તાયાની લાગણી મોટા ભાગના પુરુષોને હોય છે જેમાંના કોઈક એને શબ્દોમાં વ્યક્ત કરે છે તો કોઈક વર્તનમાં. જે સ્ત્રીને ક્યારેક ખૂબ ચાહી હતી, આરાધી હતી.... જેના વિના જીવી નહીં શકાય એવું લાગતું હતું અને જેને મેળવવા માટે આકાશ-પાતાળ એક કર્યાં હતાં એ સ્ત્રી લગ્ન કર્યાં પછી વીતતાં વર્ષો સાથે ઘરમાં

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પડેલા ફર્નિચરનો એક ભાગ બનતી જાય છે. બાળઉછેર અને સામાજિક વ્યવહારો સિવાય એની ભાગ્યે જ કોઈ જરૂરિયાત રહે છે.

આવા સમયે જેને પોતાના જીવનનું કેન્દ્ર બનાવીને જિંદગી શરૂ કરી હતી એવી સ્ત્રી પોતાના અસ્તિત્વને તદ્દન નિરર્થક અનુભવવા લાગે છે.

સ્ત્રી એક જ પ્રેમમાં જીવન ગાળી શકે છે અને શરીર વગરના સંબંધમાં પણ સમર્પિત રહીને જીવી શકે છે. સામે એ જ સ્ત્રી કોઈ પણ પુરુષને મન વગર શરીર સોંપી શકે છે. બીજાના બાળકને પોતાનું કરી શકે છે અને પતિના જીવનમાં આવેલી બીજી સ્ત્રીને પણ ઓછાવત્તા અંશ સ્વીકારી શકે છે.

કેવા અને કેટલા પુરુષો આટલી સ્વાભાવિકતાથી 'સ્વીકાર' કરી શકતા હશે?

અનેક સ્વરૂપે પૂજાતી શક્તિની આરાધના પણ કદાચ એટલે જ કરવામાં આવતી હશે કે સ્ત્રીના હંમેશા એકથી વધારે સ્વરૂપો છે. એ મા છે, બહેન છે, પત્ની છે, ભાભી છે, કાકી છે, મામી છે, દાદી છે અને બીજું ઘણું છે. એના દરેક સ્વરૂપમાં એ તદ્દન સ્વાભાવિક્પણે ઢળી જાય છે. પાણીને જેમ કોઈ પણ વાસણમાં નાખો અને એ આકાર ધારણ કરી લે એમ સ્ત્રી પોતાના દરેક સ્વરૂપમાં જુદો આકાર ધારણ કરે છે.

સ્ત્રીને 'છલ' કહેતા લોકો પણ સાવ ખોટા નથી, જ્યારે તમને કોઈ એક વ્યક્તિનું સ્પષ્ટ સ્વરૂપ ન સમજાય ત્યારે એ વ્યક્તિ તમને છલનામયી લાગે એ સ્વાભાવિક છે. પરંતુ સ્ત્રી છલ નથી, સ્ત્રી અનેકરૂપ ધારણ કરવાની શકિત ધરાવતું એક એવું વ્યકિતત્વ છે, જેને એના તમામ પાસાં સાથે જ સ્વીકારવું પડે!

એને ચાહવા માટે સમજવી જરૂરી નથી, પરંતુ સમજવા માટે ચાહવી અનિવાર્ય છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પુરુષના માઇક્રોસ્કોપમાં સ્ત્રી

ભારતીય ઇતિહાસ, ખાસ કરીને ભારતનો રાજકીય ઇતિહાસ સ્ત્રીઓના પ્રદાનને નકારી શકે એમ નથી. છેક દ્રૌપદીના સમયથી સ્ત્રીઓ રાજકારણને જુદો આયામ પ્રયત્નપૂર્વક કે અનાયાસ આપતી રહી છે. કૈકેયીથી શરૂ કરીને રઝિયા સુલતાન, અહલ્યાબાઈ હોળકર, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી સ્ત્રીઓએ પ્રત્યક્ષ રીતે, તો જીજાબાઈ, રાણી પદ્મિની કે જોધાબાઈ, નૂરજહાં જેવી સ્ત્રીઓએ રાજકારણમાં પરોક્ષ રીતે અગત્યની ભૂમિકાઓ ભજવી છે.

ભારતના ઇતિહાસ માટે સ્ત્રીઓનું રાજકારણમાં હોવું એ નવી વાત નથી. બલ્કે સાસુ-વહુના સાવ નાનકડા લેવલના પોલિટિક્સથી શરૂ કરીને ૧૯૭૧ની બાંગલાદેશ લડાઈમાં કે ભારતમાં ચૂંટાઈ આવેલી પાંચ-પાંચ મુખ્યમંત્રીઓ સુધી સ્ત્રીઓએ રાજકારણની પોતાની આગવી અને ઊંડી સમજ અવારનવાર સાબિત કરી દીધી છે. પુરુષપ્રધાન સમાજ ગણાતો ભારતનો સમાજ એ હકીકત નકારી શકે એમ નથી કે રાજકારણમાં આગળ પડતા ગણાતા પુરુષો માટે પણ સ્ત્રીઓ, અને એમનું દેખીતું કે છુપાવવામાં આવતું પ્રદાન મહત્ત્વનું બની રહ્યું છે.

ઇંગ્લૅન્ડના પ્રિન્સને ગાદી છોડવી પડે કે ચાણક્ય ચંદ્રગુપ્તને ગાદીએ બેસાડે... આ બંનેમાં બેઝિકલી તો સ્ત્રી જ કારણભૂત બની છે!

મધુમિતા હોય કે મોનિકા... રાજકારણી પુરુષો માટે ખુરશી મેળવવા કે ખુરશી ગુમાવવાનાં કારણોમાં પણ સ્ત્રીઓએ અગત્યનું સ્થાન ભોગવ્યું છે.

સ્ત્રીને ભારતનાં પુરાણોમાં મા અથવા દેવી તરીકે પુજાઇ છે. એને એટલા ઊંચા પેડેસ્ટલ પર બેસાડીને નાની નાની ઘટનાઓથી દૂર રાખવાની કદાચ પુરુષ સહજવૃત્તિ આમાં કામ કરી ગઈ હશે! અથવા, સ્ત્રીઓના અમુક પ્રકારના મૂળત: ગુણોને કારણે કદાચ એવું બને કે એમને રાજકારણી તરીકે સ્વીકારવાની પુરુષોની તૈયારી સહેજ ઓછી હોય. જેમ 'એવરીથિંગ ઇઝ ફૅર ઇન લવ ઍન્ડ વૉર' કહે છે તેમ રાજકારણમાં પણ બધું જ જાયઝ છે. આ 'બધું જ' કદાચ સ્ત્રીની ફિતરતને માફક ન પણ આવે...

સ્ત્રીની લાગણીશીલતા અથવા સંવેદનશીલતા, રોમેન્ટિસીઝમ અથવા ડિપેન્ડન્સના મૂળ ગુણો એને રાજકારણમાં આગળ વધતાં રોકે એવું બને. આ દેશમાં સ્ત્રીની એક આદર્શ પ્રતિમા બનાવવામાં આવી છે. એણે શું કરવું, શું પહેરવું, શું ખાવું-પીવું કે જાહેરમાં અને ખાનગીમાં કઈ રીતે વર્તવું એના ચોક્કસ નિયમો કમ સે કમ ભારતીય સમાજમાં તો પ્રવર્તે જ છે. ઇટાલિયન સોનિયાને પણ સાડી પહેરીને માથે ઓઢીને પોતાની એક ઇમેજ બનાવવાની ફરજ આ દેશ અને એનું રાજકારણ પાડી શકે છે.

ભારતીય સમાજે સ્ત્રી માટે જાત જાતની વાતો કહી છે. શ્રી તુલસીદાસજીએ સુંદરકાંડમાં લખ્યું છે કે, "ગમારક્ષુદ્ર પશુ અને સ્ત્રી આ બધા 'તાડન (માર)ના અધિકારી' છે."

રામાયણના અરણ્યકાંડમાં સ્ત્રીને સઘળાં દુ:ખો માટે કારણભૂત માનવામાં આવી છે. શ્રી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રામના મુખે કહેવડાવાયું છે કે, 'જપ, તપ અને નિયમરૂપી બધાં પાણીનાં સ્થાનોને સ્ત્રી ઉનાળાની ઋતુરૂપે શોષી લે છે.'

'સ્ત્રી અવગુણોનું મૂળ, પીડા આપનાર અને બધાં દુ:ખોની ખાણ છે.'

'કામ, ક્રોધ, લોભ અને મદ વગેરે અજ્ઞાનની સેના છે. એમાં માયારૂપ સ્ત્રી દારુણ દુ:ખ આપનારી છે.'

આ જો એટલી જૂની વાત હોય તો આજના સમયમાં "બૈરાંને શું સમજાય?", "સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ..." અથવા "સ્ત્રી નરકનું દ્વાર છે" કહેનારા પુરુષોનું આ સમાજમાં કમી નથી.

પરંતુ આ જ પુરુષો માટે સ્ત્રી એમના જીવનનું સૌથી મહત્વનું અંગ છે.

તસ્લીમા નસરીને એના એક લેખમાં લખ્યું છે કે, "સ્ત્રી પાસે ધોબી, રસોઇયણ, વેશ્યા, માળી, ચોકીદાર, નોકર સહિતના તમામ કામ કરાવવામાં આવે છે. સામે એને પ્રેમના નામે અવારનવાર એક એવું બંધન આપવામાં આવે છે જેમાંથી બહાર નીકળીને બીજો કોઈ વિચાર કરવો એને માટે અશક્ય બની જાય છે."

છેક પ્રાચીનકાળથી મનુસ્મૃતિના સમયથી પુત્રીને પુત્ર કરતાં ઓછી મહત્ત્વની ગણવામાં આવી છે. અથર્વવેદમાં પુત્રી જન્મને ટાળવા માટેની વિધિ અને પ્રાર્થનાઓ છે. ઉપનિષદમાં પુત્રોત્પત્તિની કામના કરાઈ છે, ગણેશપુરાણ, સ્કંધપુરાણ, માર્કેંડયપુરાણ, ગરુડપુરાણ, વિશ્વકર્માપુરાણ અને વિષ્ણુપુરાણમાં વંશવૃદ્ધિ માટે પુત્રનો મહિમા કરાયો છે.

પુત્ર પિતાનું 'પુત' નામના નરકથી રક્ષણ કરે છે તેથી એને પુત્ર કહેવાય છે એમ વેદો કહે છે.

પુત્રી કેળવણી – પત્ની વિશેના નિયમો કે ઉપપત્ની વિશે માન્યતાઓ જુદી નહોતી. મહાભારતમાં પતિ એક પત્નીને જીવતા બીજી પત્ની કરી શકતો, પરંતુ પત્ની પરપુરુષનું ચિંતન પણ કરે તો એ અક્ષમ્ય અપરાધ ગણાતો. જમદગ્નિ ઋષિ અને એની પત્ની રેણુકાની કથા ખૂબ જાણીતી છે. પોતાના જ પુત્રને પોતાની જ પત્નીનો વધ કરવાની આજ્ઞા કરનાર જમદગ્નિ એને પાપી અને વ્યભિચારી કહે છે.

ટીના દોશીના પુસ્તક 'પ્રાચીનકાળમાં સ્ત્રી'માં એમણે અનુશાસન પર્વ – દાન ધર્મ પર્વના કેટલાંક વિધાન ટાંકયાં છે.

'સ્ત્રીઓ તીક્ષ્ણ સ્વભાવની હોવાથી તીક્ષ્ણ પરાક્રમ કરનારી છે – સ્ત્રીઓને માત્ર યોગબળથી વશમાં રાખી શકાય છે. – સ્ત્રી સાથે વિશ્વાસથી વર્તનારો પુરુષ વિનાશને જ પામે છે – સ્ત્રી કરતાં વિશેષ પાપી કોઈ નથી. સ્ત્રી પ્રદીપ્ત અગ્નિરૂપ છે અને મયદાનવની માયારૂપ છે. – સજૈયાની ધાર, વિષ અને અગ્નિ એ ત્રણમાં જેટલી ઘાતકશક્તિ રહેલી છે તેટલી જ ઘાતકશક્તિ સ્ત્રીમાં હોય છે. – સ્ત્રીઓ અસત્યની જ મૂર્તિ છે – સ્ત્રીઓ ઉચ્છૃંખલ હોય છે તેથી કઠોર વાણીથી, મારઝૂડથી, નજરકેદથી કે અનેક પ્રકારના ક્લેશોથી પણ એમને વશ રાખી શકાતી નથી – સ્ત્રી માત્ર પુરુષોને પ્રાણઘાત કરનારી કૃત્યાઓ રૂપ જ છે.'

હિન્દુ ધર્મ માને છે કે મનુષ્યમાં ત્રણ ગુણો એક સમયે રહે જ છે. તમસ્, રજસ્ અને સત્ત્વ... "સ્ત્રી" શબ્દની ત્રણ લીટીઓ ત્રણેય ગુણોને પ્રસ્તુત કરે છે. મહાભારતના અનુશાસન

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પર્વમાં એક શ્લોકમાં લખ્યું છે, “અન્તકઃ પવનો મૃત્યુઃ પાતાલં વડવામુખમ્ ક્ષુરધારા વિષં સર્પો વિસ્ત્રિનરિત્યેક્તઃ સ્ત્રિયઃ”. જેનો અર્થ થાય છે, યમરાજ, વાયુ, મૃત્યુ, પાતાલ, વડવાનલ, અસ્તરાની ધાર, વિષ, સર્પ અને અગ્નિ – આ બધા વિનાશના હેતુઓ એક તરફ અને સ્ત્રીઓ એકલી એક તરફ... આજના સમયમાં કયું વાક્ય, કેટલા અંશે સાચું પ્રયોજી શકાય એની જાણ નથી.

મહાભારત માટે દ્રૌપદીને અને રામાયણ માટે સીતાને જવાબદાર ઠેરવતો આ સમાજ દરેક વખતે કોઈ પણ પરિસ્થિતિમાં સ્ત્રીને જવાબદાર ઠેરવે છે. જ્યારે પુરુષ લગ્નેતર સંબંધ બાંધે ત્યારે સ્ત્રીનો કકળાટ એને માટે જવાબદાર હોય છે, પરંતુ સ્ત્રીના લગ્નેતર સંબંધોને આ સમાજ માફ કરી શકતો નથી.

પુરુષ લેખકની આત્મકથાને ‘પ્રામાણિક કબૂલાત’ તરીકે હારતોરા કરાય છે. જ્યારે તસ્લીમા નસરીનની આત્મકથામાંથી ચાર પાનાં કાઢવાની ફરજ પડે છે.

સ્વામી આનંદે ‘ધનીમા’, ‘ભીખી મૉનજી રૂદર’ જેવાં પાત્રોનું સર્જન કર્યું છે, તો બીજી તરફ ઇલા આરબ મહેતાની રાધા અને અરુણા ઢેરેની રાધા, પ્રતિભા રાયની દ્રૌપદી અને ચંદ્રકાંત બક્ષીની નાયિકાઓ ગુજરાતી સાહિત્યને નવા આયામ આપતી રહી છે. સૌને સ્ત્રીનો ચહેરો બદલવો છે અને બદલાયો છે એ સ્વીકારવું પણ છે, પરંતુ એની સાથે સાથે એ બદલાયેલા ચહેરા પર ક્યારે પડદો નાખવો અને ક્યારે પડદો ઉઠાવવો એનો કંટ્રોલ પોતાના હાથમાં જોઈએ છે!

હજુ એક દાયકા પહેલાં ગુજરાતી સ્ત્રી માટે એના ઘરની બહાર નીકળીને કમાવું કે પોતાના અલગ વ્યક્તિત્વ વિશે વિચારવું એ બંને સ્વપ્ન સમાન વાત હતી. છેલ્લા એક દાયકામાં ગુજરાતી નારી બદલાઈ છે. એણે આગવું વ્યક્તિત્વ ઊભું કર્યું છે એટલું જ નહીં, પોતાની આગવી દિશા શોધવાના સંનિષ્ઠ પ્રયાસ સાથે એ આગળ વધી રહી છે.

ગુજરાતી સ્ત્રીને માત્ર મા કે પત્ની બનીને પોતાના વ્યક્તિત્વને સીમિત કરવામાં હવે રસ નથી રહ્યો. પોતાની દુનિયા રસોડાની બહાર પણ શ્વાસ લે છે એવો ખ્યાલ ગુજરાતી સ્ત્રીને આવ્યો છે એટલું જ નહીં, એણે બહાર નીકળવાનું શરૂ કર્યું છે. રસોઈને વ્યવસાય બનાવીને એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને માન્યતા અપાવનાર તરલા દલાલને કોણ નથી ઓળખતું? જાણીતા શૅફ સંજીવ કપૂરની પત્ની પણ ગુજરાતી છે.

ઍન્જિનિયરિંગથી શરૂ કરીને મેડિસીન કે કૉર્પોરેટનું એક પણ ક્ષેત્ર એવું નથી, જેમાં હવે સ્ત્રી અગ્રેસર રહી ના હોય. ગુજરાત ચૅમ્બર ઑફ કૉમર્સનાં વાઇસ પ્રેસિડેન્ટ મારૂ જયકૃષ્ણની વાત કરીએ કે ચંદ્રકાંત બક્ષીનાં પુત્રી રિવા બક્ષીની વાત કરીએ... ‘મેટ્રો સમભાવ’નાં દીપલ ત્રિવેદીની વાત કરીએ કે પત્રકારત્વના ક્ષેત્રે નામ લઈ શકાય તેવાં જ્યોતિ ઉનડકટ, શીલા ભટ્ટ, ભાવના સોમૈયા (સ્ક્રીન). અત્યારે ચંદ્ર પર પગ મૂકનાર સુનિતા વિલિયમ્સ પણ ગુજરાતનું લોહી છે, જેનો ગુજરાતને ગર્વ છે.

ગુજરાતી સ્ત્રી વિશે પહેલી નવલકથા ‘સરસ્વતીચંદ્ર’થી શરૂ કરીને મારી પોતાની નવલકથાઓ સુધી ઘણું લખાઈ ચૂક્યું છે. ગુજરાતી નાટકોનાં સ્ત્રીપાત્રોમાં જયશંકર સુંદરીથી શરૂ કરીને આજની યુવાપેઢી સુધી કંઈ કેટલાય ચહેરા બદલાયા છે.

સમય કરવટ લેતો રહ્યો છે અને સાથે કરવટ લીધી છે ગુજરાતી સ્ત્રીના વ્યક્તિત્વએ. ધીરુબહેન પટેલ, વિનોદિની નીલકંઠના સમયનું સ્ત્રીપાત્ર હોય કે વર્ષા અડાલજા કે ઇલા

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આરબનાં સ્ત્રીપાત્ર હોય કે 'સાત પગલાં આકાશમાં'ની વસુધા... ગુજરાતી સ્ત્રી લેખકોએ સમયની છાતી પર પોતાના હસ્તાક્ષર કર્યા જ છે અને સાથે સાથે ગુજરાતના પુરુષ લેખકોએ પણ ગુજરાતની નારીને સમય સમયાંતરે જુદી જુદી રીતે ચીતરવાનો પ્રયાસ કર્યો છે. મુનશીના મીનળદેવી કે મંજરી હોય... સરસ્વતીચંદ્રની કુમુદ કે કુસુમ... રઘુવીર ચૌધરીની અમૃતા હોય કે સુરેશ જોશીની મૃણાલ, રજનીકુમાર પંડ્યાની કુંતી હોય કે પન્નાલાલ પટેલની રાજુ, રમેશ પારેખની સોનલ હોય કે ચંદ્રકાંત બક્ષીની કેયા અને વાગ્દેવી...

લોકકલા અને લોકસાહિત્યમાં પણ ગુજરાતી સ્ત્રીનું આગવું પ્રદાન છે. કચ્છની હસ્તકલા હોય કે ઝાલવાડી ભરત, અમદાવાદની 'સેવા'ની બહેનોની બ્લોકપ્રિન્ટ હોય કે પંચમહાલની બહેનોના કીડિયા અને કથીરના દાગીના... કલાપ્રેમી ગુજરાતણ ક્યાંય પણ વસતી હોય, એ રંગો અને સુંદરતા સાથે પોતાનો સંબંધ જોડી જ લે છે.

જેમ જેમ ગુજરાતની સ્ત્રી બદલાઈ છે તેમ તેમ એને ચીતરવાનાં પરિમાણો અને રંગો બદલાતાં રહ્યાં છે.

સૌથી અગત્યનો મુદ્દો એ બને છે કે ગુજરાતી સ્ત્રીના લાગણીતંત્રને આજ સુધી બીજો કોઈ રંગ ચડી શક્યો નથી.

સ્ત્રીઓ બંગાળની, બિહારની કે મહારાષ્ટ્રની પણ સન્માનીય છે જ, પરંતુ ગુજરાત માટે એક ઉલ્લેખ કરવો બહુ જરૂરી બને છે, કારણ કે ગુજરાતમાં સ્ત્રીને સન્માન અપાવનાર વર્ગમાં પુરુષોનો પણ સમાવેશ કરવો પડે છે. આ લખાય છે ત્યારે પણ ૨૦૦૭માં ગુજરાતમાં – અમદાવાદ કે વડોદરા જેવા શહેરોમાં પણ સ્ત્રીઓ રાતના બે વાગ્યે એકલી ટુ-વ્હિલર પર ફરી શકે છે. એનું કારણ ગુજરાત અને ગુજરાતના પુરુષોની સ્વચ્છ માનસિકતા છે એવું નતમસ્તકે સ્વીકારવું રહ્યું. ગુજરાતી લેખકોએ સ્ત્રીને સદાય સન્માનનીય કલમથી ચીતરી છે. ગુજરાતના દરેકે દરેક પાસાંમાં સ્ત્રીનો ઉલ્લેખ સતત કુટુંબની અગત્યની વ્યક્તિ તરીકે, સન્માનનીય સભ્ય તરીકે થયો છે.

એની સામે એક સ્ત્રી તરીકે મારો દાવો એવો નથી કે ગુજરાતી સ્ત્રીને જે અને જેટલું જોઈએ છે અથવા જે અને જેટલું મળવું જોઈએ તે બધું જ પ્રાપ્ય છે. ગુજરાતનાં કેટલાંય ગામડાંમાં આજે પણ નિરક્ષરતાનો દાનવ પોતાના બિહામણા ચહેરા સાથે મોજૂદ છે. દહેજની પ્રથા તદ્દન નાબૂદ નથી કરી શકાઈ. સ્ત્રીભ્રૂણ હત્યા ગુજરાત માટે આજે પણ સમસ્યા છે જ. પરંતુ એની સામે સરકારે કામ કર્યું છે એ નકારી શકાય એમ નથી.

૨૦૦૬ માં રજૂ થયેલી નારીગૌરવ નીતિ ગુજરાત સરકારનું સરાહનીય પગલું છે. સ્ત્રીને બંધ બારણે થતાં અત્યાચારની સામે રક્ષણ આપવાથી શરૂ કરીને કૌટુંબિક મિલકતમાં સ્ત્રીનું નામ દાખલ કરવા સુધીના કાયદા નારીગૌરવ નીતિમાં આવરી લેવાયા છે. બાળકનું જાતિપરીક્ષણ કાયદેસર ગુનો બને છે અને ગર્ભપાત સામે પગલાં લેવાય છે.

ગઈ કાલ સુધી સાપનો ભારી, બોજ કે ઉકરડો કહેવાતી દીકરી આજે ગુજરાતનાં કેટલાંય ઘરોમાં દત્તક લેવાય છે.

નવભારત સાહિત્ય મંદિર જેવા ગૌરવવંતા ગુજરાતી સાહિત્યના પ્રકાશકોએ 'દીકરી એટલે દીકરી', 'દીકરી વહાલનો દરિયો' અને 'વહાલી આસ્થા' જેવાં પ્રકાશનો કર્યાં છે, જ્યારે ધી ૩૫ એમ.એમ. જેવા નવોદિત પણ તદ્દન જુદો ચીલો ચાતરનારા પ્રકાશકોના 'થેન્ક યુ પપ્પા'

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જેવાં પકાશનોની નોંધ લેવી પડે... જેમાં પિતા-પુત્રીના સંબંધની નાજુક અને સંવેદનશીલ વાત વણી લેવાઈ છે.

ગુજરાતને પોતાના નારીસન્માનનું ગૌરવ છે. કૃષ્ણની પહેલાં રાધા લખનાર ગુજરાતમાં પ્રેમને સ્વીકારવાની માનસિકતા આજથી હજારો વર્ષ પહેલાં પણ હતી જ, પત્નીને બા કહીને સંબોધનાર ગાંધી પણ ગુજરાતનું લોહી હતા.... જ્યારે ઇન્દિરા ગાંધી પોતાને ગુજરાતની પુત્રવધૂ ગણાવતાં હતાં.

ભારતીય સમાજની પરંપરા શક્તિપૂજાની રહી છે.

ગુજરાતમાં સ્ત્રીને આજે પણ સ્વતંત્રતા અને સલામતી આપવી એ એના પરિવારની ફરજ ગણાય છે, જ્યારે સ્ત્રી માટે હવે ઊઘડી રહેલી નવી ક્ષિતિજો તરફ એણે પ્રયાણ કરવા માંડ્યું છે ત્યારે ગુજરાતની નારીનો બદલાતો ચહેરો વધુ સુંદર, વધુ આત્મવિશ્વાસથી સભર, વધુ સંવેદનશીલ અને વધુ તેજસ્વી થઈ રહ્યો છે એ સત્યને ગૌરવપૂર્વક વિશ્વ સામે મૂકતા ગુજરાતને આનંદ છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કાયમ રહી ગયું છે મનનું બધું જ મનમાં કહેતા રહા। છે કાયમ અક્ષર કશુંક બીજું

બેનઝીર ભુટ્ટોનું મૃત્યુ ગોળી વાગવાથી થયું કે બૉમ્બ ફાટવાથી થયું એ વિશેના વિવાદ હજુ શમ્યા નથી. મુશર્રફને કંઈ કહેવાનું છે તો પાકિસ્તાન સરકાર કોઈ બીજી વાત કરે છે. ઇન્ટરનૅશનલ છાપાં સાવ ત્રીજી જ થિયરી ફોલો કરે છે!

પાકિસ્તાનના ક્રિકેટ કોચ વુલ્મરનું આકસ્મિક મૃત્યુ ખૂન હતું કે આત્મહત્યા એની ચર્ચાઓ આજની તારીખે પણ કરવાની મીડિયાને મજા પડે છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ મરી ગયા કે જીવે છે જો મૃત્યુ પામ્યા તો કઈ રીતે... મેરેલિન મનરોનું મૃત્યુ, કે બ્રુસ લીનું મૃત્યુ આજે પણ મીડિયા માટે એક રહસ્ય બનીને રહી ગયું છે.

કેટલાંક નામો એવાં હોય છે જેને જાણવાની, મળવાની તમારી ઇચ્છા અચાનક જ અધૂરી રહી જાય.

ઘણાં કારણો હોઇ શકે!

એમના મૃત્યુ પછીનાં દસ વર્ષે તમે જન્મ લીધો હોય ત્યાંથી શરૂ કરીને તમે મળવાના પ્રયાસમાં હો અને અચાનક જ એ આ જગત છોડી જાય ત્યાં સુધીના ઘણાં કારણો...

તમે ક્યારેય વિચાર્યું છે કે એવા કેટલા લોકો છે જેને મળવાની તમને ઇચ્છા છે! તમારા કાકા, બાળપણના મિત્રો, સ્કૂલની બહેનપણી કે જેને તમે પહેલી વાર ચાહી હતી એવી કોઈ છોકરી... તમે જેને જોયા પછી નજર નહોતા હટાવી શક્યા એવો કોઈ કલાસમેટ છોકરો, તમારા પ્રાથમિક શાળાના શિક્ષક, તમારા પ્રોફેસર જેની સાથે તમે પહેલી નોકરી કરી હતી એવા તમારા બૉસ...

જેની સાથે તમે ઝઘડો કરીને છૂટા પડી ગયા એવી તમારી પ્રેમિકા કે પ્રેમી, જેની સાથે તમે બાળપણમાં રમ્યા એવા કોઈ મિત્ર – જૂના પડોશી કે પછી કોઈ દેશનેતા, ફિલ્મ સ્ટાર, પેઇન્ટર કે લેખક... અથવા તમારા સપનાંની કોઈ સુંદરી...

તમે ક્યારેય વિચાર્યું છે, કે તમે જેની માફી માગવા માગો છો અથવા જેને એવું કહેવા માગો છો કે તમે એને ખૂબ પ્રેમ કરો છો એ વ્યક્તિ અચાનક જ આ જગતમાં ન રહે તો?!

એક નાનકડી સુંદર ઝેન વાર્તા છે. એક છોકરો રોજેરોજ એક લાઇબ્રેરીમાં જતો અને એક પુસ્તક પોતાની સાથે લઈ જતો. લાઇબ્રેરીમાં જે છોકરી કામ કરતી હતી એને આ છોકરો ખૂબ પ્રેમ કરતો પણ એને કહી શકતો નહીં. એ રોજ એને એક પત્ર લખતો પણ પોસ્ટ કરી શકતો નહીં. દિવસો વીતતા ગયા અને છોકરો અચાનક અકસ્માતમાં ગુજરી ગયો. એના ખાનામાંથી આ છોકરીને લખેલા બધા જ પત્રો મળ્યા... અને છોકરી ધ્રુસકે ધ્રુસકે રડી પડી કારણ કે એ એને રોજ જે પુસ્તક આપતી એમાં પત્ર મૂકતી... છોકરો પુસ્તક વાંચવા નહોતો લઈ જતો, છોકરીને મળવા આવતો હતો... એ પુસ્તક ખોલ્યા વિના જ પાછું આપી દેતો અને છોકરીનો પત્ર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વગર ખોલ્યે બંધ કવરમાં પાછો આવતો.

છોકરી માનતી રહી કે એ એને પ્રેમ નથી કરતો એટલે પત્રો નથી ખોલતો, છોકરો માનતો રહ્યો કે હું રોજ જાઉં છું અને પુસ્તક નથી ખોલતો એવી ખબર હોવા છતાં એ કંઈ રિસ્પોન્સ નથી આપતી એનો અર્થ એ કે એ મને નથી ચાહતી...

સંબંધોમાં આવું જ થતું હોય છે, કદાચ!

તમે ખરેખર વિચારીને એક લિસ્ટ બનાવો તો તમને સમજાશે કે તમે વર્ષોવર્ષ બેલેન્સશીટ તો બનાવો છો, રિટર્ન પણ સમયસર ભરો છો, ટી.ડી.એસ. પૂરેપૂરો કપાયો હોય તો કદાચ ઇન્કમટૅક્ષ રિટર્ન પણ મળી જાય છે તમને... એમાં તમે મોડું નથી કરતા. માર્ચની ૩૧મી તારીખ તમને દર વર્ષે બરાબર યાદ રહે છે પણ સંબંધોના હિસાબો કરવાની વાત આવે ત્યારે તમારી અંદર હંમેશા ટાળી દેવાની, મૂકી દેવાની, ફરી ક્યારેક કરવાની અથવા નહીં કરવાની વૃત્તિ જોર કરે છે.

નજીકમાં નજીકની વ્યક્તિ સાથે પણ ગમા-અણગણા કે સુખ-દુ:ખના હિસાબો કરવાની વાત આવે ત્યારે પહેલ કોણ કરે એ વિચારે તમે અટકી જાઓ છો. પ્રિય વ્યક્તિને 'ચાહું છું' કહી શકતા નથી... જેની સાથે મનદુ:ખ થયું હોય એની સાથે બેસીને 'સાચી લેવડ-દેવડ' કરી શકતા નથી.

અંતે તમારું બૅલેન્સશીટ કોરું રહી જાય છે, હિસાબો પૂરા ન હોવાને કારણે સંવેદનાની ક્વેરી નીકળે છે, લાગણીઓનાં વાઉચર અધૂરાં લાગે છે, તમારા વિથડ્રોઅલની સ્લીપ્સ તમે જમા કરેલા ચેક કરતા વધારે હોય છે અને હિસાબોનો તાળો મળતો નથી.

એવાં કેટલાંક સપનાં પણ હોય છે જે અધૂરાં જ રહી જાય છે અને એનું એક માત્ર કારણ એ હોય છે કે તમે એને પૂરા કરવાનો પ્રયાસ માત્ર કરતા નથી.

'નહીં થઈ શકે' અથવા 'નહીં બને' અથવા 'નહીં મળે'ની પૂર્વધારણા સાથે જોવાયેલું સપનું સ્વાભાવિક રીતે જ પૂરું નથી થતું. 'નહીં સમજે!'ની પૂર્વધારણા સાથે કહેવાયેલી વાત બહુ સ્વાભાવિક રીતે સામેની વ્યક્તિ સુધી નથી પહોંચતી અને તમને તમારી વાત નહીં પહોંચ્યાનો અફસોસ બાકી રહી જાય છે...

સાદી-સીધી અને સરળ પરિસ્થિતિઓને પણ વધુમાં વધુ ગૂંચવીને એમાં કઈ રીતે જાતને ફસાવી શકાય એની આવડત આપણા બધા પાસે ઓછા-વત્તા અંશે છે જ. પરંતુ ગૂંચવાયેલી પરિસ્થિતિમાંથી છેડો પકડીને ધીમે ધીમે ઉકેલતા બહાર કઈ રીતે આવવું એની આવડત કેળવવા આપણે કોઈ તૈયાર નથી!

ઘણા લોકોને ગર્વ હોય છે કે, "હું તો હંમેશા સાચું જ કહું છું" ઘણા માને છે કે, "મોઢે કહી દેવામાં વળી સંકોચ શાનો?" ઘણા માણસોને પોતાના 'સ્પષ્ટવક્તા' હોવા પર અને 'ભલભલાને રોકડું પરખાવી દેવાની' પોતાની આવડત પર ઘણો નાઝ હોય છે, પણ આવા લોકોનો તમે ધ્યાનથી અભ્યાસ કરશો તો તમને સમજાશે કે એમની નિકટ કહી શકાય એવું કોઈ નથી હોતું. એમના મોટા ભાગના સંબંધો વ્યાવસાયિક કે બુદ્ધિજન્ય હોય છે. માત્ર સંવેદનના આધારે બંધાયેલા લાગણીભર્યા, હૂંફાળા સંબંધો આવા લોકોની જિંદગીમાં નથી હોતા.

ઘણી વાર નવાઈ લાગે પણ બહુ જ પ્રસિદ્ધ અને સફળ માણસોને એવો એક પણ મિત્ર

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

નથી હોતો જેની સાથે બેસીને એ સુખ-દુ:ખની વાત કરી શકે, મૂર્ખની જેમ હસી શકે, નાના બાળકની નિર્દોષતાથી – પોતાની પ્રસિદ્ધિ અને સફળતાનો મુખવટો ઉતારીને સાવ સામાન્ય થઈને વર્તી શકે!

આવા માણસો પોતાની વાત સાચી સાબિત કરવા માટે, "મને કોઈની જરૂર નથી – મેં કોઈની પરવા કરી નથી – હું એક પળમાં સંબંધ તોડી શકું છું – જેને ગરજ હોય એ સંબંધ રાખે" જેવા કેટલાંય વાક્યો આમ-તેમ ઊછળતાં રહે છે, પણ આવા માણસોની ભીતર ઝાંખીને જુઓ તો સમજાય કે એ કેટલા ખાલી અને એકલા છે!

એમને કદાચ પોતાની એકલતા કોઠે પડી ગઈ હોય એમ બને, પરંતુ એકાંત અને એકલતા વચ્ચે ફરક છે એ વાત દરેક બુદ્ધિશાળી માણસ સમજે છે. જાતે પસંદ કરેલા એકાંત અને ધીમે ધીમે તમારી આસપાસના માણસો ખોવાતા જાય અને ઊભી થતી જતી એકલતા વચ્ચેનો ફરક એ આપણને કહે કે નહીં એમનું મન જરૂર સમજે છે.

આવા લોકો ખાસ કરીને મોટી ઉંમરે સતત પોતાના ભૂતકાળની વાતો કર્યા કરે છે. પોતાની વીતી ગયેલી કાલ, પ્રસિદ્ધિ અને સફળતાને વાગોળી-વાગોળીને એનો ખોટો નશો લીધા કરતા આવા લોકો આજમાં જીવી શકતા જ નથી. કારણ કે એમની આજ ભયાવહ છે અને આવતીકાલ એનાથી પણ વધારે ડરાવે તેવી છે! એક વાર અમિતાભ બચ્ચને એના ઇન્ટરવ્યૂમાં કહેલું, "તમે જ્યારે ઉપર ચઢતા હો ત્યારે રસ્તે મળતા દરેક માણસો સાથે સારી રીતે વર્તવાનો પ્રયાસ કરવો, કારણ કે તમે જ્યારે નીચે ઊતરતા હશો ત્યારે આ જ માણસો તમને પાછા મળવાના છે!"

અચાનક ખોવાઈ જતા સંબંધોનો અફસોસ કરવાને બદલે જેની સાથેનો જે સંબંધ હોય તેનું દેવું ત્યાં જ ચૂકવી દઈને આપણા બૅલેન્સશીટની જેમ બને તેમ ચોખ્ખા રાખવા જવાની પ્રવૃત્તિ કદાચ આજે તમને બહુ જરૂરી ન પણ લાગે.

બૅંકમાં લોન લેવા જાઓ અને પાછલા ત્રણ વર્ષના ઇન્કમટેક્ષ રિટર્ન રજૂ કરવા પડે એવી રીતે જિંદગીની સમી સાંજે જ્યારે હિસાબ કરવા બેસો ત્યારે આંસુ કરતા ખડખડાટ હાસ્યોની સિલ્લક વધે ત્યારે કદાચ તમને એ હિસાબો કર્યાનું સુખ સમજાય એવું બને.

નગ્ન થઈને જૂહુ પર દોડેલી પ્રતિમા બેદી, પરવીન બાબી, મીનાકુમારી, મધુબાલા કે ગુરુ દત્ત જેવા કેટલાય કલાકારો પોતાની એકલતાનો શિકાર થઈને ખોટા સમયે આ જગત છોડી ગયા. જીવ્યા હોત તો કદાચ વધારે સુંદર કામ કરી શક્યા હોત.

મૃત્યુ તમને ક્યારે ભરખી જશે એની તમારી પાસે કોઈ નિશ્ચિત તારીખ નથી. જે બાળક જન્મ્યું તે કોઈ એક દિવસ મૃત્યુ પામવાનું છે એ નક્કી છે. એની ઉંમર ૭-૧૭-૨૭ કે ૭૭ની હોઈ શકે, પરંતુ એની કોઈ વૉરંટી કે ગેરંટી એની હસ્તરેખામાં લખેલી નથી હોતી.

તમે દિવસ શરૂ કરો ત્યારે તમે એક પ્રાયોરિટી લિસ્ટ બનાવો છો, અગત્યનાં કામો પહેલા કરો છો, બિનજરૂરી કે કાલે થઈ શકે તેવા કામ બીજા દિવસ પર નાંખો છો... પૈસા કમાવા, ઘર બાંધવું, ગાડી ખરીદવી કે સફળતા-પ્રસિદ્ધિ મેળવવી એને તમે પ્રાયોરિટી લિસ્ટમાં આગળ મૂકો છો – સંબંધો બાંધવા, વિકસાવવા, પ્રેમ કરવો, પ્રેમ મેળવવો – મિત્રો ઊભા કરવા અને લાગણીઓને સાચી રીતે સાચા માણસ સુધી પહોંચાડવા જેવા કામને તમે રોજ રોજ કાલ પર ટાળતા જાઓ છો! નવાઈની વાત છે ને? જે નથી ટકવાનું એને તમે આગળના લિસ્ટમાં મૂકો છો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને જે તમારા ગયા પછી પણ ટકવાનું છે એને તમે ક્યાંય પાછળ ધકેલી દો છો...

કેમિસ્ટ્રીમાં સમીકરણ સાચા ન થાય તો યોગ્ય સંયોજન બની શકતું નથી, ક્યારેક ધડાકા પણ થાય છે!

સંબંધોમાં આનાથી જુદું નથી – સંબંધનું સમીકરણ પણ સાચી રીતે, સાચા સંયોજનથી બનવું જોઈએ અને એ પણ સમયસર!

કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ચાર પંક્તિઓ આ વાત અદ્‌ભુત રીતે કહી જાય છે:

અંદર કશુંક બીજું બાહર કશુંક બીજું,
સાચે જ થઈ ગયું છે જીવતર કશુંક બીજું.
કાયમ રહી ગયું છે મનનું બધું જ મનમાં,
કહેતા રહ્યા છે કાયમ અક્ષર કશુંક બીજું.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લગ્ન વગરના સંબંધો વિશે ઊહાપોહ કરતા સમાજને સંબંધ વગરના લગ્ન સામે કોઇ વાંધો નથી?

અમેરિકાથી આવેલા એક છોકરાએ બાવીસેક છોકરીઓ જોઈ નાખી પછી એક 'સુકન્યા' ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો. સુકન્યા પાસે ડિગ્રી હતી, ફિગર હતું, ગોરી-પાતળી-ઊંચી છોકરી રસોઈકળામાં નિપુણ હતી.

૧૫ દિવસ માટે આવેલા છોકરાએ લગ્ન કરી લીધાં, છોકરો અમેરિકા પાછો ચાલી ગયો.

એચ-વન-બી વિઝા પર છોકરી તરત જ અમેરિકા પહોંચી ગઈ. અમેરિકા પહોંચતાની સાથે બંને જણાં વચ્ચે ભયાનક ઝઘડા શરૂ થઈ ગયા! કારણ? છોકરી પથારીમાં ઠંડીગાર હતી.

અમેરિકામાં જીવતા છોકરા માટે સેક્સ એ લગ્નનો અગત્યનો ભાગ હતો. જ્યારે છોકરીને પથારીમાં પોતાનું શરીર પતિને સોંપી દેવાથી આગળ બીજું કશું જ કરવાનું જરૂરી નહોતું લાગતું.

લગ્ન પહેલાં બંને જણાં એકબીજાની સાથે સમય ગાળી જ શક્યાં નહોતાં એથી એમને બંનેને ખબર નહોતી કે એમની જરૂરિયાતો શું છે! છોકરા માટે પત્ની રાંધે નહીં તો ચાલે, પણ પથારીમાં 'તૃપ્ત' કરી નાખે એવી હોવી જોઈએ. જ્યારે છોકરી માટે રસોડું, ઘર, વૉશિંગમશીન અને હૉમ અપ્લાયન્સીસની વચ્ચે ગોઠવાઈને જિંદગી જીવવી એ જ લગ્નની 'પરિપૂર્ણતા' હતી.

બે જુદી દિશામાં પ્રવાસે નીકળેલા આખરે અલગ થઈ ગયા!

ઘણા બધા લગ્નજીવન ડિગ્રી સાથે ડિગ્રી મેચ કરીને, કુટુંબ સાથે કુટુંબનું સ્ટેટ્સ મેચ કરીને, ધંધા સાથે ધંધો મેચ કરીને ગોઠવી દેવામાં આવે છે પરંતુ, વર-કન્યાનાં મન એકબીજા સાથે મળે છે કે નહીં, બંને એકબીજાને ચાહે છે કે નહીં, એકબીજા સાથે સુખેથી રહી શકશે કે નહીં આવી કોઈ બાબત વિશે વિચાર કરવાની વડીલોને ફુરસદ હોતી નથી.

સામે પક્ષે જેને અનૈતિક ગણવામાં આવે છે એવા સંબંધમાં સૌથી વધુ મનમેળ જોવા મળે છે, એ ખરેખર નવાઈની વાત નથી? બીજાના લગ્ન બાહ્યાસંબંધ વિશે વાત કરતી વખતે માણસ ખરેખર તો પોતાના સડેલાં લગ્નની વાત કરતો હોય છે. જે વાતને એ ખુલ્લંખુલ્લા ન ચર્ચી શકે એ વાતને બીજાની સમસ્યાનો ઢોળ ચડાવીને કહી દેવાનું સરળ પડે છે.

દરેક લગ્ન સડી જ જાય છે, અથવા બગડી જ જાય છે, અથવા ટકતાં નથી એવું નથી, ન જ હોઈ શકે. પરંતુ, મોટા ભાગનાં લગ્નોમાં પતિ અને પત્ની બંનેની વચ્ચે એક પ્રકારનો થાક, એક પ્રકારનો બોજ જોવા મળે છે. આ થાક અને આ બોજ બંને જણને જિંદગી વિશે એક બિનજરૂરી કંટાળો આપે છે.

જ્યારે મૃતદેહને રાખી મૂકવામાં આવે ત્યારે એમાં એક રાસાયણિક પ્રક્રિયા થાય છે. 'રિગર મોર્ટિસ' નામની આ પ્રક્રિયા મૃતદેહમાંથી ગંદી વાસ અને એમાં સડો શરૂ કરે છે.

લગ્નજીવન પણ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એમાં એક પ્રકારનો સડો શરૂ થઈ જાય છે. એનિવર્સરી કે એકબીજાની વર્ષગાંઠે 'વીશ' કરતી વખતે એમાં લાગણી કે ઉમળકો રહેતા નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એને બદલે લગ્ન વગરના સંબંધમાં વધુ ચેતન અને ઉત્સાહ જોવા મળે છે.

આ સવાલ કદાચ દરેકને થાય કે, "લગ્નેતર સંબંધ શા માટે આટલો બધો આકર્ષક અથવા આનંદદાયક અથવા સુખપ્રેરક હોય છે?"

સૌથી પહેલી વાત તો એ છે કે એમાં કોઈ બંધન નથી. માનવ સ્વભાવ પ્રમાણે જે મિનિટે માણસને બાંધવામાં આવે એ જ મિનિટે એને એમાંથી આઝાદ થવું હોય છે. માણસમાત્રને કોઈ પણ પ્રકારનું બંધન મંજૂર નથી અને એ બંધન જે મિનિટે માણસ ઉપર લાદી દેવામાં આવે એ મિનિટે એને માટે એ 'સ્નેહસંબંધ' નહીં રહેતા 'બંધન' બની જાય છે.

નિખાલસતાની ગેરહાજરી અને પૂરેપૂરા દંભમાં જિવાતા મોટા ભાગનાં લગ્નો માણસની ટેવ બની જતાં હોય છે. કેટલીક વાર એવું લાગે કે બે જણા એકબીજા સાથે કોઈ રીતે જીવી નથી શકતા, તેમ છતાં એકબીજાથી છૂટા પણ પડી શકતા નથી! લગ્નનો સંબંધ એક એવી ગાંઠ બની જતો હોય છે જે ખૂલી શકતી નથી અને સતત નડ્યા કરે છે.

લગ્નેતર સંબંધોનાં કારણો ખરેખર સમજવા અને ચર્ચવા જેવા છે. સ્ત્રી-પુરુષ વચ્ચે બંધાતો કોઈ પણ સંબંધ શરીરની બહાર નીકળીને બાંધી શકાતો નથી એ સત્ય આપણે સૌએ સ્વીકારી લેવું પડે.

પોતાની ઇચ્છાથી, મરજીથી, જરૂરિયાતથી, સમજદારીથી કે બીજા કોઈ પણ કારણસર બંધાયેલો આ 'લગ્નેતર' કહેવાતો સંબંધ ખરેખર જ્યારે લગ્ન પૂરું થાય ત્યારે જ બંધાય છે. આપણે સૌ લગ્નેતર સંબંધને ખરાબ રીતે જોઈએ છીએ અને ગુનો ગણીએ છીએ, પરંતુ સૌથી અગત્યની વાત એ છે કે જ્યાં તિરાડ નથી ત્યાં કશું જ પ્રવેશી શકતું નથી. દરેક વખતે પહેલાં લગ્ન તૂટે છે અને પછી કોઈ પણ લગ્નેતર સંબંધની શરૂઆત થાય છે.

શરીર અનિવાર્ય તત્ત્વ છે, પતિને ભરપૂર શરીર સુખ આપતી સ્ત્રી માટે 'વોહ'નો સવાલ ઊભો થતો નથી. લગ્નજીવનનાં કેટલાંય વર્ષો પછી પણ નવીનતા, રોમાંસ જાળવી શકાય છે – જાળવવું જોઈએ. ક્યારેક કેન્ડલલાઇટ ડિનર, ક્યારેક લોંગડ્રાઇવ, બે દિવસની નાનકડી હોલી-ડે કે અચાનક આપવામાં આવતો પત્ર કે કાર્ડ આ રોમાંસને સતત ધબકતો અને જીવતો રાખી શકે છે.

આત્મસન્માનની લાગણીને બંને પક્ષે જાળવવી કોઈ પણ લગ્ન માટે ઑક્સિજન જેટલી અગત્યની બાબત છે. સતત વખોડતો પતિ કે પતિને મુઠ્ઠીમાં બાંધીને ધાર્યું કરાવતી પત્ની ક્યારેય લગ્નજીવનની ગરિમા જાળવી શકતાં નથી. એક અંગ્રેજી કહેવત મુજબ," તમે દલીલ કરીને પરિસ્થિતિને જીતી શકો છો, પણ માણસને ખોઈ બેસો છો." ધાર્યું કરાવવા માટે 'કંઈ પણ' કરતી સ્ત્રી એ ભૂલી જાય છે કે એ પોતાના પતિના અહમ્ પર રોજેરોજ ઘા કરે છે. એની સાથે દલીલ નહીં કરીને, ઘરની શાંતિ ખાતર એની વાત સ્વીકારી લેતો, માની લેતો પતિ રોજ થોડું થોડું આત્મસન્માન ખોઈ રહ્યો છે. પુરુષ માટે એનો અહમ્ કે અહંકાર એના પુરુષત્વ જેટલી અગત્યની વસ્તુ છે. એને સતત ડોમિનેટ કરતી, બ્લેકમેલ કરતી પત્ની એને માટે એક કંટાળાજનક વ્યક્તિથી વધુ કશું જ રહેતી નથી. એને ક્યાંક, અચાનક એવી વ્યક્તિ મળી જાય છે જે એને નાની નાની વાતમાંથી ફરી એક વાર આત્મસન્માન શોધવામાં મદદ કરે છે.

એ પ્રેમ ન પણ હોય – શરૂઆતમાં માત્ર દોસ્તી હોઈ શકે, પરંતુ સ્ત્રી-પુરુષના સંબંધમાં દોસ્તી અને પ્રેમ વચ્ચેની સાવ પાતળી ભેદરેખા તૂટી જતા બહુ વાર લાગતી નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જે ક્ષણે તમારો પતિ તમારી વાત સ્વીકારી લે, દલીલ કરવાની છોડી દે, સમજાવવાનો પણ પ્રયત્ન ન કરે અને તમારું કલાકોનું ભાષણ ચૂપચાપ સાંભળવા માંડે ત્યારે તમારા સંબંધમાં ભયજનક વળાંક આવી ચૂક્યો છે એવું ચોક્કસ માનજો.

દરેક પત્નીએ સમજવું જોઈએ કે જે વ્યક્તિ તમને સતત ઉતારી પાડતી હોય, તમારે વિશે, તમારા કુટુંબીઓ વિશે ગમે તેમ બોલતી હોય એ વ્યક્તિ પતિ માટે સન્માનને પાત્ર કઈ રીતે હોઈ શકે? જે વ્યક્તિ પતિના સન્માનને પાત્ર નથી એને પતિ પાસેથી પ્રેમની આશા રાખવાનો અધિકાર રહેતો જ નથી.

સામે પક્ષે પત્નીને સતત વખોડતો, ઉતારી પાડતો, નાની નાની બાબતમાં અણ-આવડત વિશે ટકોર કરવો પતિ સમયાંતરે પત્ની માટે એક 'હિટલર'થી વધારે કંઈ રહેતો નથી. જેટલી વખત એ પતિનો વિચાર કરે છે એટલી વખત એની સાથે જોડાયેલી ટકોર અને પોતાની ભૂલોની યાદ તાજી થાય છે. એ પતિ માટે સન્માનને બદલે તિરસ્કારની લાગણી અનુભવવા લાગે છે. જે પુરુષ સ્ત્રીના મનમાં સન્માન જન્માવી શકતો નથી એ પુરુષ ક્યારેય સ્ત્રીના પ્રેમને પાત્ર બની શકતો નથી.

સામે પક્ષે જ્યારે એ જ પતિ કોઈ બીજી સ્ત્રીના વખાણ કરે કે એની આવડત વિશે અછડતી પણ વાત કરે ત્યારે પત્નીના મનમાં ઈર્ષાનો જન્મ થાય છે. પરસ્પર ઈર્ષા અને અહંકારનો ટકરાવ લગ્નને ધીમે ધીમે મૃત:પ્રાય બનાવી દે છે.

સ્ત્રી-પુરુષ સંબંધ ઈર્ષા અને અહંકાર પર જીવે છે. સ્ત્રીની ઈર્ષા અને પુરુષનો અહંકાર એમને પરસ્પર બાંધી રાખે છે. અસલામતી અને ઈર્ષા આમ તો દુર્ગુણ છે પણ એની એક સારી બાજુ એ છે કે એ વ્યક્તિને વફાદાર બનાવે છે.

હવે આ વફાદારી શું છે? પોતાનું લગ્નજીવન સલામત રાખીને પોતાને ફાવે તેવી, ગમે તેવી બીજી વ્યક્તિ સાથે સંબંધ જોડીને પોતાનું સુખ શોધી લેવું તે? કે પછી પોતે જેની સાથે લગ્ન કર્યું છે તે વ્યક્તિને 'જેવી છે તેવી' સ્વીકારીને પ્રેમ કરવો. આ બંને ન ફાવે તો પછી લગ્નજીવનને 'ટાટા-ટાટા-બાય-બાય' કહીને જેની સાથે સાત જનમ જીવવાના સોગંદ લીધા હેતા એવી વ્યક્તિને છોડીને તમને ગમતી વ્યક્તિ સાથે જીવવાનું શરૂ કરવું... સમાજને જે કહેવું હોય તે કહેવા દેવું અને પોતે પોતાની જિંદગી, પોતાના સુખનો વિચાર કરવો!

લગ્ન સામાન્ય રીતે 'સલામતી'નો પર્યાય છે એમ મોટા ભાગનાં દંપતી માને છે.

લગ્ન ન થાય ત્યાં સુધી વજન ઉતારતી છોકરીઓ, સારા દેખાવાનો પ્રયાસ કરતા છોકરાઓ કે પછી કોર્ટશિપ – (વિવાહ અને લગ્નની વચ્ચેના ગાળા) દરમિયાન એકબીજાને રિઝવવાનો એક પણ મોકો નહીં છોડતા બે જણાં લગ્ન થતાં જ એકબીજાને ઘરના ફર્નિચરનો પીસ સમજવા માંડે છે. રસોડા, ડાઇનિંગરૂમ કે પથારીમાં એકબીજાનો યથેચ્છ ઉપયોગ કરીને જરૂરિયાત સંતોષી લેવા સિવાય સહજીવનનું ભાગ્યે જ કોઈ મહત્ત્વ એમના માટે બાકી રહી જાય છે.

લગ્ન 'સલામતી'નું વચન છે જ! પરંતુ કોઈ પણ સંબંધમાં જ્યારે સલામતી પ્રવેશે છે ત્યારે બેદરકારી એની સાથે જ દાખલ થઈ જાય છે. તમે જેને હૃદયપૂર્વક ચાહતા હતા, જેના વિના જીવી નહીં શકાય એમ લાગતું હતું એ વ્યક્તિ તમને મળી જતા, તમારી સાથે એક છત નીચે રહેવા લાગતા તમને એનો અભાવ સાલતો બંધ થઈ જાય છે અને એની સાથે જ એ વ્યક્તિ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

વિશે 'ટેકન ફોર ગ્રાન્ટેડ'નો એક ભાવ પ્રવેશે છે.

વિશ્વાસ, વફાદારી, લાગણી, કાળજી, સલામતી જેવી બાબતોને લગ્ન સાથે જોડતા લોકોને લગ્નમાં ખરેખર શું જોઈએ એની ભાગ્યે જ ખબર હોય છે. ખરેખર તો લગ્ન ટકાવવા માટે સૌથી મોટી જરૂરિયાત નિખાલસતા અથવા સરળતાની છે. સામેની વ્યક્તિને પહેલા જ દિવસથી પોતે જેવા છે તેવા જ દેખાવાથી મોટા ભાગના પ્રશ્નો ત્યાં જ હલ થઈ જાય છે. લગ્ન કરવાની 'ના' પાડવાનાં બધાં કારણો સામેની વ્યક્તિ પાસે હોવા છતાં એ જ્યારે 'હા' પાડે ત્યારે માનવું કે એ ખરેખર તમારી સાથે જીવવા માગે છે.

તમારા અને એના રસના વિષયો એક ના હોય એવું બને, પરંતુ એકબીજાના રસના વિષયો એકબીજાને માણવા દેવા જેટલી ઉદારતા તમારામાં હોવી જોઈએ. પતિનો સંગીતનો શોખ કે પત્નીનો વાંચનનો શોખ એકબીજા માટે 'બોરિંગ' બનવા માંડે એનો અર્થ એમ થયો કે તમે પોતે જ એકબીજા માટે બોરિંગ બનવા માંડ્યા છો. ધારો કે તમારા જીવનસાથી સાથે તમારા રસના વિષયો એક નથી. એવા સમયે એક વ્યક્તિના રસના વિષયો બીજી વ્યક્તિ સાથે સમાન હોય અને એમની વચ્ચે મિત્રતા થાય તેથી પતિ કે પત્ની 'પ્રેમ'માં પડી જ જશે એવું માનવું કે બે વિજાતીય વ્યક્તિઓની મિત્રતાને 'વફાદારી'નો દ્રોહ ગણી ઊહાપોહ કરવાની ખરેખર કોઈ જરૂર હોતી જ નથી.

આપણે 'વફાદારી' શબ્દને સાવ સસ્તો, ઘસાઈ ગયેલાં ચલણી નાણાં. જેવો કરી મૂક્યો છે. ચોરે ને ચૌટે આ વફાદારી શબ્દને કોઈ પણ હાલી-મવાલી વાપરી જાય છે. નાનકડું જુઠ્ઠાણું પણ 'વફાદારી નથી' એમ કહીને મોટા ભાગની પત્નીઓના કે પતિઓના હૃદય ઉપર મહાન આઘાતો થતા હોય છે. વર્ષોનાં લગ્નજીવન હચમચી જતાં હોય છે. ખરેખર નાનકડી વાતને વફાદારી સાથે જોડવી એના જેટલી 'નોનસેન્સ' બાબત બીજી કોઈ નથી!

એક સાદી વાત સૌએ સ્વીકારવી જ પડે કે, ગાંધીજી જેટલું સત્ય કે રાજા હરિશચંદ્ર જેટલી સચ્ચાઈ આજના સમયમાં શક્ય જ નથી. ઑફિસેથી નીકળી ગયેલો છતાં ઑફિસની નીચે કે ઘરની ગલીને નાકે મિત્ર સાથે એક કલાક ઊભો રહેલો પતિ જ્યારે એમ કહે કે, "બાઇકમાં પંચર હતું" અથવા બહેનપણીને ત્યાં સાડી જોવા રોકાઈ ગયેલી પત્ની જ્યારે એમ કહે કે, "રિક્ષા જ ના મળી" ત્યારે એમાં જુઠ્ઠું બોલવા કરતાં સામેની વ્યક્તિને ગુસ્સે નહીં કરાવવા કે દુ:ખ નહીં પહોંચાડવાનો ઉદ્દેશ વધારે અગત્યનો છે.

અને, જો વ્યક્તિના ઉદ્દેશ્ય સમજી શકો તો એની સાથેના સંબંધમાં ક્યારેય ઓટ કે ઊણપ નહીં આવે એ નક્કી છે.

આવા સંજોગોમાં સવાલ થવાનો કે વફાદારી એટલે સાચું બોલીને દુ:ખ પહોંચાડવું? કે પછી નાનકડું જુઠ્ઠાણું બોલીને પરિસ્થિતિ સાચવી લેવી?

જે તમને ચાહે છે એ જ તમારી સાથે જુઠ્ઠું બોલે છે... ત્યારે તમને જુઠ્ઠું બોલે છે એ વાત વધુ મહત્ત્વની લાગે છે કે સામેની વ્યક્તિ તમને ચાહે છે એ વાત?

આવા નાનાં નાનાં જુઠ્ઠાણાને માઇક્રોસ્કોપમાં જોઈને 'ગ્લોરીફાય' કરી નાખતાં પતિ-પત્નીઓ ધીમે ધીમે પોતાના જ લગ્નજીવન પર કુહાડી મારે છે. કાલિદાસની જેમ જે ડાળ પર બેઠાં છે એને જ કાપી રહ્યાં છે એવી એમને જ સમજ નથી પડતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લગ્નજીવનને કઈ રીતે ટકાવવું એ બાબતે સેલ્ફહેલ્પનાં અનેક પુસ્તકો બજારમાં મળે છે, પરંતુ એ બધાં પુસ્તકોમાં જે લખ્યું છે તે પાના પર રહી જાય. દલીલ કરતી વખતે માત્ર જીતવાના ઉદ્દેશ્યથી જો દસ વરસ પહેલાંના ભૂતકાળથી શરૂ કરીને બે મિનિટ પહેલાની ભૂલ સુધીના એક પછી એક હથિયારો બહાર કાઢવામાં આવે તો સામેની વ્યક્તિ હારી જશે એ નક્કી, પરંતુ તમે 'જીતશો' એમ માનતા હો તો તમારાથી વધારે મૂરખ અને તમારાથી વધારે બદનસીબ બીજું કોઈ નથી એ સત્ય પણ સ્વીકારી જ લેજો!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આત્મહત્યા કે આત્માનો અવાજ...સમાજ અને સુખ વચ્ચેનો સવાલ...

હોટેલના એક રૂમમાં એક સ્ત્રી અને પુરુષ દાખલ થાય છે.

બંને જણાના ચહેરા પર એક ન સમજાય તેવો ભાર છે, આંખોમાં ઉદાસી અને હોઠ પર મૌન છે.

બંને જણાં ખાસ્સી વાર સુધી કશું જ બોલ્યાં વિના એકબીજાની સામે નિહાળતાં રહે છે, એકબીજાને સ્પર્શે છે, પ્રેમ કરે છે. સારા એવા સમય સુધી બંને જણાં એકમેકમાં ઓતપ્રોત રહે છે. એમની નિકટતમક્ષણો દરમિયાન સ્ત્રીની આંખોમાં વારે વારે આંસુ ઊભરાઈ આવે છે. એને પ્રેમ કરી રહેલો પુરુષ પોતાના હોઠથી...જીભથી... એ આંસુ લૂછતો રહે છે.

બંને એકબીજાંને એવી રીતે સ્પર્શે છે જાણે હવે આ સ્પર્શ ફરી ન મળવાનો હોય...

દૃશ્ય બદલાય છે.

બંને જણાં ભીની આંખે ટેબલ પર પડેલા ગ્લાસ ઉપાડે છે. એકબીજાંના હાથમાં હાથ પરોવે છે અને ગ્લાસમાંનું પીણું એકીશ્વાસે ગટગટાવી જાય છે.

થોડા કલાકો પછી એકબીજાના આલિંગનમાં દૃઢ બંધાયેલા એમના મૃતદેહ મળી આવે છે!

આલિંગનમાં બંધાયેલા પાણીમાં વહેતા મૃતદેહ...

આલિંગનમાં બંધાયેલા પંખે લટકતા મૃતદેહ...

આલિંગનમાં બંધાયેલા દસમે માળથી ફેંકાયેલા મૃતદેહ...

આ કયા સમાજ તરફની ગતિ છે આપણી? કોઈ પણ માણસે પ્રેમ કરવાની સજા એના જીવનનું મૂલ્ય ચૂકવીને ભોગવવી પડે? આપણે શા માટે કેટલીક પરિસ્થિતિઓને સ્વાભાવિકતાથી સ્વીકારી શકતા નથી?

લાંચ લેવી, છેતરપિંડી કરવી, કોઈના પૈસા ખાઈ જવા, રસ્તા પર મારામારી કરવી, પોતાનાં સંતાનો પર હાથ ઉપાડવો, બેડરૂમના બંધ બારણા પાછળ પત્ની પર બળાત્કાર કરવો કે સંતાનોની સામે પત્ની પર હાથ ઉપાડવો... પતિના માતાપિતાને ગાળો દેવી, જાહેર સમારંભોમાં કે જાહેર જગ્યાએ તાયફા કરીને પતિને શરમજનક હાલતમાં મૂકવો, કાયદાની બીક બતાવી પતિના માતાપિતાને, એના ભાઈ-બહેનને બ્લૅકમેલ કરવા, પતિ પર શંકા કરવી, સતત ઝઘડા કરવા...આ બધું આપણા સમાજને શરમજનક નથી લાગતું, બલકે સ્વાભાવિક લાગે છે.

એકબીજાને સહેજ પણ ન ચાહતા બે લોકો ફક્ત સમાજવ્યવસ્થા ખાતર એકબીજાની સાથે બંધાઈને જીવે એવો પ્રયાસ બંનેનાં માતાપિતા, સગાં-વહાલાં અને સમાજના કહેવાતા મોવડીઓ કરતા રહે છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

'લગ્ન' એક એટલો બધો મોટો શબ્દ છે આ સમાજ માટે કે જેની સામે માણસ, એનું જીવન, એની ઝંખના, જરૂરિયાત, અકળામણ કે તકલીફ તદ્દન શૂન્ય બની જાય છે.

રજનીશ કહે છે કે, "લગ્નસંસ્થા પ્રકૃતિથી વિરોધી છે. લગ્ન બંધન હોવાથી એકબીજાથી છુટકારો મેળવવાની જરૂરિયાત ઊભી કરે છે, કારણ કે વાસ્તવમાં તેનાથી તમારી આઝાદી છીનવાઈ જાય છે! માનવજીવનમાં આઝાદીનું મૂલ્ય સર્વોચ્ચ છે. તમામ દંપતીઓને મુક્ત કરો તો તમને નવાઈ લાગશે કે દુનિયા સ્વર્ગ બની ગઈ."

વિચારક-લેખક રમણ પાઠકે એક વાત લખી છે, "મનુષ્ય સિવાયના સસ્તન વર્ગનાં પ્રાણીઓમાં નર કેવળ જાતીય આનંદ ખાતર જ માદાનો પીછો કરે છે. એના સંતોષ બાદ તત્કાળ બંને જણાં છૂટાં પડી પોતપોતાના માર્ગે ચાલ્યાં જાય છે. નરને તો જાણ પણ નથી થતી કે પોતે માણેલા પરમ આનંદને પરિણામે બીજનિક્ષેપ થયો છે અને એના પરિણામરૂપ સંતતિમાં પોતાનો અડધોઅડધ હિસ્સો છે. માનવસમાજની લગ્નવ્યવસ્થા કુદરતી નથી. પ્રકૃતિ નથી, કેવળ સંસ્કૃતિ છે. ટૂંકમાં જાતીય આનંદની તીવ્ર ઇચ્છા એ સંપૂર્ણ કુદરતી છે અને લગ્નાદિવ્યવસ્થાઓ અકુદરતી હોવાથી અસ્વાભાવિક છે."

બનાર્ડ શો જેવા વિચારકે પણ કહ્યું છે કે, "મૅરેજ ઇઝ એ ઘાસ્ટલી પબ્લિક કન્ફેશન ઑફ સ્ટ્રીક્ટલી પર્સનલ ઇન્ટેન્સન" (લગ્ન એ નર્યા અંગત પ્રયોજન માટેનું ધૃષ્ટતા ભરેલું જાહેર એકરારનામું છે.) સેક્સને પાપની નજરે જોવામાં આવે છે એટલે એ કાર્ય કરવાનો લગ્ન ખુલ્લો અને જાહેર પરવાનો આપે છે. જે ડબલ્યુ. ટર્નરે પોતાના એક લેખમાં લખ્યું છે કે, "મૅરેજ ઇઝ બટ રનિંગ હાઉસ શેરિંગફૂડ એન્ડ કંપની વૉટ હેઝ ધીસ ટુ ડુ વીથ લવ ઓર ધ બૉડીઝ ખ્યુટી?"

(લગ્ન એટલે શું? ઘર ચલાવવું, સાથે ખાવું અને સાથે જીવવું. સ્ત્રી-પુરુષના પ્રેમ અને શરીરના સૌંદર્ય જેવા અદ્ભુત આનંદો સાથે એવા લગ્નને શી લેવાદેવા?)

તેમ છતાં સ્ત્રી-પુરુષના મૈત્રીસંબંધને – ખાસ કરીને લગ્ન બહારના સંબંધને આ સમાજ સુગાળવી નજરે જુએ છે. દરેક વખતે આ સંબંધમાં દાખલ થનારા બંને જણાં ખોટાં અને ગુનેગાર સાબિત થાય છે, પરંતુ એને માટે જવાબદાર બીજા કેટલાંય પરિબળો વિશે આ સમાજ વિચાર સુધ્ધાં કરવા તૈયાર નથી.

આ સમાજે ક્યારેય લગ્ન બહારના સંબંધને માન્યતા આપી નથી. આ સવાલ માત્ર ભારતમાં જ નથી. બિલ ક્લિન્ટન અને મોનીકાના સંબંધ વિશે પણ અમેરિકન સમાજે ઊહાપોહ જગાવ્યો હતો. નેહરુ અને એડવિનાનો સંબંધ લગ્નનો સંબંધ નહોતો અને તેમ છતાં આ સંબંધ નેહરુના જીવનમાં સૌથી અગત્યનો સંબંધ બની રહ્યો. ભારતને આઝાદી અપાવનાર મહત્ત્વના લોકોની યાદીમાં 'લૉર્ડ માઉન્ટ બેટનની પત્ની'નું નામ લેવું જ પડે. કૃષ્ણ અને દ્રૌપદીનો સંબંધ લગ્નના લેબલવાળો સંબંધ નહોતો અને છતાં પાંચ પતિઓ જ્યારે એનું રક્ષણ કરવામાં અસમર્થ રહ્યા ત્યારે દ્રૌપદીએ 'કૃષ્ણ'નું નામ લીધું.

આ સમાજ બે મોઢા ધરાવે છે. રાધાકૃષ્ણની પૂજા કરતો આ સમાજ રેખા અને ગણપતને, રાજેશ અને સ્મિતાને અને બીજાં આવાં કેટલાંય નામોને આત્મહત્યા તરફ ધકેલે છે.

આ સમાજ બહુ સ્વાભાવિક રીતે એવું કહે છે કે, "જોડીઓ સ્વર્ગમાં બને છે." પરંતુ, એ વાત માત્ર લગ્ન પૂરતી જ સીમિત છે. એ સિવાયની કોઈ જોડીને ઈશ્વરના આશીર્વાદ હોઈ શકે એવું આ સમાજ વિચારવા પણ તૈયાર નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માણસ એક વાર લગ્ન કરી લે ત્યાર પછી એના મનમાં કોઈ ઇચ્છા કે ઝંખના બચવા જ ન જોઈએ એવું આ સમાજ માને છે. સપ્તપદીની સાત પગલાં એક સાથે ભર્યાં પછી માણસે સાત જનમ સાથે જ જીવવા એવું આ શાસ્ત્ર કોઈ પણ રીતે માણસના મનમાં ઉતારવાનો પ્રયાસ કરે છે.

ગોરી, પાતળી, ઊંચી 'ન્યાત'ની છોકરીને પરણવાનો આગ્રહ કરતાં માતા-પિતા, કે પછી છોકરાની નોકરી અને ડિગ્રી, ખાનદાની અને બૅંક બૅલેન્સને જોઈને દીકરીને માંડવામાં પધરાવી દેતાં માતા-પિતા એટલું વિચારવા તૈયાર નથી કે એમના પુત્ર કે પુત્રીને કેવા પ્રકારના જીવનસાથીની અપેક્ષા છે.

એલન નામના એક માનસશાસ્ત્રીએ લખ્યું છે કે, "દરેક સ્ત્રી પોતાને કોઈ પ્રેમ કરે એમ ઇચ્છે છે અને એને પ્રેમ કરનારે પહેલા એના આત્મા અને પછી એના શરીરને સ્પર્શવું એમ એ માને છે."

હેવલોક ઍલિસ કહે છે કે, "પ્રેમની કલા પોતાની જ વ્યક્તિમાંથી કશુંક નવું નવું શોધવામાં રહેલી છે. સુખ એટલે લગ્નનો અંત. એકવિધ જીવનમાં જિંદગીની અંતિમ સીમા આવી છે. પતિની આસપાસ દુનિયાને ગૂંથતી રહેલી સ્ત્રી અચાનક જ પતિમાંથી રસ ખોઈ બેસે છે અને સંતાનોમાં પોતાની જાતને ગોઠવતી થઈ જાય છે."

ડૉ. સેમ્યુલ જ્હોનસને લખ્યું છે કે, "લગ્ન એટલે બીજી વ્યક્તિનો સંપૂર્ણ સ્વીકાર. એની સારાઈઓ અને ખરાબીઓનો સંપૂર્ણ સ્વીકાર. હવેના સમયમાં આ સ્વીકારની વ્યાખ્યા બદલાઈ છે. સામેની વ્યક્તિને પોતાને જેવી જોઈએ છે તેવી બનાવીને સ્વીકારવી એટલે લગ્ન."

પોતાનાથી અઢાર વર્ષ નાના ઇમરોઝ સાથે જીવતી અમૃતા પ્રીતમ હોય કે વગર પતિએ બાળક દત્તક લઈને મા બનેલી સુસ્મિતા સેન, સમય બદલાયો છે. સ્ત્રીની જરૂરિયાત એ જ રહી છે.

લગ્નેતર સંબંધમાં દાખલ થતી સ્ત્રી દરેક વખતે કોઈ વિવિધતા માટે, શરીરની જરૂરિયાતની પૂર્તિ માટે કે કોઈ વાસનાના ખેલ ખેલવા જ દાખલ થાય છે એવું માનીને ચાલનારા આ સમાજે હવે જુદી રીતે વિચારવાની જરૂર છે. પુરુષ દરેક વખતે વિવિધતા જ ઝંખે છે અથવા આવા સંબંધોમાં માત્ર શરીર જ કારણભૂત છે એ માન્યતા સમાજના સડેલા માનસમાંથી બહાર પડેલી એક ગંદી વિચારસરણી છે.

સાચું પૂછો તો આવા સંબંધમાં ખરેખર સમજદારી અને એકબીજા પરત્વેની કાળજી જ મહત્ત્વની હોય છે. એકબીજાની સાથે સીધી રીતે વાત પણ ન કરી શકતા બે જણા એક જ છત નીચે જીવે છે, પરંતુ અઠવાડિયામાં ભાગ્યે જ બે-ચાર કલાક મળતા બે જણા મોટા ભાગે વગર કહ્યો જ એકબીજાની વાત સમજી જતા જોવા મળે છે.

ગુરુદત્તની ફિલ્મ 'કાગઝ કે ફૂલ'માં એની નાયિકા વહિદા રહેમાન ગુરુદત્તને પૂછે છે, "પતા નહીં દોસ્ત લોગ એક દૂસરે કો ઇતના ક્યું સમજને લગતે હૈ" આટલા અબજ લોકોની ભીડમાં કોઈ એક જ વ્યક્તિ વિના તમે નહીં જીવી શકો એવી લાગણી શું માત્ર શારીરિક આનંદ-વાસના કે વિવિધતા માટે બંધાતા સંબંધમાંથી સંભવી શકે?

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનાં ભાભી કાદમ્બરીદેવી સાથે એમને સંબંધ હતો. રવીન્દ્રનાથ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ટાગોરે લગ્ન કર્યાં ત્યારે કાદમ્બરીદેવીએ આત્મહત્યા કરી હતી.

'મનના મેળ' વાળું યુગલ આ સમાજ માટે 'કલંક' છે, પરંતુ એમણે લેબલ લગાડીને જોડી આપેલું યુગલ ગમે તેટલું કજોડું હોવા છતાં એમની સભ્યતા અને સંસ્કૃતિના પાયા મજબૂત કરે છે માટે એણે એમ જ જીવવું રહ્યું એવું આ સમાજ માને છે.

પતિ સાથે કકળાટ કરતી પત્નીને પણ સ્વીકારીને એની જ સાથે જીવવું એવો હઠાગ્રહ આ સમાજ કરી શકે છે, કારણ કે આ સમાજને લાગે છે કે આવું કહેવાથી જ સભ્યતા અને સંસ્કૃતિને સાચવી શકાશે. 'સ્વતંત્રતા' નામનો શબ્દ આપણો સમાજ કદી સમજ્યો નથી અને સમજી શકશે પણ નહીં. એમાંય સ્ત્રીની સ્વતંત્રતાના નામે તો આ સમાજ એટલો બધો ડરી જાય છે કે સ્ત્રીને દુરાચારી, કુલટા અને પાપીણી કહીને એની જરૂરિયાતને કચડી-મરોડી નાખવા સિવાય આ સમાજ પાસે બીજો કોઈ રસ્તો રહેતો નથી. 'જવાબદારી' અને 'જરૂરિયાત' વચ્ચેનો તફાવત સમજી શકે એટલો પુખ્ત આ સમાજ હજી થયો નથી અને આવનારાં વર્ષોમાં કદાચ થશે પણ નહીં. કાયદા અને નૈતિક ફરજના નામે વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે નહીં જીવવા દેવામાં સમાજને પોતાની જીત દેખાય છે. એક વ્યક્તિ – એ સ્ત્રી હોય કે પુરુષ પોતાની લાગણીને મુક્તપણે અનુભવે કે અભિવ્યક્ત કરે તો આ સમાજને એમાં ભય લાગે છે. આત્મહત્યા કરી શકાય, પરંતુ આત્માને અનુસરી ન શકાય એ આ સમાજની દૃઢમાન્યતા છે. આ સમાજમાં જીવતા કેટલાં દંપતી એકબીજાં સાથે ખુશ છે એવો સવાલ જો હૃદય પર હાથ મૂકીને પૂછવામાં આવે તો જવાબ શું હોઈ શકે એની સૌને જાણ છે. એથી જ આ સમાજમાં આવા આત્મહત્યાના પ્રસંગો વધુ ને વધુ બનવા લાગ્યા છે.

લગ્નેતર સંબંધો આવકાર્ય છે અથવા આવા સંબંધોને સ્વીકારવા જોઈએ કે એની કોઈ વકીલાત કરવાનો આ લેખકનો ક્યારેય ઉદ્દેશ્ય હોતો નથી, પરંતુ માત્ર 'સાથે નહીં જીવી શકવાના કારણે' સાથે મૃત્યુ પામતા બે વ્યક્તિઓને એક સ્વસ્થ જીવન જીવવા દેવું એમાં કશું ખોટું નથી એટલી જ વાત હવે આપણે સૌએ સ્વીકારવી રહી.

આપણાં શાસ્ત્રો જે સમયમાં લખાયાં હતાં એ સમય આજથી હજારો વર્ષ પહેલાંની સંસ્કૃતિનો સમય હતો. એ સમયની માન્યતાઓ, જનજીવન, આહાર-વિહાર અને આચાર સાવ જુદાં હતાં. એ શાસ્ત્રો પ્રમાણે આજના સમયમાં જીવતી વ્યક્તિને જીવવા માટે બાધ કરવી એ કેટલી મોટી અનૈતિકતા છે એનો ખ્યાલ આજના સમાજને આવે તો આવા અપમૃત્યુ અટકાવી શકાય. એક સાદો લૉજિકલ સવાલ એ છે કે રેખા-ગણપત, કે રાજેશ-સ્મિતાના મૃત્યુ પછી એમનાં સંતાનોનું શું થયું – અથવા શું થશે એ વિશે આ સમાજના કહેવાતા ઠેકેદારો કોઈ ફિકર કરે છે ખરા? મૃત્યુ પામેલા પિતાને બદલે માની જગ્યાએ કોઈ બીજી સ્ત્રીને પ્રેમ કરતા પિતાની હાજરી વધુ મહત્વની નથી?

મા હોય જ નહીં એના કરતાં એ મા કોઈ બીજાને પ્રેમ કરીને પણ સંતાન પરત્વેની પોતાની જવાબદારીઓ પૂરેપૂરી સ્વીકારીને પૂરી કરે એ વધુ ઇચ્છનીય નથી? સમજદારી વિના બે લોકોને સાથે બાંધી રાખવામાં કઈ સભ્યતા અને કઈ સંસ્કૃતિ સચવાય છે એ સવાલ આજના કહેવાતા 'સામાજિક કાર્યકરો'એ પોતાની જાતને પૂછવો રહ્યો.

આત્મહત્યા કરીને જિંદગીથી ભાગી છૂટનાર વ્યક્તિને બદલે સાચું બોલીને પોતાના સંબંધને સ્વીકારીને પોતાના કુટુંબની જવાબદારી લેતો માણસ વધુ હિંમતવાળો છે અને એ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

હિંમતને દાદ દેવી જ રહી.

જ્યાં એનો આત્મા નથી વસતો ત્યાં માત્ર પોતાની જવાબદારી સમજીને જીવતો પુરુષ પોતાના મન, જરૂરિયાત, ઝંખના અને જિંદગી સાથે કેટલું મોટું સમાધાન કરે છે એ સમજવા અને એને સ્વીકારવાને બદલે આ સમાજ એને મળતા સુખના થોડા કલાકો પણ છીનવીને એને મૃત્યુ તરફ ધકેલે છે. ખરેખર આવા આપઘાતમાંથી બચી ગયેલા લોકોને સજા કરવાને બદલે એમને આપઘાત કરવા માટે મજબૂર કરનારા સમાજને સજાપાત્ર ગણવો જોઈએ.

પારકાની જિંદગીમાં ચંચુપાત કરીને એણે કઈ રીતે જીવવું એ વિશેનાં ધારાધોરણો નક્કી કરતો આ સમાજ પોતે કેટલો સાચો અને ચોખ્ખો છે એ આપણે સહુ જાણીએ છીએ.

ચંદ્રકાંત બક્ષીની નવલકથા 'મારું નામ તારું નામ'માં ત્રણ સંતાનોના પિતા તેજ ૬૪ વર્ષની ઉંમરે પોતાની ૫૨ વર્ષની પ્રેમિકા વાગ્દેવીને ત્યાં રહેવા ચાલી જાય છે અને જતાં જતાં 'નિશ્ચલ' સ્વરે કહે છે, "મારું કામ પડે તો વાગ્દેવીને ત્યાં ફોન કરવાનો."

આજના સમાજને આવા તેજ અને વાગ્દેવીની સચ્ચાઈ અને સ્પષ્ટતા પર ગર્વ હોવો જોઈએ.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

‘સેક્સ’ સાપ જેવો સુંવાળો, સરકતો અને એટલો જ ભય જન્માવતો શબ્દ!

ભારતનું એક જાણીતું ન્યૂઝ મૅગેઝિન દર વર્ષે સેક્સ ઉપરના સર્વે ધરાવતો એક ખાસ અંક બહાર પાડે છે. જેમાં ભારતીય પરિવેશમાં જીવતાં કેટલાંક દંપતીઓને સેમ્પલ સર્વે તરીકે અમુક સવાલો પુછાય છે. એમના જવાબોને ટકાવારીમાં વહેંચીને ભારતીય સમાજમાં પ્રચલિત માન્યતાઓ અને વિચારો વિશે ચોંકાવનારાં પરિણામો બહાર પાડવામાં આવે છે.

સામાન્ય રીતે આ પરિણામો જુદાં જુદાં (ક્રોસ સેક્શન)માંથી લેવામાં આવે છે.

છેલ્લા થોડા વખતમાં કરવામાં આવેલા સર્વેમાં એવી ઘણી વાતો બહાર આવી છે જેને વિશે શહેરમાં વસતા – ભણેલા લોકો ભવાં ઊંચાં કરીને વિચારમાં પડી જાય એવું બને.

ભારતીય સમાજમાં ૬૨ ટકાથી વધુ પુરુષોએ પોતાની પત્નીને નગ્ન જોઈ નથી. ૭૮ ટકાથી વધુ પુરુષોને ખબર જ નથી કે પત્નીની ચરમસીમા આવે છે કે નથી આવતી. એમાંના ૭૫ ટકા પુરુષોએ કહ્યું કે એમને એની ચિંતા પણ નથી. ૮૦ ટકાથી વધુ સ્ત્રીઓ પતિ વિશે કંઈ જ જાણતી નથી. એને કેવા પ્રકારનું સેક્સ ગમે છે અથવા એ શાનાથી ઉશ્કેરાય છે એવી કોઈ માહિતી વીસ વીસ વર્ષના દાંપત્યજીવન પછી પણ મોટા ભાગની પત્નીઓ આપી શકી નહોતી.

૩૩ ટકાથી વધુ પુરુષોએ કહ્યું કે એમને માટે સેક્સ રિલેક્સેશનની એક પ્રક્રિયા છે. ૫૫ ટકાથી વધુ પુરુષો સમાગમ પત્યા પછી ઊંઘી જવાનું, સિગારેટ પીવાનું કે કંઈ ન કરવાનું પસંદ કરે છે.

જ્યારે સ્ત્રીને પુરુષની પાસે રહેવાનું, સ્પર્શ કરવાનું ગમે છે.

ભારતની ૩૦થી ૪૦ વર્ષની બાવન ટકા સ્ત્રીઓએ કહ્યું કે તેઓ લગ્ન પહેલાં વર્જિન – કુમારિકા હતી, જ્યારે ૨૦થી ૩૦ વર્ષની છોકરીઓમાં માત્ર ૨૩ ટકા છોકરીઓ લગ્ન પહેલાં સેક્સથી દૂર રહી હતી.

પુરુષોને પુછાયેલા એક સવાલમાં મોટા ભાગના પુરુષોએ કહ્યું કે એમને સેક્સમાં ‘વેરીએશન’ – વિવિધતા ગમે છે અને વિવિધતા એટલે જુદી જુદી સ્ત્રીઓ પણ ખરી અને એક જ સ્ત્રી સાથે જુદા જુદા પ્રકારનું સેક્સ પણ ખરું જ.

પૂર્વનાં શાસ્ત્રો અને પશ્ચિમનું વિજ્ઞાન કહે છે કે પુરુષ સ્વભાવે બહુ વિવાહી છે. એને માટે શરીર સુખનું સાધન છે. પુરુષ માટે સેક્સ એક જરૂરિયાત છે. પુરુષને સેક્સ સ્ત્રી કરતાં વહેલું સમજાય છે, પ્રમાણમાં વધુ અગત્યનું લાગે છે.

વિધવા સ્ત્રી કદાચ સેક્સ વગર નિરાંતે જીવી શકે છે, પરંતુ પુરુષ માટે સેક્સ વિના જીવવું સ્ત્રી કરતાં અઘરું છે. આવું અનેક સર્વેક્ષણ અને વિજ્ઞાન કહે છે કદાચ એટલે જ લગ્નેતર સંબંધમાં સ્ત્રી કરતાં પુરુષ ઝડપથી ઘસડાઈ જાય છે.

જોકે શરીરસંબંધમાં સ્ત્રીને વધુ સુખ અથવા વધુ આનંદ મળે છે એવું પશ્ચિમના વિજ્ઞાને

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સાબિત કર્યું છે.

અનુશાસન પર્વના દાન-ધર્મ પર્વમાં યુધિષ્ઠિર ભીષ્મ પિતામહને પ્રશ્ન કરે છે, સ્ત્રીપુંસયો: સમ્પ્રયોગે સ્પર્શ: કસ્યાધિકો ભવેત્... આ સવાલનો અર્થ થાય છે કે સેક્સમાં કોને વધારે મજા આવે છે – સ્ત્રીને કે પુરુષને? આ સવાલ જેણે પૂછ્યો છે તે ધર્મના ઝંડાને લઈને જીવતા યુધિષ્ઠિર છે અને જેને પુછાયો છે તે ભીષ્મ પિતામહ છે, જેમણે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા કરી હતી.

આ સમયે ભીષ્મ ભંગાસ્વન રાજાની વાર્તા કહે છે. જેમાં ભંગાસ્વન સરોવરમાં નહાવા ઊતરે છે અને સ્ત્રી બની જાય છે... સમય જતાં ઇન્દ્ર એના પર પ્રસન્ન થાય છે અને એને પૂછે છે કે તારે ફરીથી પુરુષ બનવું છે? ત્યારે ભંગાસ્વન ના કહે છે અને સ્ત્રી જ રહેવાનું સ્વીકારે છે. અને સાથે સાથે કહે છે કે, "સ્ત્રિયા: પુરુષસંયોગે પ્રીતરભ્યધિકા સદા" – સ્ત્રીનો પુરુષ સાથે સંયોગ થાય છે ત્યારે પુરુષ કરતાં સ્ત્રીને વિશેષ વિષયસુખ અથવા સેક્સ આનંદ મળે છે. "રમિતાભ્યધિંક સ્ત્રીત્વે સત્યં વૈ દેવસત્તમ/સ્ત્રી ભાવેન હિ તુષ્યામિ ગમ્યતાં ત્રિદશાધિપ" – મેં સ્ત્રીરૂપમાં વધારે રતિસુખનો અનુભવ કર્યો છે, માટે દેવશ્રેષ્ઠ આપ પધારો.

મહાભારતના કાળમાં સ્ત્રીની જાતીયતા વિશે આટલી સરળતાથી વાતચીત થઈ શકતી હતી અને એ પણ દાદા અને પૌત્રની વચ્ચે. આજના સમયમાં માતા-પુત્રી કે પિતા-પુત્ર વચ્ચે પણ 'સેક્સ' શબ્દ આરડીએક્સથી વધુ વિસ્ફોટક અને તેજાબથી વધુ દાહક બની રહ્યો છે. જે આપણા અસ્તિત્વનું કારણ છે એને આટલા બધા ભયથી, જુગુપ્સાથી, લાલચથી કે તિરસ્કારથી જોતાં આપણે જ આપણાં સંતાનોને શીખવીએ છીએ. એમનો જન્મ જે પ્રક્રિયામાંથી થયો છે એ પ્રક્રિયા કઈ રીતે જુગુપ્સાપ્રેરક હોઈ શકે?

આપણે જે મૅગેઝિન વિશે ચર્ચા કરીએ છીએ એમાં એક વાત ખૂબ જ ધ્યાન ખેંચે એવી હતી. ગામડાં અને શહેર સહિતની ૩૦થી ૫૦ વર્ષની લગભગ ૮૯ ટકા સ્ત્રીઓએ કહ્યું કે એમને એમના ઓર્ગેઝમ (ચરમસીમાની) લાગણીની ખબર જ નથી!

પતિને શરીર સોંપી દેતી સ્ત્રીઓ પોતાના સુખ વિશે કે પતિની જરૂરિયાત વિશે વિચારતી પણ નથી. પથારીમાં પડ્યા પડ્યા આવતી કાલે સવારનાં શાક, દૂધવાળાનો સમય, બાળકોની સ્કૂલની બસ, સાસુ સાથેનો ઝઘડો, પડોશીની પત્નીએ ખરીદેલો નવો સોનાનો સેટ... કોણ જાણે કેટલા વિચારો એના મગજમાંથી પસાર થયા કરે છે. એટલે વિચારશૂન્ય થઈ શકતી નથી. જાતને પરોવી શકતી નથી એટલે વિખરાયેલી રહી જાય છે. એમને માટે સેક્સ બાળક પેદા કરવાની એક પ્રક્રિયાથી વધુ કશું જ હોતું નથી. તેથી સુખ ભોગવી શકતી નથી અને સુખ આપી પણ શકતી નથી.

સેક્સ માત્ર શરીરથી જ ભોગવી શકાય છે એ ખ્યાલ સ્ત્રીને લગભગ નિષ્ક્રિય બનાવી દે છે. એ કારણે પતિને પત્નીમાં 'મન' કે 'આત્મા' મળતો નથી અને તેથી જ એને જે સ્ત્રીની શોધ છે તે અધૂરી રહી જાય છે.

કજિયા-કંકાસ કરતી સ્ત્રી પતિ માટે 'કામ્ય' કે 'ગમતી' સ્ત્રી નથી બની શકતી. બેડરૂમ સિવાયની કેટલીયે જગ્યાઓએ થઈ શકતી ચર્ચાઓ કે ગરમા ગરમ દલીલો મોટા ભાગની સ્ત્રીઓ બેડરૂમમાં જ કરવાનું પસંદ કરે છે. બીજું, પોતાના શરીરને પતિને જીતવાના બાર્ટર (લેવડ-દેવડ) તરીકે વાપરતી સ્ત્રીઓ મોટા ભાગે ખુલ્લી પડી જતી હોય છે. પતિનો રસ એ લેવડ-દેવડના કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

ઉપભોગના સાધન જેવા એના શરીરમાંથી સ્વાભાવિક રીતે જ ઊડી જતો હોય છે.

મોટા ભાગના લોકો સેક્સને એક શારીરિક પ્રક્રિયા તરીકે જુએ છે. રજનીશ કહે છે તેમ, 'સેક્સ માણસના બે પગ વચ્ચે નથી, બે કાન વચ્ચે રહેલું છે.' એનો અર્થ થાય છે કે સેક્સની શરૂઆત મન અને મગજથી થાય છે, પણ એની પૂર્ણતા શારીરિક સંબંધ પર પહોંચે છે. મોટા ભાગનાં દંપતી આ જાણતાં નથી, સમજતાં નથી અથવા અવગણ છે. જેને કારણે અતૃપ્તિ જન્મે છે. અતૃપ્તિમાંથી જન્મે છે એક શોધ, જે લગ્નસંસ્થાને છિન્નભિન્ન કરવા લાગે છે. જેમ ભૂખ્યો માણસ કોઈ પણ પાપ કરવા તૈયાર થઈ જાય એમ સેક્સથી વંચિત રહેલો માણસ પણ લગ્નેતર સંબંધથી શરૂ કરીને બળાત્કાર સુધી કંઈ પણ ગુનો કરવા તૈયાર થઈ જાય છે.

આ બળાત્કાર કે લગ્નેતર સંબંધની વકીલાત નથી, વાસ્તવિકતાનો સ્વીકાર છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુનને માણસની બેઝિક લાગણીઓ (ફોર મોસ્ટ જરૂરિયાત) તરીકે ગણાવાયા છે. જેમ બહુ દિવસથી નહીં ઊંઘેલો માણસ, ઘણા સમયનો ભૂખ્યો માણસ, ભયગ્રસ્ત માણસ પોતાની જરૂરિયાત પૂરી કરવા કંઈ પણ કરી શકે તેવી જ રીતે શારીરિક જરૂરિયાત પણ સમાજ જેને 'ખોટી દિશા' કહે છે તે તરફ દોરી જાય છે.

સ્ત્રી-પુરુષનો શારીરિક સંબંધ બે પ્રક્રિયામાંથી પસાર થાય છે.

(૧) તમે કૉન્સન્ટ્રેટ કરીને એક જ દિશામાં તમે તમારી તમામ ઇન્દ્રિયોને કામે લગાડો છો, જેને કારણે થોડીક ક્ષણો માટે મગજ વિચાર કરતું અટકે છે, ભટકતું અટકે છે અને શાંત બને છે. શરીર પોતાનું કામ કરે છે, જ્યારે મગજ વિચારશૂન્ય બનીને માત્ર આનંદ માણે છે.

(૨) ચરમસીમા – ઓર્ગેઝમની એ પળ તમને અશરીરી અનુભવ આપે છે. જેમાં લગભગ સમાધિનો – વિચારશૂન્યતાનો આનંદ તમે મેળવી શકો છો. એથી તમને પરિતૃપ્તિનો, તમારા અસ્તિત્વની શ્રેષ્ઠ અનુભૂતિનો આનંદ મળે છે.

ભારતની મોટા ભાગની સ્ત્રીઓ આ બંનેથી વંચિત રહી જાય છે, કારણ કે એમને માટે સેક્સ પતિને 'ના' નહીં પાડવાથી વધુ બીજી કોઈ પ્રક્રિયા નથી.

મહર્ષિ વાત્સ્યાયનનું 'કામસૂત્ર' પ્રેમ કરવાનાં ૮૪ આસનો વર્ણવે છે. પૂર્વક્રીડા અને ઉત્તરક્રીડા – ફોરપ્લે અને સેક્સ પછીનું નૈકટ્ય ખૂબ અગત્યનું છે એવું પણ વાત્સ્યાયને સદીઓ પહેલાં કહ્યું હતું. એમણે સૂચન કર્યું હતું કે સ્ત્રી-પુરુષની ઉપર હોવી જોઈએ અને એવું સ્પષ્ટ લખ્યું છે કે, 'પુરુષ એક પશુ છે અને પશુના બોજ તળે એક નાજુક દેહને કચડી નાખવો એ મડદા સાથે કરેલી કામક્રીડાથી વધુ કશું જ નથી.'

વાત્સ્યાયને સુગંધથી શરૂ કરીને સંગીત સુધીના ૧૬ ઉપચારો બતાવ્યા છે. પતિની સાથે સાસુ, દિયર, નણંદની ફરિયાદો કરવા માટે બેડરૂમ વાપરતી સ્ત્રી ઉપચારો જાણતી નથી... જાણવા માગતી પણ નથી!

આ જ સર્વે કહે છે કે કેટલીક સ્ત્રીઓ બહુ સ્વાભાવિક રીતે પતિના સેક્સ્યુઅલ ડિસ્ચાર્જને એનો સંતોષ સમજે છે, ક્યારેક એવું પણ જોવા મળ્યું છે કે સ્ત્રી પતિને ડિસ્ચાર્જ થતા વાર લાગે તો 'કેટલી વાર છે?' અથવા 'હવે બસ' જેવા વાક્યપ્રયોગો સંભોગ દરમિયાન કરીને પતિને વધુ ને વધુ નિરસ બનાવે છે.

અને, અંતે પતિ જ્યારે લગ્નેતર સંબંધમાં અટવાય છે ત્યારે, 'તમને હવે મારામાં રસ નથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

રહ્યો...'નાં રોદણાં રડે છે.

પશ્ચિમમાં જેને સેક્સ કહે છે તેને માટે આપણા દેશમાં 'કામક્રીડા' શબ્દ વાપર્યો છે. સેન્સ્યુઅસ કે સેક્સી માટે 'કામ્ય' અને 'મોહક' જેવા શબ્દોનો પ્રયોગ કરાય છે. ખ્રિસ્તી મિશનરીઓએ ભારતમાં આના પછી સેક્સને 'મેકિંગ લવ' (પ્રેમ કરવો) જેવો શબ્દ આપ્યો, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં અને સભ્યતામાં 'પ્રેમ' અને 'કામ'ને સાવ ભિન્ન વ્યાખ્યાઓ છે.

ભારતીય પુરાણોએ સદીઓ પહેલાં મન અને શરીરને છૂટા પાડીને પ્રેમ અને કામને જુદાં પાડી આપ્યાં હતાં. બંને મળે ત્યારે જ સંપૂર્ણ સાયુજ્ય – સંપૂર્ણ દાંપત્ય – સંપૂર્ણ યુગલ બને એવું પુરાણોએ સદીઓ પહેલાં કહ્યું છે.

શરીર અગત્યનું છે, પણ એથીયે અગત્યનું છે તમારું મન.

પતિને શારીરિક સુખ આપવું એ લગ્નજીવનની એક ફરજમાં પણ આવે છે. સપ્તપદીના ચોથા અને છઠ્ઠા મંત્રમાં કહેવાયું છે કે, 'ઈશ્વરની કૃપાથી અમે એકબીજાને સુખી કરીએ અને ઋતુ ઋતુનાં સુખ ભોગવીએ.'

દરેક ઋતુમાં જો તમારા બેડરૂમમાં ઉનાળો કે પાનખર જ વસવાના હોય તો વસંત શોધવા નીકળતા પતિ કે પુરુષને દોષ દેવાનો અધિકાર તમે ગુમાવી બેસો છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

બાળકને `સાચેસાચું' કહેવું કે 'સારું સારું' કહેવું?

ધર્મ કોઈ પણ હોય, એની અમુક બાબતો સરખી હોય છે. જેમાં સાચું બોલવું, ન્યાયી થવું, કોઈના પૈસા ન ખાવા, મોટેરાંને માન આપવું જેવી બાબતો એક જેવી જ હોય છે. ભાષા કોઈ પણ બોલાતી હોય, દેશ કોઈ પણ હોય. મોટા ભાગનાં માતાપિતાને પોતાના બાળક માટેની ચિંતા લગભગ એક જેવી જ હોય છે.

આજે જ્યારે સમય બદલાઈ રહ્યો છે અને નીતિમત્તાનાં ધોરણો, જીવનનાં મૂલ્યો બદલાઈ રહ્યાં છે ત્યારે એક સવાલ બહુ સ્વાભાવિકતાથી લગભગ દરેક ઘરમાં ચર્ચાય છે અને એ સવાલ છે સત્યનો. આજના સમયમાં માતાપિતા માટે બહુ મોટી સમસ્યા છે બાળકને સત્ય કહેવાની, એને સત્ય સમજાવવાની અને એને સત્ય જીવતા શીખવાડવાની. એની જ સાથે મોટા ભાગનાં માતાપિતા ખરેખર એ જ નથી જાણતાં કે આ 'સત્ય' છે શું?

સત્ય એટલે માત્ર સાચું બોલવું? સાચું બોલવું તો કઈ હદ સુધી બોલવું? દરેક વખતે, દરેક પ્રસંગે અને દરેક પરિસ્થિતિમાં સાચું બોલવું શક્ય હોય છે ખરું? માત્ર સાચું બોલવાથી સમસ્યાનું નિરાકરણ થઈ શકે છે ખરું?

આજના સમયમાં જ્યારે માણસે જાતજાતની પરિસ્થિતિ સાથે કામ પાડવાનું ત્યારે સત્યને વળગી રહેવું શક્ય છે ખરું? મહાત્મા ગાંધીએ સત્યના પ્રયોગોમાં લખ્યું છે, "પ્રાણને ભોગે પણ સત્યનું રક્ષણ કરવું."

આજના સમયમાં આ વાક્ય કેટલું અનુકૂળ છે એવો સવાલ સૌને થાય છે. આપણે આપણી આસપાસની દુનિયામાં જોઈ રહ્યા છીએ કે સાચું બોલનારાઓ, સાચી રીતે ચાલનારા, ન્યાયપ્રિય લોકો કરતાં 'ચલતા પૂર્જા – સ્ટ્રીટ સ્માર્ટ' લોકો વધુ ઝડપથી આગળ વધી જાય છે, વધુ સફળ થઈ જાય છે ત્યારે સત્યમાંની આસ્થા ડગમગી જાય છે.

આવા સમયમાં બાળકને સાચું બોલતા શીખવવું અઘરું બનતું જાય છે.

ક્લાસટીચરનું ટ્યૂશન હોય એટલે બીજાનું બાળક પહેલો નંબર આવે. આપણે એને સાચું બોલતા શીખવીએ એટલે એને ક્લાસમાં સજા થાય. એનો રબ્બર-સંચો ચોરાઈ જાય, પણ એ ક્યારેક ભૂલમાં કે મોહમાં કોઈના રબ્બર-સંચો લઈ આવે તો આપણે એને 'મોરલ-નીતિમત્તા', 'મૂલ્યો-વૅલ્યૂઝ' પર ભાષણ ઠોકી દઈએ.

છાપાંઓ, મીડિયા દાઉદ અને ઓસામાને હીરો બનાવે, સિનેમામાં ન્યાય ન મળે તો જાતે બંદૂક હાથમાં લઈ લેવાનું શિક્ષણ મળે. કાર્ટૂન નેટવર્ક ઉપર શિંગ ચેન એની મા સાથે ગમે તે રીતે બોલે, ટોમ એન્ડ જેરી એકબીજાને મારવા ફર્યા કરે અને ધરતી ઉપર આવતા જાત જાતનાં સંકટો દૂર કરવા એકસરખી મારામારી કર્યા કરતા માત્ર હિંસક ટેલિવિઝન, સોપ ઑપેરા આપણાં બાળકો જોયા કરે.

ઘરે આવનારા મહેમાનો કોણ કેટલું ખરાબ છે એની ચર્ચા કરે... પારકાની નિંદા સતત સાંભળીને ઊછરતાં આપણાં સંતાનો ખરાબ ન બોલવું એવું 'મોરલ' ગ્રહણ કરી શકે ખરાં? પાંચ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મિનિટ પહેલાં આપણે જેના વિશે ઘસાતી ટીકા કરી હોય એ માણસ અચાનક પ્રગટ થઈ જાય તો આપણને સ્મિત કરીને એમની સાથે વર્તતા જોઈ રહેલા બાળક ઉપર કયા સત્યની છાપ આપણે છોડવા માગીએ છીએ એ સવાલ પહેલા જાતને પૂછવો પડે.

પોતાનાં બાળકોને 'પ્રમોટ' કરતા બીજાં માતાપિતાને જોઈએ ત્યારે આપણને પણ સવાલ ઊઠે છે કે આપણે કંઈ ભૂલ તો નથી કરતા ને?

બાળકનાં સતત વખાણ કરતા રહેવું એ જ એને પ્રોત્સાહન આપવાની સાચી રીત છે? તો પછી જીવનમાં ક્યારેક કોઈક એની ટીકા કરશે ત્યારે એ સહી શકશે ખરું? એને જે જોઈએ તે અપાવી દેવું, કે પૈસાની કિંમત સમજાવવી? એને દરેક વખતે 'ફ્રીડમ – સ્વતંત્રતા' આપીને પોતાનો નિર્ણય પોતે કરવા દેવો કે એ ખોટું કરતું હોય ત્યારે એને અટકાવીને એને ન ગમે તો પણ સાચું કરવા ફરજ પાડવી? બીજાની સામે એ કોઈક વાત કહી દે ત્યારે એને અટકાવીને 'આમ ન બોલાય' એમ કહેવું કે એણે સાચું કહ્યું એ બદલ એને શાબાશી આપવી? તમારી પાસે ગમે તેટલી સગવડ આપી શકો તેટલી સંપત્તિ હોય તો પણ એને અમુક પ્રકારની તકલીફમાંથી પસાર કરવું કે સતત છાંયડામાં ઉછેરીને તમારા પ્રેમની સાબિતી આપ્યા કરવી?

એને સાચું બોલવા પ્રેરણા આપીને ક્યારેક અપ્રિય' કે 'અણગમતા' થવા દેવું કે સતત મીઠું બોલતા – વહાલા લાગતા અને 'મેનર્સ'ના નામે 'ફોલ્સિટી – જુઠ્ઠાણુ' શીખવાડીને લોકો પાસે વાહ વાહ કરાવતા શીખવી દેવું?

આ બધા જ સવાલો આજના સમયનાં માતાપિતાની સામે ફેણ ઊંચકીને ઊભેલા નાગ જેવા ભયંકર સવાલો છે.

મોહનદાસ કરમચંદ ગાંધી અને રાહુલ રાજીવ ગાંધીનાં સત્યો જુદાં છે.

ગઈ કાલનો શિક્ષક અને આજના શિક્ષકમાં ફેર છે, ગઈ કાલના પિતાની જરૂરિયાત અને આજના પિતાની જરૂરિયાત જુદી છે, ગઈ કાલના બાળકની માગણી અને આજના બાળકની માગણી જુદી છે.

ગઈ કાલનું બજાર અને આજનું બજાર જુદું છે.

અને એટલે જ આજના બાળકને 'સત્ય' શું છે એવો સવાલ ઊભો થાય છે.

ત્યારે એને શીખવાડવું પડે છે કે સત્ય એટલે માત્ર સાચું બોલવું નહીં, સાચું સમજવું, સાચું જોવું અને સાચું જ સ્વીકારવું.

એમની ઉંમરે કદાચ એમને આ વાત અઘરી લાગે, પણ એમને સહેલી કરીને સમજાવી શકાય. જ્યારે જ્યારે કોઈ એમને કંઈ કહે ત્યારે એ વાતને સીધે સીધી સ્વીકારી લેવાને બદલે એમની ઉંમર અને સમજના પ્રમાણમાં એમાં કેટલી સચ્ચાઈ છે એ શોધતા શીખવવું જોઈએ. દરેક વખતે કોઈની આપેલી સલાહ કે માહિતી સાચા જ હોય એવું જરૂરી નથી એવું એમને સમજાવવું રહ્યું. પોતાની અંદર ઊઠતા સવાલો સ્પષ્ટ રીતે પૂછીને એમાંથી મળેલા જવાબમાંથી પણ સત્ય શોધવાની પ્રક્રિયા એક સારા માતાપિતા તરીકે આપણે જ શીખવવી રહી.

...બાળકની સામે આઇડિયલ બનવા માટે માતાપિતાએ એવું શું કરવું જોઈએ જેનાથી એમની અંદર ચાલતા સવાલોના એમને આપોઆપ જવાબો મળી જાય?

એમને એવું સમજાવું જોઈએ કે માત્ર સાચું બોલવું એટલે સત્ય નહીં. 'સત્ય' માણસની

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જીવનશૈલીનો પર્સનાલિટીનો ભાગ હોવો જોઈએ. સતત સારા અને ખરાખની વચ્ચે પસંદગી કરતા રહેવાની પ્રક્રિયાનું નામ જ જિંદગી છે. આ પ્રક્રિયામાં 'શ્રેય' અને 'પ્રેય' બેની વચ્ચે પસંદ કરવાનો આપણને બધાને અવકાશ છે, હોય જ છે.

શ્રેય એટલે જ સારું છે તે – સારું એટલે? સમાજની દષ્ટિએ, સભ્યતાની દષ્ટિએ, સંસકારની દષ્ટિએ અને સંવેદનાની દષ્ટિએ બીજાને નુકસાનકારક ન હોય તેવું. માણસ સમાજમાં જીવે છે. એના ઉપર પોતાના સિવાયની પણ એક જવાબદારી છે. એ જવાબદારી છે આવનારી પેઢીની અને આજના સમયની.... તમે આજે જે જીવો છો એનાથી તમે આવનારી પેઢી માટે શ્રેય કે અશ્રેય ઊભું કરો છો. આ પ્રવૃત્તિ નાનામાં નાની વાતથી શરૂ કરીને ગ્લોબલ વોર્મિંગ સુધી વિસ્તરે છે. તમે જે બોલો છો એનાથી તમારા ઘરમાં તમારા સંતાનના મન પર અસર પડે છે. તમે જે વર્તો છો એનાથી એ જિંદગી વિશેના અભિપ્રાય બાંધે છે અને આ અભિપ્રાય જો ખોટો બંધાય તો એ ભયજનક છે, સમાજ માટે, સભ્યતા માટે, સંસ્કાર માટે અને સંસ્કૃતિ માટે! તમે જે પાણી વાપરો છો, કાગળ વાપરો છો, વાહનના ધુમાડા કરો છો અને કચરો ફેંકો છો એનાથી આવનારી પેઢી માટે ભય ઊભો કરો છો.

પ્રેય એટલે જે પ્રિય છે તે – પ્રિય એટલે તમને ગમે છે તે, તમને સારું લાગે છે તે, તમને અનુકૂળ છે તે. એમાં બીજાનો ખાસ વિચાર કરવાનો રહેતો નથી. તમને પ્રિય, તમને અનુકૂળ, તમને ફાવતું એટલે બસ! આ પ્રિય અથવા પ્રેય સામાન્ય રીતે શ્રેયથી વિરુદ્ધ હોય છે.

પિત્ઝા, કોક, ચીઝ અને ચૉકલેટ 'પ્રેય' છે, પણ 'શ્રેય' છે ખરું?

ટૅક્સ બચાયવો, જુઠ્ઠું બોલવું, નાની નાની બેઇમાની કરવી 'પ્રેય' છે પણ 'શ્રેય' છે ખરું?

બીજાને હરાવીને જીતવું, બીજાને નાના-નીચા દેખાડવા અને પોતે મોટા-મહાન સાબિત થવું 'પ્રેય' છે, પરંતુ 'શ્રેય' છે ખરું?

આ સવાલ તમારે તમારી જાતને પૂછવાનો છે.

એનો જે જવાબ મળે એ જ તમારે તમારા બાળકને આપવાનો છે.

બીજાને ગુસ્સો કરતા જોઈને ગુસ્સો ન આવે એવું ભાગ્યે જ બને છે, પરંતુ બીજાને ભીખ માગતા જોઈને ભીખ માગવાની ઇચ્છા કેમ નથી થતી? બીજાને બેઇમાની કરતા જોઈને બેઇમાની કરવાની ઇચ્છા જરૂર થાય છે, પરંતુ બીજાને જેલમાં જતા જોઈને જેલમાં જવાની ઇચ્છા કેમ નથી થતી? બીજાને નાની-મોટી લાંચ- રુશવત આપી કામ કઢાવતા ને આગળ વધતા જોઈને આપણે સ્વાભાવિક રીતે જ એમ કરવા લલચાઈ જઈએ છીએ, પરંતુ કોઈને ઇમાનદારીથી હારતા જોઈને આપણને એની ઇમાનદારી માટે માન થવાને બદલે એને 'મૂર્ખ' કહેવાની ઇચ્છા જલદી થઈ જાય છે.

જો આ સ્થિતિ હોય તો આપણે આપણા બાળકને શું આપીએ છીએ?

મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવાથી કે 'મોરલ ઑફ ધ સ્ટોરી' કહેવાથી શું ખરેખર આપણે આપણા બાળકનું ચારિત્ર્ય ઘડતર કરી શકીએ છીએ?

માના પેટમાંથી જ જન્મેલા બાળકને એના પોતાના પિતાને ઓળખતા પણ થોડો સમય લાગે છે. બોલતા-ચાલતા કે બીજી વસ્તુઓ શીખતા બાળકને સમય લાગે છે. અરે, ગૅસ ઉપર કૂકર મૂકીએ પછી એની સિટી પણ અમુક સમય રહીને વાગે છે. બી વાવીએ એમાંથી કૂંપળ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

થઈને વૃક્ષ થતાં પણ સમય લાગે છે.

એવી જ રીતે બાળકને સત્ય શીખતા અને પચાવતા સમય લાગવાનો છે. એને સત્યની સમજ પાંગરતા કે પરિપક્વ થતાં સમય લાગશે જ... એ બધા સમય દરમિયાન એને જે આપવું પડે છે એ બહુ અગત્યનું છે. વહાલનું પાણી, શિસ્ત અને શિખામણનો તડકો, ક્યારેક સજા સ્વરૂપે નિંદણ, તો દુનિયામાં ચાલતી અને જોવા મળતી બૂરાઈઓથી બચાવવા નિયમોની વાડ કરવી પડે છે. ત્યારે જ એક પૂરેપૂરા ફળદાર વૃક્ષનું નિર્માણ થાય છે.

દરેક સમયે, દરેક વખતે આપણું બાળક આપણી સામે જુએ છે. એ જ્યારે જુએ છે ત્યારે આપણી પાસેથી એક આઇડિયલ, એક મોરલ અને એક અપેક્ષિત વર્તનની આશા સાથે જુએ છે.

મહાપુરુષોનાં જીવનચરિત્રો એ જ્યારે વાંચે છે ત્યારે એ જાણ્યે-અજાણ્યે મનોમન તમારી સાથે એની સરખામણી કરી બેસે છે. કદાચ આ વાત માન્યામાં ન આવે તો પણ તમારા બાળક માટે તમે એક 'હીરો', 'આઇડિયલ' અથવા 'શ્રેષ્ઠ'થી ઓછું કશું નથી.

જિંદગીની શરૂઆતનાં વર્ષોમાં એ આયનાની જેમ વર્તે છે. એના સ્વચ્છ, નિષ્કપટ અને કોરાં મન ઉપર સૌથી પહેલું જે પ્રતિબિંબ ઝિલાય છે એ તમારું છે – એનાં માતાપિતાનું છે.

તમે જો સામાન્ય રીતે સાચું બોલતા હશો, નિઃસંકોચ માફી માગી શકતા હશો, તમારી ભૂલ સ્વીકારી શકતા હશો, સ્વાવલંબન અને શિસ્તમાં જીવતા હશો, ખોટા ખર્ચ નહીં કરતા હો અને બને તેટલી પારદર્શક જિંદગી જીવવાનો પ્રયાસ કરતા હશો તો વિશ્વાસ રાખજો કે તમે એક સારા માણસનો – સારા નાગરિકનો – સારી વ્યક્તિનો ઉછેર કરી રહ્યા છો.

બર્નાડ શૉએ કહ્યું હતું કે, 'ટ્રૂથ, ફરગીવન્સ એન્ડ મોરલ ઇઝ નોટ એન ઑકેશનલ એક્ટ, ઇટ ઇઝ ધ વે ઑફ લાઇફ' (સત્ય – માફી અને નીતિમત્તા એ કદી કદી ઉપયોગમાં લેવાતા વર્તન નથી, પરંતુ જીવનશૈલી છે.)

તમે જેના અસ્તિત્વ માટે જવાબદાર છો એવા એક જીવને આ ધરતી પર લાવ્યા પછી એ સારી રીતે જીવે, અને સારો માણસ બને એ જોવાની જવાબદારી તમારી છે, અને તમારી જ છે એમાં કોઈ શંકા નથી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લગ્નની વ્યવસ્થા અને `પ્રેમ'ની અવસ્થા કેમ કાયમ નથી રહેતી?

હજી હમણાં તો જેના લગ્નમાંથી પાછા ફર્યા હોઈએ, ભોજનનો સ્વાદ હજી જીભ ઉપર હોય અને લગ્નનું આલબમ જોતા આંખો ભીની થતી હોય એવી દીકરી લગ્નના મહિનામાં જ પિયર પાછી ફરે ત્યારે મા-બાપના હૃદય પર શું વીતતી હશે, એ સવાલ આજના અર્બન – શહેરી સમાજનો બહુ મોટી સમસ્યા બની ગયો છે.

આપણે બધા જ આજુબાજુ જોઈ રહ્યા છીએ કે લગ્નો થાય અને સંબંધ પૂરેપૂરો સ્થપાય એ પહેલાં તો લગ્ન તૂટવાના સમાચાર આપણા સુધી પહોંચી જાય છે.

હજી તો કેટરરનાં બિલ નથી ચૂકવાયાં હોતાં – કંકોત્રી અને મંડપનાં બિલો ટેબલ પર પડ્યાં હોય છે અને લગ્નો તૂટી ગયાના સમાચાર આપણા મનને વિચલિત કરી જાય છે.

આમ તો જ્યારે બીજાના ઘરની વાત હોય ત્યારે માણસને એ સંબંધ તૂટવાનાં સાચાં કારણો જાણવા કરતાં વધારે રસ એને વિશે ચર્ચા કરવામાં હોય છે. બીજાના ઘરમાં જ્યારે આવી સમસ્યા ઊભી થાય ત્યારે એને વિશે મજા લઈને કે અમુક રીતે માતાપિતાનો, ઉછેરનો વાંક કાઢતા માણસના પોતાના જ ઘરમાં જ્યારે આ જ સમસ્યા આવી પહોંચે ત્યારે એને એની પીડા અને એની સાથે જોડાયેલી બીજી કેટલીયે બાબતો સમજાય છે!

લગ્ન તૂટવા એ ભારતીય સમાજમાં આજે પણ સ્વાભાવિક કે સામાન્ય બાબત ગણવામાં આવતી નથી. સામાન્ય રીતે માતાપિતા બંને – છોકરાના હોય કે છોકરીના, એકાદ વાર 'વધુ પ્રયાસ કરી જોવા', 'સમજદારી કેળવવા', 'સમાધાન કરવા'ની સલાહ આપે છે.

લગ્ન તૂટવાથી ખરેખર શું થાય છે?

લગ્ન તૂટવાથી સમાજવ્યવસ્થા ખળભળી જાય છે?

લગ્ન તૂટવાથી વર્ષોથી પ્રસ્થાપિત પરંપરા ઉપર કોઈ આઘાત થાય છે?

માતાપિતાએ પસંદ કરેલો છોકરો હોય કે પ્રેમલગ્ન... સંબંધોમાં ક્યાંક ને ક્યાંક તિરાડ પડતી હોય છે. બે લોકોને એકબીજા સાથે જીવવામાં ક્યાંક કશુંક ખૂટી જતું હોય છે અને જેને શાસ્ત્રો સાત જનમનો સંબંધ કહે છે એવા સંબંધો ક્ષણભરમાં ભુલાઈ જાય છે.

લગ્નના આલબમમાં ખુશખુશાલ દેખાતાં સાસુ-સસરા, વર અને વધૂ... થોડાક જ દિવસમાં એકબીજાની તમામ ઝીણી ઝીણી ભૂલો શોધીને દેખાડતા થઈ જાય છે. ઝઘડતી વખતે કઈ અને કેવી ભાષાનો પ્રયોગ કરે છે એનો પણ એમને ખ્યાલ રહેતો નથી.

સમજી-વિચારીને, પૂરેપૂરી તપાસ કરીને કરાયેલાં લગ્નો પણ શા માટે ટકી શકતાં નથી એવો સવાલ આજના સમયમાં ચોક્કસ થાય.

તુષાર શુક્લ કહે છે કે, "પ્રેમ એક અવસ્થા છે અને લગ્ન એક વ્યવસ્થા છે."

જાણીતા જર્મન કવિ રિલ્કે કહ્યું છે કે, "લગ્ન શરૂઆતમાં કવિતા (પોએટ્રી) હોય છે, પછી ભાષા (પ્રોઝ) બની જાય છે અને ધીમે ધીમે એ માત્ર વ્યાકરણ (ગ્રામર) થઈ જાય છે."

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પહેલાના જમાનામાં મોટા ભાગે માતા-પિતા સંતાનોને પૂછ્યા વગર જ લગ્નો નક્કી કરતાં. મોટા ભાગનાં લગ્નોમાં કન્યા અને વર માંડવામાં બેસતા પહેલાં એકબીજાને જોયા પણ ન હોય એવા લગ્નો સુવર્ણજયંતી વટાવી જતા સંતાનોનાં સંતાનો જ્યારે દાદા-દાદીને પૂછે, "ડુ યુ લવ દાદી?" ત્યારે કદાચ ચોકઠું પહેરતા, ચશ્માં ફંફોસતા દાદાજીને એમના ચશ્માં હાથમાં આપતી સ્ત્રીને જોઈને સમજાય કે એમણે આખી જિંદગી જે સ્ત્રી સાથે ગાળી એને એ કેટલો પ્રેમ કરે છે!

દાદીને પણ ત્યારે જ આ સત્ય સમજાય જ્યારે એમને બે છીંક આવે ને દાદાજી ગઈ કાલે રાત્રે આઇસક્રીમ ખાવા બદલ એમને ખખડાવી નાખે!

રજનીશ કહે છે કે, "લગ્ન અપ્રાકૃતિક બાબત છે. આદિમાનવમાંથી માણસ બનેલો આજનો માંણસ પથ્થર યુગથી આજ સુધી ઘણું બધું શીખ્યો. જેમાં કપડાં પહેરવાં, બ્રશ કરવું અને ચોખ્ખા રહેવાથી શરૂ કરીને ઘર બાંધવું, કુટુંબ માટે મહેનત કરવી અને સમાજ બનાવીને રહેવા જેવી ઘણી બધી બાબતો એણે પોતાની સિસ્ટમમાં સ્વીકારી લીધી. પરંતુ માણસ ક્યારેય લગ્નમાં રહી શક્યો નહીં. બહુવિવાહની પ્રથા એક રીતે લાભદાયી હતી, કારણકે એકબીજા પરત્વેના અણગમા કે ફરિયાદો એકથી વધુ વ્યક્તિઓ વચ્ચે વહેંચાઈ જતા. આજના સમયમાં ન્યૂક્લિયર કુટુંબો બનતા પતિ-પત્ની સાથે રહે છે. એકાદ સંતાન માંડ હોય છે અને એ પણ યોગ્ય સમયની રાહ જોયા પછી..."

રજનીશની આ વાત સમજવા જેવી છે. લગ્ન શા માટે તૂટે છે એનાં કારણોમાં થોડાક ઊંડા ઊતરીએ તો સમજાય છે કે એકબીજા સાથે જીવતા બે જણા ધીમે ધીમે એકબીજાને ઓળખી જાય છે. એ જ્યારે એકબીજાને ઓળખી જાય છે ત્યારે એકબીજા વિશે બધું જ જાણવા લાગે છે અને જ્યારે બધું જ જાણવા લાગે છે ત્યારે તમને સમજાય છે કે હવે એ માણસ વિશે કોઈ કુતૂહલ રહ્યું જ નથી.

જો તમારી આંખોમાં અને મનમાં જિજ્ઞાસા, કુતૂહલવૃત્તિ જાળવી રાખી શકો તો તમને જાણીને આશ્ચર્ય થશે કે સંબંધની એક મીઠાશ હોય છે. રોજ એક નવી સવાર ચમત્કાર સાથે ઊગે છે. પુરુષ માટે જ્ઞાન અને સ્ત્રી માટે પ્રેમ અગત્યના હોય છે. આપણી સમજદારી જેમ જેમ વધતી જાય છે તેમ તેમ કુતૂહલ પામવાની આપણી સંવેદનશીલતા આપણે ગુમાવતા જઈએ છીએ. વધુ ને વધુ નીરસ થતા જઈએ છીએ. આપણે એક વ્યક્તિને જાણી લઈએ એ પછી એ વ્યક્તિમાંનો આપણો રસ ઓછો થઈ જાય છે.

પ્રેમલગ્નો ખાસ કરીને કૉલેજમાં સાથે ભણેલા મિત્રો કે એકબીજાને વર્ષોથી ઓળખતા બે જણા જ્યારે લગ્ન કરે ત્યારે એ લોકો એકબીજા વિશે બધું જ જાણતા હોય છે. એમના ગમા-અણગમા, શોખ, વિચિત્રતાઓ... બધું જ.

આવા સમયે લગ્ન કરીને સાથે રહેવા માંડે ત્યારે એકબીજા વિશે કુતૂહલ કે જિજ્ઞાસા રહેતી નથી.

આ એક કારણ છે.

જેને બહુ જ અગત્યતા ન આપીએ તો પણ આજના સમયમાં રોજેરોજ છૂટા પડી રહેલા લોકો વિશે વિચારીએ ત્યારે એક બીજી વાત નજર સામે આવે છે. પહેલાના જમાનામાં સાથે રહેતાં પતિ-પત્નીએ સંયુક્ત કુટુંબની મર્યાદા જાળવવાની રહેતી. ઊંચા અવાજે બોલાય નહીં, જાહેરમાં એકબીજાની નજીક અવાય નહીં, એકબીજા સુધી પહોંચવા માટે દિવસભર રાહ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જોવી પડે, સાંજના છેડે માંડ માંડ એકબીજા સાથે થોડોક સમય મળે. આવા સમયે મળેલા સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની એકમાત્ર વૃત્તિ માણસના મનની અંદર રહે.

જે વસ્તુ ઉપર 'મર્યાદા' કે 'પ્રતિબંધ' લાદવામાં આવ્યો હોય એ પ્રવૃત્તિ કરવાની માણસની વિદ્રોહી વૃત્તિ બહુ સ્વાભાવિક છે. એટલે જ્યારે એકબીજાની નજીક નહીં આવવાનું કે સંબંધમાં મર્યાદા રાખવાની ફરજ પડે ત્યારે સમય ચોરવાનું યુવાહૃદયોને સ્વાભાવિક રીતે જ ગમતું.

અવિનાશ વ્યાસના એક ગીતમાં એમણે સાસુ-સસરા અને નણંદને જુદાજુદા ફૂલ સાથે સરખાવતી એક નવોઢાના મનની લાગણી વ્યક્ત કરતાં લખ્યું છે કે,

"ચોથું ફૂલ જાણે મ્હારા હૈયાના હારનું જાણે રૂડું રાતરાણી ફૂલ, દિવસે ના બોલે એ મ્હોટાંના મનમાં રાતડિયે બોલે બુલબુલ" એટલે સંયુક્ત કુટુંબ અને વડીલોની હાજરી લગ્ન મજબૂત કરવામાં, એકબીજાને નજીક લાવવામાં અને 'રોમેન્સ' જાળવી રાખવામાં મદદરૂપ નીવડતી એ નક્કી!

આજના વડીલો પોતાનાં સંતાનોને સંયુક્ત કુટુંબ વિશે, લગ્ન વિશે કે એકબીજાની સાથે રહીને સુખી થવાની સમાધાનવૃત્તિ વિશે શીખવવાને બદલે 'સહન નહીં કરવાનું', 'જવાબ આપી દેવાનો', 'આપણે આપણી રીતે જીવવાનું' વગેરે સલાહો આપે છે.

તાજેતરમાં થયેલા એક સર્વેમાં એક બહુ ચોંકાવનારી હકીકત બહાર આવી છે. એક નોન ગવર્નમેન્ટ ઑર્ગેનાઇઝેશન (એન.જી.ઓ.)એ કરેલા આ સર્વેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, "આજના સમયમાં તૂટતાં મોટા ભાગનાં લગ્નો માટે જો કોઈને જવાબદાર ઠેરવવાના હોય તો એ સંતાનોનાં લગ્નોમાં ચંચુપાત કર્યા કરતાં માતાપિતાને ઠેરવવા જોઈએ."

આમાં દીકરી અને દીકરા બંનેનાં માતા-પિતાનો સમાવેશ થઈ જાય છે. પરણીને આવેલી વહુ પાસે ખાસ પ્રકારની અપેક્ષાઓ રાખતાં માતા-પિતા અને દીકરીને સતત અમુક પ્રકારની સલાહ-સૂચના આપ્યા કરતાં માતાપિતા ક્યારે એમનાં સંતાનોને બદલે જીવવા લાગે છે એનો એમને પોતાને જ ખ્યાલ નથી રહેતો.

આમાં સંકુચિત માનસ કે ઉદાર, મધ્યમ વર્ગ કે ઉચ્ચ મધ્યમવર્ગ, કોઈ જ્ઞાતિ કે કોઈ ખાસ સમાજની વાત નથી.

સવાલ શરૂ થાય છે પોતાના સંતાનમાં પોતાની મહત્ત્વાકાંક્ષાઓ અને ઇચ્છાઓ રોપવાથી.

સંતાનનું ભણતર, એની કારકિર્દી અને એની જિંદગી વિશે નિર્ણયો કરતા કરતા મોટા ભાગનાં માતા-પિતાઓ એ ભૂલી જાય છે કે સંતાનની જિંદગી એને પોતાને જીવવા દેવી પડશે.

ન્યૂક્લિયર ફૅમિલી – વિભક્ત કુટુંબનું આ એક મોટામાં મોટું દૂષણ. છે. જ્યારે ત્રણ જ જણા એકબીજાની સાથે રહેતા હોય ત્યારે એકબીજાની જિંદગીમાં સતત દખલ દીધા કરવાની એક અજબ જેવી આદત સૌને પડી જાય છે. કોણ શું ખાશેથી શરૂ કરીને કોણે શું પહેરવું જોઈએ? કેમ જીવવું જોઈએ? અને શું ન કરવું જોઈ એના બધા જ નિર્ણયો એકબીજાને બદલે કરતા આ લોકો ધીમે ધીમે તાણા-વાણાની જેમ એકબીજામાં એવી રીતે ગૂંથાઈ જાય છે કે કોઈ એક ચોથી વ્યક્તિ એમના ઘરમાં ક્યારેક દાખલ થશે એવો ખ્યાલ પણ એમને રહેતો નથી.

બહુ ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે મોટા ભાગનાં માતા-પિતા પોતાની દીકરીને ફક્ત

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એના પતિ પૂરતા જ સંબંધોનું જ્ઞાન આપે છે. સમજદારી કે સહનશીલતાની જરૂર એમને કદાચ નહીં સમજાતી હોય!

ભણેલી, મોટા ભાગે કમાતી અને સ્વતંત્ર જીવન જીવેલી દીકરી જ્યારે પરણીને બીજાને ઘરે જાય છે ત્યારે એ ચાલી રહેલી સિસ્ટમને તોડી-ફોડીને પોતાની રીતે ગોઠવવાનો પ્રયાસ કરે છે. એ ઇચ્છે છે કે આખું કુટુંબ એની સિસ્ટમ પ્રમાણે ચાલે... જેમાંથી જન્મે છે વિરોધ અને વિરોધમાંથી પ્રગટે છે વિદ્રોહ... વિદ્રોહ ઘર્ષણ લાવે છે.

જે કુટુંબ આજ સુધી સાંજે ભાખરી-શાક-ખીચડી ખાતું હતું એ કુટુંબે પાસ્તા, પાંઉભાજી કે રગડાપેટીસ ખાવા એવું સજેશન હોઈ શકે. પણ ઘરમાં જીવતી તમામ વ્યક્તિઓને બદલે એ નિર્ણય કરવાનો અધિકાર હજી હમણાં જ પરણીને ચાલી આવતી પુત્રવધૂ પાસે નથી એનો ખ્યાલ એને નથી રહેતો.

દરેક કુટુંબમાં એક પ્રથા હોય છે, એક પરંપરા હોય છે. એ પ્રથા કે પરંપરાને તોડવાને બદલે એમાં દાખલ થઈને સમજદારીથી નાના-મોટા ફેરફાર કરવાની આવડત કદાચ આજની યુવતીઓમાં નથી રહી.

જ્ઞાતિમાં જ લગ્ન કરવા અથવા સંયુક્ત કુટુંબમાં રહેવાના જે કેટલાક ફાયદા છે તેમાંનો સૌથી મોટો ફાયદો આ છે કે દરેક જ્ઞાતિ અથવા કુટુંબની પરંપરા પ્રમાણે ઉછરેલી છોકરી નવા ઘરમાં સહેલાઈથી ગોઠવાઈ શકે છે.

સંબંધો બાંધતા બહુ વાર લાગે છે – તમે લાગણીનું બી વાવો પછી એને સમજદારીનું ખાતર, સંવેદનાનું પાણી અને સ્નેહનો તડકો આપવો પડે છે. ગેરસમજણોનું નીંદણ કરી નાખવું પડે છે, ત્યારે એક સુંદર છોડ કે વૃક્ષનું નિર્માણ થાય છે.

આપણે જેને ફૅમિલી ટ્રી કહીએ છીએ – કુટુંબનું વૃક્ષ એ ઊગવા, પાંગરવા માટે ઘણી બધી માવજતની જરૂર પડે છે અને આ માવજત બાળકને સાવ નાનપણથી શીખવવી પડે છે.

લગ્ન એ માત્ર સાથે રહેવાનું કે એકબીજાની સાથે શારીરિક સંબંધ બાંધવાનું લાઇસન્સ ન બને – પરંતુ આપણી પરંપરા અને સામાજિક સભ્યતાને જાળવી રાખતી એક અગત્યની વ્યવસ્થા તરીકે એનું સન્માન થાય એ શીખવવાની ફરજ માતાપિતાની હોય છે.

લગ્ન એ માત્ર મંત્રો બોલીને વેદીની આસપાસ ચાર ફેરા ફરવાથી, કાગળ પર સહી કરવાથી, કે કબૂલ છે કહેવાથી બંધાઈ જતો કોઈ સંબંધ નથી. લગ્ન એ સાવ જુદા વાતાવરણમાંથી આવતા, સાવ જુદી રીતે ઉછરેલા બે માણસોએ સાથે જીવવાની એક સુંદર સામાજિક વ્યવસ્થા છે. એના તૂટવા વિશે જો આપણે અત્યારે નહીં જાગીએ તો પશ્ચિમના દેશોની જેમ 'મૅરેજ કાઉન્સિલર' અથવા 'સાઇકિયાટ્રિસ્ટ'ને ચૂકવવી પડતી રકમો અને છૂટાછેડાને કારણે વિદ્રોહી બનતા જતા સંતાનોની સંખ્યા વધતા વાર નહીં લાગે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કમાતી પત્ની એટલે... એ.ટી.એમ. + ભોજ્યેષુ માતા + શયનેષુ રંભા + કાર્યષુ દાસી અને + + +

હોળી પૂરી થાય અને લગ્નની સીઝન આવે.

આપણા બધાના ઘરે ઢગલાબંધ કંકોત્રીઓ આવીને પડતી હશે. જવાના – નહીં જવાના, ચાંદલો કરવાના, અલગ અલગ સંબંધોનાં ખાનાં આપણે બધાએ પાડ્યાં છે. આ કંકોત્રીઓમાં પહેલા નહોતી દેખાતી એક એવી વાત સમય સાથે વધુ ને વધુ આંખે ઊડીને વળગે એવી રીતે છપાતી જોવા મળે છે. એ છે ડિગ્રી સાથે ડિગ્રીના લગ્ન!

મહેશ – એમ.બી.બી.એસ.ના લગ્ન શીલા – એમ.ફાર્મ સાથે, રાજીવ – એલ.એલ.બી.ના લગ્ન મીના – એમ.ફિલ સાથે, પ્રતીક – એમ.બી.એ.ના લગ્ન મોના – એમ.બી.એ. સાથે...

લગ્ન બે માણસોના નહીં એમની ડિગ્રીઓના, એમની પ્રૉફેશનલ લાઇફના થતાં હોય એવી લાગણી સામાન્ય રીતે આવી કંકોત્રીઓને જોઈને થાય છે. ઑક્ટોબરથી ફેબ્રુઆરી સુધી ગુજરાતમાં ઊતરી પડતા યાયાવરી પંખીઓ જેવા એન.આર.આઈ.ના ટોળાંઓ 'ઊંચી-પાતળી-ગોરી. કમ્પ્યૂટર સાયન્સ, એન્જિનિયરિંગ, ફાર્મસી'ની ડિગ્રી ધરાવતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કંપની સેક્રેટરી – પુત્રવધૂ કે જમાઈ શોધે છે. અઠવાડિયામાં લગ્નો નક્કી થાય છે, શરણાઈ વાગે છે અને ટોળું પાછું પોતાના દેશ તરફ ઊડી જાય છે.

આ લગ્નો કઈ સમજદારી પર, જિંદગીભર જીવવાના કયા વચનની આપ-લે સાથે થાય છે એ વર-કન્યાએ પોતાને જ કદાચ ખબર નથી હોતી.

એન.આર.આઈ.ના આ ટોળાં પરદેશ જઈને કમાઈ શકે એવા એ.ટી.એમ. મશીનની શોધમાં ભારત આવે છે.

ભારતમાં વસતા મોટા ભાગનાં મા-બાપ છોકરાની સમજદારી કે એની સંવેદનશીલતાને ઓળખવાને બદલે નોકરીનો ઇન્ટરવ્યૂ લેતા હોય એમ એના ડિગ્રીનાં સર્ટિફિકેટ જુએ છે!

સમય બદલાયો છે એ સત્ય છે. ઘરમાં બે જણની આવક હોય તો જુદી લાઇફસ્ટાઇલ જીવી શકાય. 'બીજાની બરોબરી' થઈ શકે એ પણ સાચું.

'બીજાની બરોબરી' કરતાં કરતાં પતિ-પત્ની ક્યારેય એકબીજાની બરોબરી કરવા લાગે છે એની પણ એમને પોતાની ખબર નથી રહેતી. પહેલા ઘરમાં અવાજો ઊંચા થાય છે અને પછી મન!

આવક વધી જાય છે, પરંતુ એ વધેલી આવકમાંથી આનંદ ખરીદવા જેટલો સમય કે ઇચ્છા બેમાંથી કોઈ પક્ષ પાસે નથી રહેતા. ગામમાંથી ટાઉનશિપ અને ટાઉનશિપમાંથી શહેર, શહેરમાંથી મેટ્રો બનતી જતી લગભગ તમામ જગ્યાઓએ, લગભગ તમામ ગલી-મહોલ્લા-ઘરમાં, બેડરૂમના બંધ બારણાંની પાછળ ચૂંથાતાં મન અને ઍરકન્ડિશન બેડરૂમમાં ઠંડા પડતાં જતાં શરીરો સર્વસામાન્ય થઈ ગયાં છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

મોટા ભાગના પતિઓ હવે પોતાને 'ઉદાર' કહેવડાવાનું પસંદ કરે છે. આ 'ઉદાર' શબ્દ ભારતીય સમાજે કદાચ 'ઉધાર' લીધો છે, પશ્ચિમ પાસેથી આવેલો સ્ત્રીની સ્વતંત્રતાનો વિચાર ભારતીય સમાજે ઔદ્યોગિક ક્રાંતિની જેમ અપનાવ્યો તો છે પણ સ્વીકારી શક્યો નથી.

સ્ત્રી પોતાની રીતે જીવે કે જીવી શકે એ વિચારમાત્ર પુરુષપ્રધાન સમાજને એના પાયા હચમચાવનારો લાગે છે.

અને છતાં, આધુનિક હોવાના સમગ્ર પેકેજમાં પત્નીને 'પાટલૂન' પહેરવા દેવાથી શરૂ કરીને – ક્યારેક 'ડ્રીન્ક' લેવા દેવા સુધીની 'છૂટ' ગુજરાતી પતિ આપતો થઈ ગયો છે.

સ્વતંત્રતા શબ્દની વ્યાખ્યા પોતાની ફ્રેમમાં બાંધીને કરતા પતિદેવો પત્નીને પોતે કેટલી 'છૂટ' આપે છે એ કહેતા ગર્વ અનુભવતા હોય છે! પરંતુ આ 'છૂટ' માત્ર પતિની ઇચ્છા, મરજી અને મૂડ પર અવલંબે છે. દરેક વખતે એ એકસરખી નથી હોતી – દરેક વખતે એ આપ્યા પછી એનો ઉપયોગ કરવો કે નહીં એ પણ પતિ જ નક્કી કરે છે એવું માત્ર એની પત્ની જાણતી હોય છે.

આજે મોટા ભાગનાં માતા-પિતા દીકરીને ભણાવીને 'પોતાના પગ પર ઊભી રહેતી-કમાતી કરવા માગે છે.'

એંસીના દાયકા કે એ પછી જન્મેલી બધી જ આધુનિકાઓ 'કમાવું' જીવનની જરૂરિયાત સમજે છે.

સ્ત્રીની આર્થિક સ્વતંત્રતા એના આત્મવિશ્વાસનું બહુ મહત્ત્વનું પાસું છે એમ લગભગ તમામ ભાષાઓમાં લખાયું છે. દરેક પ્રાંત અને સમાજમાં માનવામાં આવે છે. આ આર્થિક સ્વતંત્રતાની વ્યાખ્યા પણ મોટે ભાગે પતિ દ્વારા નક્કી કરાય છે, જેની સ્ત્રીને પોતાને તો ખબર હોય જ છે અને એની પાસે એ વ્યાખ્યા સ્વીકાર્યા વિના છૂટકો પણ નથી હોતો, જે તે સમાજ પણ આ વાતને ટકાવી રાખવા ઝઝૂમે છે.

કમાતી પત્ની લગભગ તમામ પુરુષો માટે આજના જમાનામાં ગર્વની અને રાહતની બાબત છે. આજે સમય જ એવો છે કે ઘર વ્યવહારના ખર્ચા વધતા જાય છે. સાદી ગ્રોસરીથી શરૂ કરીને બાળકોની સ્કૂલની ફી – દરેકના આંકડા કૂદકે ને ભૂસકે વધતા જાય છે. આવા સમયમાં ભણેલી-કમાતી પત્ની હોય તો ગમતી લાઇફસ્ટાઇલ જીવી શકાય છે, બાળકોના ભણતરમાં અને એમના મોજશોખમાં ધાર્યા ખર્ચા કરી શકાય છે. કદાચ એથી જ આજનો પુરુષ કમાતી પત્ની ઇચ્છે છે, પરંતુ એ કમાતી પત્નીની આવક પર પુરુષનો અબાધિત અધિકાર એણે સ્થાપ્યો છે.

કેટલા પુરુષો પોતાની આવક અને ઇન્વેસ્ટમેન્ટની વિગતો પોતાની પત્ની સાથે વહેંચતા હશે?

એ શું કમાય છે? કઈ રીતે કમાય છે અને એ કમાવા માટે એ કયા સાચા-જૂઠાનો સહારો લે છે એની વાત પત્નીને કહેતા પુરુષને એનો અહમ્ નડી જાય છે, પરંતુ મોટા ભાગના પતિઓ ઇચ્છે છે કે એ પોતે પત્નીનાં સહકર્મચારીઓને ઓળખે, પત્નીની ઑફિસની રજેરજ વિગતો એને પૂછે અને પત્નીએ જવાબ આપવો જ – સાચો જ આપવો એવો આગ્રહ પણ રાખે છે.

એક પુરુષને પોતાના પ્રૉફેશન અથવા વ્યવસાયનું ટેન્શન હોઈ શકે છે. એ ટેન્શન એ ઘરે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લઈ આવે છે. ક્યારેક પ્રેશરકૂકરનો વાલ્વ ખૂલી જાય તો પ્રૉફેશનલ પ્રેશરની સિટી પત્ની ઉપર કે બાળકો ઉપર વાગી જાય છે. એ એક વાર ઘરે આવી જાય એટલે ઘરે આવી જ જાય છે એવું નથી! ઘરે આવ્યા પછી એના ફોન ચાલુ રહે કે એને મળવા લોકો આવે તો પત્નીએ હસતે મોઢે ચા-પાણી કરવાના અને ફોન ચાલુ હોય ત્યારે વચ્ચે 'ડબડબ' નહીં કરવાનું એ નક્કી... પરંતુ ઘરે આવ્યા પછી પત્નીના વ્યાવસાયિક ટેલિફોન પતિ માટે કંટાળાનું કારણ બની શકે અને એમાં પતિને કશું ખોટું નથી લાગતું!

પતિને ઑફિસે વહેલું-મોડું થઈ શકે, પરંતુ પત્નીનો છૂટવાનો અને ઘરે પહોંચવાનો સમય સામાન્ય રીતે નિશ્ચિત હોવો જોઈએ. એમાં બહુ લાંબા ફેરફારને અવકાશ નથી હોતો, પરંતુ પતિને મોડું થઈ શકે. એ છૂટ્યા પછી મિત્રો સાથે ટોળટપ્પા કરતો બેસી શકે... અને જો કોઈકવાર ઘરે વહેલો આવી જાય અને પત્ની એના પછી આવે તો એ વિશે આખી સાંજ મતભેદ કે મનભેદ સુધી વાત પહોંચી શકે!

કેટલાક પતિદેવો ઘરે વહેલા આવી જાય ત્યારે મોડી પડેલી પત્ની માટે એક કપ ચા બનાવવાની ખેવના રાખતા હશે?

થાકેલી, કંટાળેલી ઑફિસમાંથી બૉસની કચકચ સાંભળીને કે નોકરી ટકાવવાના પૉલિટિક્સમાં જાતને ઘસી નાખીને ઘરે આવેલી પત્નીએ રાતના પતિદેવની 'ઇચ્છા'ને આધીન થવું પણ સુખી લગ્નજીવનની પૂર્વશરત છે. એની સામે પતિનો મૂડ ખરાબ હોય 'ધંધાનું ટેન્શન હોય' તો એ તદ્દન સ્વાભાવિકપણે પડખું ફરીને સૂઈ જઈ શકે છે ત્યારે પત્નીની શારીરિક ઇચ્છા-અનિચ્છાનો એને વિચારમાત્ર આવતો નથી – કરવાની જરૂર પણ લાગતી નથી.

પાઠયપુસ્તકોમાં છાપું વાંચતા પિતા અને રસોડામાં કામ કરતી માનાં દૃશ્યો સાવ સ્વાભાવિક છે.

ગામડામાં ખેતમજૂર કે શહેરના બાંધકામ મજૂર... ઇન્ટરનલ માર્ક માટે સમાધાન કરતી વિદ્યાર્થિની કે નોકરી ટકાવવા બ્લાઉઝની આરપાર નીકળી જતી બૉસની નજરને અવગણતી મધ્યમવર્ગની સ્ત્રીમાં ખરેખર કોઈ ફેર નથી.

ફાઇલો આપવા-લેવાના બહાને સ્પર્શ કરતા સહકર્મચારીઓ, અમુક પ્રકારની મજાક કરીને એના સન્માનને ઠેસ પહોંચાડતા ઉપરીઓ, સાથે સાથે પ્રમોશન-પગાર વધારાની લાલચ આપીને ધાર્યું કરાવાની મનસૂબા સેવતા પુરુષોના જગતમાં પોતાના સન્માન અને શિયળ સાચવીને કામ કરતી સ્ત્રી માટે ઘેર પહોંચ્યા પછી પતિની શંકાશીલ નજરનો સામનો કરવો બહુ અઘરો હોય છે.

બાળકની સ્કૂલના રિઝલ્ટની ગુણવત્તા જો ઘટે તો એને માટે પત્નીની નોકરી જવાબદાર હોય છે.

મનેકમને ઑફિસમાં સારી રીતે વર્તતી પત્નીને, "ત્યાં તો હસી હસીને વાત થાય છે" કહેતો પતિ એ ભૂલી જાય છે કે પોતે ઘરમાં અને બહાર કેટલો જુદો છે.

આર્થિક ઉપાર્જન કરતા પતિ અને આર્થિક ઉપાર્જન કરતી પત્ની માટેના નિયમો જુદા હતા, જુદા છે અને કદાચ આવનારાં થોડાં વર્ષો સુધી જુદા જ રહેવાના છે.

એક પત્ની કે માએ બહારગામ જવું હોય, ખાસ કરીને ઑફિસના કામે તો અનેક વ્યવસ્થાઓ ઊભી કરવી પડે છે. રસોઈથી શરૂ કરીને બાળકની સ્કૂલ અને બીમાર સાસુ માટે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દવાઓ પણ ટેબલ પર મૂકીને જવી પડે છે, પરંતુ પુરુષ માટે આવી કોઈ જવાબદારી અપેક્ષિત નથી.

આ લેખ સ્ત્રી સ્વાતંત્ર્યનો કોઈ ઝંડો નથી. પત્ની મા કે પુત્રવધૂ તરીકે એક સ્ત્રીની જે કોઈ જવાબદારીઓ હોય તે એણે પૂરી કરવી જ રહી! એને પોતાની જવાબદારીઓમાંથી બહાર કાઢી લેવાનો, એ કમાય છે માટે એને કોઈ ડિસ્કાઉન્ટ આપી દેવાના ઉદ્દેશ્યથી આ વાત કરવામાં નથી આવી.

સદીઓથી સમાજે 'ફૂડ ચેઇઝર' અને 'ફૂડ મેઇકર'ના વિભાગો પાડ્યા છે. શિકાર કરીને લાવતો આદિમાનવ અને માંસ પકાવતી ચામડું વીંટેલી સ્ત્રી આ સંસ્કૃતિની શરૂઆત છે.

પરંતુ, ત્યારે માંસ પકાવની સ્ત્રી પાસે શિકાર કરવા જવાની અપેક્ષા નહોતી રખાતી.

આજની સ્ત્રીએ શિકાર કરીને લાવવો પડે છે, માંસ પકાવવું પડે છે અને સાથે જ રાત પડે શરીર પર વીંટેલું ચામડું હટાવીને પોતાની ચામડી પતિદેવની તૃપ્તિ માટે ધરી દેવી પડે છે.

સાસરાનાં લગ્નો કે પ્રસંગોમાં જો પતિ હાજરી ન આપે તો એ 'બીઝી' હોઈ શકે છે, પરંતુ નણંદને ત્યાં વાસ્તુમાં કે જેઠને ઘરે સગાઈમાં, સાસુની બીમારીમાં કે બાળકને તાવ આવે ત્યારે જો પત્નીને રજા ન મળે તો એ વિશે પતિદેવને ઝુંઝલાહટ થવી સ્વાભાવિક ગણાય છે!

આ બધા વિશે પણ કદાચ ફરિયાદ ન હોઈ શકે. જો પત્નીની આવક એને એની મરજી મુજબ વાપરવામાં દેવામાં આવતી હોય તો! પત્નીના ઇન્કમટૅક્સ રિટર્ન પતિદેવ ફાઇલ કરે છે, એના ઇન્વેસ્ટમેન્ટનો નિર્ણય પણ મોટા ભાગનાં ઘરોમાં પતિ લે છે. જોઈન્ટ એકાઉન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સામાન્ય રીતે જૉઇન્ટ નામે હોય છે.

મોટા ભાગના પતિઓને વોશિંગ મશીનમાંથી કપડાં કાઢીને સૂકવતા 'શરમ' આવે છે. કામવાળો કે બાઈ ન આવે ત્યારે પડી રહેલાં વાસણ કે ગંદું ઘર એમને ગમતું નથી, પણ પોતાના દીકરાને એ બહુ સ્વાભાવિકતાથી એવું કહી શકે છે કે 'આ બધા આપણા કામ નથી.'

'રસોઈવાળી બાઈ જાડા થેપલાં બનાવે છે', 'એનો ભાત કાચો રહી જાય છે' અને 'દાળ બેસ્વાદ હોય છે' એવું કહેતા પહેલાં એક ક્ષણ પણ વિચાર નહીં કરનારો પતિ ૨૦ વર્ષના લગ્નજીવનમાં એક વાર પણ એવું કહેવાની દરકાર નથી કરતો કે, "આજે રસોઈ હું બનાવું... તું ચાખી તો જો!"

પતિ કે સંતાનો માટે રસોઈ કરવી સ્ત્રીને ગમે જ છે. મહત્ત્વાકાંક્ષા સ્ત્રીની પ્રકૃતિ નથી. એક વાર ધકેલી દેવામાં આવે અને માણસ તરતા શીખી જાય એવી રીતે કદાચ આર્થિક ઉપાર્જનના આ તળાવમાં કૂદી પડ્યા પછી હાથ-પગ ચલાવતી સ્ત્રી મહત્ત્વાકાંક્ષી બની જતી હશે, એની ના નહીં! સંઘર્ષ સ્ત્રીનો સ્વભાવ છે. કાળજી લેવી એ એની પ્રકૃતિમાં છે. સમાધાન અને સમર્પણ એના લોહીમાં વહે છે. સલામતી એની જરૂરિયાત છે. આ બધું કરતાં એને ક્યારેય તકલીફ નથી પડતી કે એ વિશે એની કોઈ ફરિયાદ પણ નથી જ હોતી, પણ સામે પક્ષે એની અપેક્ષા સાંજના છેડે જ્યારે ઘરમાં દાખલ થાય ત્યારે બે આંખોમાંથી નીતરતો સ્નેહ જોવાની હોય છે!

રાત્રે વાળમાં ફરતી આંગળીઓ કે થોડું વહાલ એને માટે મલ્ટિવિટામિનની ગરજ સારતા હોય છે.

મોટા ભાગની સ્ત્રીઓ સવારે ૬થી રાત્રે ૧૧નો દિવસ જીવતી હોય છે. સવારે દૂધ લેવાથી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

શરૂ કરીને રાત્રે દૂધ જમાવવા સુધીની આખી પ્રવૃત્તિ આખી જિંદગી કરતી રહે છે.

એ કેટલું ભણી છે? ઑફિસમાં એનું કેટલું માન છે? એ શું વાંચે છે? એને શું ગમે છે? કે શું નથી ગમતું એ વિશે ભાગ્યે જ એને કશું પૂછવામાં આવે છે. ક્યારેક એ કહેવાનો પ્રયત્ન પણ કરે તો એ વાતને સ્વાભાવિક રીતે હસી નાખવામાં આવે છે અથવા એની સામે પતિદેવને કોણે શું કહ્યું, પતિદેવે કોને કેવું સંભળાવી દીધું એની વાર્તા એણે ફરજિયાતપણે સાંભળવી પડે છે.

ભારતીય સમાજ બદલાઈ રહ્યો છે એ કદાચ સત્ય હશે. સાડી પહેરીને બસમાં નોકરી કરવા જતી સ્ત્રી શિક્ષિકા, રિસેપ્સનિસ્ટ કે એથી આગળ વધીને ડૉક્ટર-નર્સ કે એકાઉન્ટન્ટમાંથી હવે આઈ.પી.એસ., આઈ. એ. એસ. અને ઍન્જિનિયર – અભિનેત્રી કે પાઇલટ બની રહી છે. સાડીને બદલે ટ્રાઉઝર અને ટકઇન કરેલા શર્ટના યુનિફોર્મ પહેરે છે. બસ ને બદલે પોતાની ગાડીમાં કામ કરવા જાય છે.

આને આપણે ખરેખર બદલાવ કહી શકીશું?

કોઈ પણ ચિત્રની ફ્રેમ બદલી નાખવાથી ચિત્ર બદલાતું નથી.

આજે પણ દહેજ માટે વહુને જીવતી બાળી નાખવાના કિસ્સા કે બાળકને લઈને આપઘાત કરતી માના કિસ્સા છાપાના પાના પર છપાતા રહે છે. ડેટ રેપ, જાતીય શોષણ કે સેક્સ અબ્યુઝ-મોલેસ્ટેશન આપણે માટે આઘાત આપે તેવા શબ્દો નથી રહ્યા!

‘કભી અલવિદા ના કહેના’ ફિલ્મમાં પ્રીતિ ઝીન્ટા શાહરૂખને એક વાત કહે છે, “મેં તો ઇસ ઘર મેં તુમ્હારી બીબી બનકર આઈ થી, તુમ્હીને મુઝે ઇસ ઘરકા મર્દ બના દિયા ઔર અબ મૈં મર્દ કી તરહ જી રહી હું તો ઉસસે ભી તુમ્હે શિકાયત હૈ... સચ પૂછો તો શિકાયત તુમ્હે મુજસે નહીં અપને આપસે હૈ!”

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

લગ્નેતર સંબંધમાં સ્ત્રી-પુરુષ વચ્ચે 'સમભોગ' હોય તો 'સમભાગ' કેમ નહીં

અપાલા નામની એક સ્ત્રી... અત્રિ ઋષિની દીકરી – એનાં લગ્ન થયાં કૃષાશ્વ સાથે.

એક દિવસ કૃષાશ્વએ અપાલાના શરીર પર કોઢનો ડાઘ જોયો.

એણે અપાલાને ગૃહત્યાગ કરવા ફરજ પાડી. અપાલાએ ઘર તો છોડયું પણ પતિ નહીં. સૂર્યનારાયણની તપશ્ચર્યા આદરી અને જ્યાં સુધી કોઢનો ડાઘ મટે નહીં ત્યાં સુધી જાતને કઠિન તપશ્ચર્યામાં બાંધી રાખી. આખરે સવિતાનારાયણ પ્રસન્ન થયા અને અપાલાનો કોઢ દૂર થયો. પતિ કૃષાશ્વ એને લેવા આવ્યો પણ અપાલાએ જવાનો ઇનકાર કર્યો. એણે જીવનભર એકલા રહેવાનું નક્કી કર્યું!

ભાઈઓ માટે અપહરણ કરીને લવાયેલી અંબા, અંબાલિકા અને અંબિકામાંથી અંબાને શાલ્વને ત્યાં લઈ જવામાં આવી કારણ કે એણે ભીષ્મના ભાઈઓ સાથે લગ્ન કરવાની ના પાડી. શાલ્વએ 'બીજાને ત્યાં રહી આવેલી' સ્ત્રીને પત્ની તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો. અંબાએ ભીષ્મ પર લગ્ન માટે દબાણ કર્યું, પરંતુ પોતાની પ્રતિજ્ઞાને આગળ ધરીને ભીષ્મ એ જવાબદારી લેવામાંથી છટક્યા. પરશુરામ અને ભીષ્મ વચ્ચેના ભીષણ યુદ્ધ પછી અંબાએ તપ કર્યું અને દ્રુપદને ત્યાં દ્રૌપદીના ભાઈ અથવા બહેન (!!)... 'શિખંડી' તરીકે જન્મ લીધો અને ભીષ્મના મૃત્યુનું કારણ બની, અથવા બન્યો!

સ્ત્રીનું વેર એ સ્ત્રીના સન્માનની લડાઈમાંથી શરૂ થાય છે. સામાન્ય રીતે ત્યાગ અને બલિદાનની દેવી માનવામાં આવતી, 'મા'ના સ્વરૂપે સર્જન કરતી સ્ત્રી સંહાર કરવા ત્યારે જ ઉશ્કેરાય છે જ્યારે એના આત્મા પર ઉઝરડો પડે છે.

તેજસ્વિની ગાર્ગીથી શરૂ કરીને તસ્લીમા નસરીન સુધી, અમૃતા પ્રીતમથી શરૂ કરીને પરવીન શાકીર સુધીની સ્ત્રીઓએ શબ્દને સાધન બનાવીને પોતાના અસ્તિત્વનો અધિકાર માગ્યો છે.

આ વાત લિપસ્ટિક લગાડતી, જીમ અને સ્પામાં જઈને વજન ઉતારીને, ત્વચા ચમકાવીને પતિ માટે પથારીમાં ફેલાઈ જતી સ્ત્રીઓની નથી!

આ વાત એવી સ્ત્રીઓની છે જે 'પત્નીત્વ'ની વ્યાખ્યામાંથી બહાર નીકળીને 'વ્યક્તિત્વ'ની વ્યાખ્યા શોધવા નીકળી છે.

સદીએ સદીએ સ્ત્રીનું સ્વમાન એક સવાલ બનીને ઊભું રહ્યું છે. સતીત્વની વ્યાખ્યાઓ ફરી ફરીને લખવામાં આવી છે. પતિના વચન ખાતર એની સાથે રાજ્ય અને ભોગવિલાસ છોડીને નીકળેલી સીતા હોય કે યાજ્ઞાવલ્ક્યની પત્ની મૈત્રેયી, લક્ષ્મણની પ્રતીક્ષા કરતી ઊર્મિલા હોય કે પારકી સ્ત્રીને પોતાની મૃત્યુદૂત બનાવી-ઉઠાવી લાવનાર રાવણની પત્ની મંદોદરી... આ તમામ સ્ત્રીઓનાં નામ પ્રાત:સ્મરણીય સતી તરીકે લેવાય છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આજે પણ ભારતીય સમાજમાં પતિના પગલે ચાલનારી, પતિનું કહ્યું કરનારી અને પતિને પરમેશ્વર માનનારી સ્ત્રી આદર્શ ગણાય છે!

'સ્પાઉસ કાર્ડ', પતિએ અપાવેલી ગાડી, એનિવર્સરી પર ડાયમંડ, વર્ષની એક ફોરેન ટ્રીપ... શું આ જ સુખની વ્યાખ્યાઓ બની રહી છે, બની ગઈ છે?

'કોસ્મોપોલિટન', 'સોસાયટી', 'ફેમિના' અને 'ઇવ્ઝ વીક્લી' જેવા ગ્લોસી પેપર છપાયેલાં ચમકતા-આકર્ષક મૅગેઝિન 'બેડરૂમમાં સફળ થવાની પચાસ રીતો', 'પતિને સાચવી રાખવાની બાવીસ રીતો', 'બ્રેસ્ટનું સૌંદર્ય વધારવાની દસ રીતો', વાળ, સ્કીન અને પગનાં ફાટેલાં તળિયાં સુધી બધું જ રિપેર કરવાની જાત-ભાતની રીતો બતાવે છે... પણ એમાંના ભાગ્યે જ કોઈ મૅગેઝિન સ્ત્રીના સ્વમાનની કે સ્ત્રીની અંદર ચાલતા દ્વંદ્વની વાત કરે છે.

કબીરની દીકરી કમાલીએ લખેલા એક ભજનમાં બહુ જ સુંદર પંક્તિનો ઉપયોગ કરાયો છે, 'મુજકો ભી રાધા બનાલે નંદલાલ...' થી શરૂ થતા આ ભજનમાં અનેક લોભામણા વચનો અપાય છે. જેમાંનું એક વચન છે, "જમુના કિનારે સજાકે રખુંગી કાયા કા કેસરિયા થાલ..."

શું પુરુષને તમારા સુધી ખેંચવાનો એકમાત્ર રસ્તો શરીર છે? શું માત્ર શરીર જ પુરુષની જરૂરિયાત છે?

ફ્રાન્ઝ કાફકા નામના એક ધૂની વિચિત્ર લેખકની કેટલીયે ડાયરી પ્રકાશિત થઈ છે. જેમાં એક જગ્યાએ એમણે લખ્યું છે, "સ્ત્રી ભોજન છે... ભોજન જેટલી જ વિવિધતા ધરાવે છે... ક્યારેક ચાઇનીઝ તો ક્યારેક ઇટાલિયનનો સ્વાદ માણવાનું મન થાય છે. ક્યારેક ચટપટું અને તીખું તમતમતું મસાલેદાર... તો ક્યારેક સાવ સાદું, બાફેલું ભોજન પણ જીભને ભાવે છે. રોજ એકનું એક ભોજન ખાઈ શકાતું નથી એમ જ એક સ્ત્રી સાથે જીવવું અઘરું છે."

સામે સીમોં-દ-બુવ્વાર નામના સ્ત્રી લેખકે પોતાના પુસ્તક 'ધ સેકન્ડ સેક્સ'માં લખ્યું છે, "કેટલીક સ્ત્રીઓ માત્ર ક્ષણિક પરિતૃપ્તિથી ઉપરનું અસ્તિત્વ ધરાવે છે. પુસ્તકની જેમ, કલમની જેમ, પરફ્યુમની બૉટલની જેમ એની લાંબી આવરદા છે અને એ જુદા પ્રકારની જરૂરિયાતોને સંતોષે છે. તમારામાં એ જરૂરિયાત હોવી જોઈએ એ પહેલી શર્ત છે."

સ્ત્રીનું સ્વમાન સૌથી સસ્તું હોય છે એમ માનીને જીવનારો એક બહુ મોટો પુરુષવર્ગ આજે પણ અસ્તિત્વ ધરાવે છે અને આ પુરુષવર્ગના અહમ્ને પોષનાર, પંપાળી પંપાળીને શેઠના ફોલ્લાની જેમ મોટો કરનાર પણ સ્ત્રી જ છે એ કેટલી નવાઈની વાત છે!

આજના સમયમાં જ્યારે ઘરેઘરમાં લગ્નેતર સંબંધની ચર્ચા થાય છે, ખુલ્લેઆમ, છડેચોક લગ્નેતર સંબંધો સર્જાય છે અને જિવાય છે ત્યારે સવાલ ઊઠે છે 'બીજી સ્ત્રી'ના સ્વમાનનો.

જેને 'બીજી સ્ત્રી', 'લફરું', 'પ્રેમિકા', 'સ્ટેપ્ની' કે 'બહારવાલી' જેવાં વિશેષણોથી નવાજવામાં આવે છે. પરણેલા પુરુષની પત્ની જેને 'શોક્ય'થી શરૂ કરીને 'વેશ્યા' સુધીનું કંઈ પણ, ક્યારેય પણ કહી શકે છે. ત્યારે એ સ્ત્રીના અંતરાત્મા પર પડતા ઉઝરડાની વાત ભાગ્યે જ કોઈ સમજવા કે સાંભળવા તૈયાર થાય છે.

લગ્નને બિનજરૂરી અને બેહિસાબ મહત્ત્વ આપતા આ સમાજના પુરુષો લગ્નેતર સંબંધ બાંધવા તો ઉત્સુક હોય છે. આ લગ્નેતર સંબંધમાં એમને પત્નીથી બહેતર, પત્નીથી વધુ બુદ્ધિશાળી, વધુ દેખાવડી, સ્વતંત્ર મિજાજની અને 'શયનેષુ રંભા'ની 'રિક્વાયરમૅન્ટ' હોય છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ શોધ, ક્વેસ્ટ, આ તરસ કે અન્વેષણ ચાલે છે – અને કદાચ શોધનારને આવી સ્ત્રી મળે પણ છે. ત્યારે આ બધા જ ગુણો ધરાવતી સ્ત્રી ક્યારેક સવાલો પૂછશે કે જેટલી વફાદારી આપે છે એટલી તો માગશે જ. એ હકીકતથી આંખો મીંચી દેવામાં આ પુરુષોને પૂરતી સલામતી લાગે છે! સંબંધ શરૂ કરવા માટે કોઈ પણ એમ.ઓ.યુ. પર આંખ મીંચીને સહી કરતા આ પુરુષો આંખ ઊઘડે ત્યારે પોતાની જ સહી ઓળખવાનો સ્પષ્ટ ઇનકાર કરે છે.

વચનોની આપ-લે દરમિયાન આવા પુરુષો ભાગ્યે જ એવી કલ્પના કરી શકે છે કે એમને માટે જે 'વાણીવિલાસ' છે એ સામેની વ્યક્તિ માટે ગંભીર બાબત હોઈ શકે.

લગ્નેતર સંબંધમાં અટવાતા પુરુષને કદાચ સમાજ વખોડે છે, પણ એની પત્ની 'બિચારી'નું લેબલ મેળવીને ધન્ય થઈ જાય છે. એવા સમયે આ સમાજ એક વાર પણ વિચારતો નથી કે એ 'બિચારી' કહેવાતી સ્ત્રી હાથમાં પથ્થર ઉઠાવીને 'વેશ્યા' પર ફેંકવા તો તૈયાર થઈ છે પરંતુ શું એણે એકેય પાપ નથી કર્યું? બાઇબલની વાર્તાની જેમ એને કોઈ પૂછતું નથી કે શું ખરેખર એની પાસે પથ્થર ફેંકવાનો અધિકાર છે ખરો?

ઘરમાં રહેતી, રાત્રે પતિના પલંગમાં સૂઈ જતી, સામાજિક સમારંભો અને સામાજિક વ્યવસ્થાનાં દરેકેદરેક પાસાંમાં પોતાની મહત્તા સાબિત કરી શકતી, કુટુંબમાં અને પતિની મિલકતમાં ભાગ ધરાવતી, એનાં સંતાનોની મા બની ચૂકેલી અને ઇચ્છે ત્યારે કકળાટ કરીને ધાર્યું કરાવી શકતી 'ઘરવાળી' કયા એંગલથી 'બિચારી' છે એ સવાલ કોઈ નથી પૂછતું! પરંતુ 'સેકન્ડ વુમન' જેણે પોતાની સાંજો એકાંતમાં વિતાવવાની છે... પત્નીને પંપાળી રહેલા પ્રેમીની કલ્પના કરીને જેની પથારી આગ ઓકવા માંડે છે અને જેણે પ્રત્યેક પળે જાત સાથે લડતા લડતા જાતને સાબિત કરવા મથ્યા કરવાનું છે એવી 'બહારવાળી'ની આંખના આંસુ સામાન્ય રીતે 'મગર'ના હોય છે!

આવા સમયે બહુ આસાનીથી હાથ ખંખેરીને સમાજ કહી દે છે, "આ બધું શરૂ કરતાં પહેલાં – આવા સંબંધમાં પડતા પહેલાં વિચારવું જોઈતું હતું. હવે પસ્તાવો કર્યે શું વળે?"

'પુરુષનો પસ્તાવો' બિરદાવવામાં આવે છે! સ્વીકારવામાં આવે છે. સૌથી પહેલા તો એની પત્ની દ્વારા અને પછી સમગ્ર સમાજ દ્વારા... આવા સમયે પ્રેમી બનીને ઘરની બહાર નીકળેલો પુરુષ પણ પાછા ફરતી વખતે પોતાના હાથ એટલી સફાઈથી ખંખેરે છે કે એક દાણો કે એક ડાઘ પણ બાકી ન રહી જાય.

અને, પછી શરૂ થાય છે એક એવું યુદ્ધ જેમાં સ્વાભિમાન, સ્વમાન અને અભિમાનની વ્યાખ્યાઓ પાતળીભેદ રેખાઓ તોડીને સેળભેળ થઈ જાય છે. જે સંબંધ જિંદગીનો પર્યાય મનાતો હતો એ સંબંધ ફરી એક વાર લગ્નની જેમ જ વેંઢારવો પડતો, ટકાવવો પડતો, શ્વાસ રૂંધતો 'બોજ' બની જાય છે!

લગ્ન અને લગ્નેતર સંબંધનો ભેદભાવ પૂરો થઈ જાય છે!

લગ્નેતર સંબંધમાં 'સ્ત્રીને સ્વમાન હોય જ કેવી રીતે?'... 'જો સ્વાભિમાન હોય તો એ લગ્નેતર સંબંધમાં પડે જ શું કામ?' "સેકન્ડ વુમન" બનવું એટલે જ તમારા સ્વમાનને ગીરવે મૂકવું'... માનનારો સમાજ ખરેખર ડરેલો-ગભરાયેલો સમાજ છે.

જો લગ્નેતર સંબંધને માન્યતા કે પુષ્ટી અપાય, જો લગ્નેતર સંબંધમાં પડેલી સ્ત્રીને પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સ્વમાન છે એવું સ્વીકારી લેવામાં આવે તો કદાચ આ સમાજના પાયા હચમચી જાય એવો ભય આ સમાજના ઠેકેદારોને સતત લાગતો રહ્યો છે.

પ્રાચીન રોમમાં કાયદેસર રીતે 'નગરવધૂ' કે 'વેશ્યા' સાથે સંબંધ રાખવાની છૂટ હતી, સોક્રેટિસ જેવો મહાન તત્ત્વવેત્તા પણ વારાંગનાઓની છડેચોક મુલાકાત લેતો. ગુજરાતી સાહિત્યમાં લીલાવતી મુન્શીએ એથેન્સની જાણીતી વારાંગના એસ્પેશિયાની વાત કરી છે. ફિલસૂફી, વક્તૃત્વ, અલંકાર, રસ જેવા વિષયો પર એ જાહેરમાં વિચારપ્રેરક વક્તવ્ય આપતી. ગ્રીસના સર્વશ્રેષ્ઠ શક્તિશાળી પુરુષ પેરિકલીસ અને સોક્રેટિસ એના શ્રોતામંડળમાં હતા. આખરે પેરિક્લીસ પોતાની પત્નીને છૂટાછેડા આપીને એસ્પેશિયા સાથે પરણ્યો પણ ખરો.

ઇતિહાસ આ બધી જ વાત કરે છે, એનું ગૌરવ કરે છે, પરંતુ એક કાયદેસર લગ્ન ન કરેલી સ્ત્રીને પ્રેમ કરવાનો અધિકાર નથી એવું સમાજવ્યવસ્થા રચનાર પિતાએ – પતિએ – પુત્રએ... ટૂંકમાં પુરુષે નક્કી કર્યું છે અને આવો ભયાનક ગુનો કરનાર સ્ત્રી માટે 'સ્વમાન' નામનો શબ્દ ચેકી નાખવો જોઈએ એવું આ પુરુષ પ્રધાનસમાજ દૃઢપણે માને છે... સાથે જ આવી શ્રેષ્ઠ એસ્પેશિયાઓ – હિર્પશિયાઓ કે વૈશાલીઓ કે આમ્રપાલીઓ માટે એમના મોઢામાં પાણી આવતા રહે છે.

આ પુરુષપ્રધાન સમાજ આવી, સો કોલ્ડ સ્ત્રીઓને બધું જ આપવા તૈયાર છે. દિલથી શરૂ કરીને દાગીના સુધી... પ્રેમથી શરૂ કરીને પ્રોપર્ટી સુધી... શર્ત ફક્ત એટલી કે એમણે સવાલ નહીં પૂછવાનો!

'અધિકાર', 'સ્વમાન', 'વચન', 'સલામતી' અને 'સવાલો' જેવા શબ્દ એમણે પોતાના શબ્દકોશમાંથી ચેકી નાખવાના અને જે મળે તે મેળવીને સતત મુસ્કુરાતા રહેવાનું! એમનું કામ છે મનોરંજન આપવાનું – મનસ્વી થઈને માગણી કરવાનું નહીં.

હાથ લંબાવીને માગવામાં આવતા અધિકારો કે આંખમાં આંખ નાખીને પૂછવામાં આવતા સવાલો પત્ની ન હોય એવી સ્ત્રીઓને સંબંધની રમતમાં 'અનફિટ' અથવા 'ડિસક્વોલિફાઈડ' ગણે છે.

જેને લગ્નેતર અથવા લગ્ન બહારનો અથવા લગ્ન પછીનો અથવા લગ્ન સિવાયનો સંબંધ કહેવાય છે એમાં સ્ત્રી અને પુરુષ સરખા ભાગે સુખ મેળવતા હોય તો એ 'સમભોગ' પછીનો જે ભોગ આપવો પડતો હોય છે. એમાં બંને વચ્ચે 'સમભાગ' કેમ નથી?

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માનસિક શાંતિની શોધમાં બીજાને અશાંતિ આપવાનો તમને કોઇ અધિકાર છે?

છાપાંમાં રોજેરોજ પતિના પત્નીને કે પત્નીના પતિને મારી નાખવાના સમાચારો છપાય છે. પરિણીતાઓ સંતાનોને સાથે લઈને અગ્નિસ્નાન કરે છે. કોઈ છોકરી પોતાના પ્રેમને નકારે તો એનું ખૂન કરવા સુધી કે મોઢા પર ઍસિડ ફેંકીને એને બદસૂરત બનાવી દેવા સુધીની હદે માણસ જઈ શકે છે.

મોટા ભાગના કિસ્સાઓમાં જોવા મળે છે કે સંબંધોમાં તિરાડ પડવાનું એક કારણ ખોટી દિશામાં થતી વિચારપ્રક્રિયા છે. તમે જે માનો છો અથવા જે ધારો છો તે જ સત્ય છે એમ માનીને સામેની વ્યક્તિ સાથેનું વર્તન કેટલા અંશે યોગ્ય છે?

તમે કોઈને પ્રેમ કરો છો એથી એણે તમને પ્રેમ કરવો જ? અને જો એ ના કરે તો એ માટે એને બદસૂરત બનાવી દેવાની સજા! તમે તમારાં પતિ કે પત્ની પાસેથી અમુક-તમુક પ્રકારની અપેક્ષા રાખો છો. એ તમારી અપેક્ષા મુજબ નથી વર્તતાં, તમને જીવનમાં જે સુખની અપેક્ષા હતી તે નથી મળતું એટલે તમે આપઘાત કરો છો?

તમે જે જીવનધોરણ જીવવા માગો છો એ જીવનધોરણ પ્રમાણે તમે જીવી શકતા નથી. તમે દેવું કરો છો અથવા કોઈ ગુનામાં સંડોવાવ છો અને તમારા ધાર્યા પ્રમાણે ન થાય તો હિંસા કે અંતે આત્મહત્યા તરફ વળો છો.

ખરેખર જીવવાની આ રીત યોગ્ય છે ખરી? ક્યારેય માણસ પોતાની શરતો પર જીવી શકે ખરો? તમને જે જોઈએ તે, જેમ જોઈએ તેમ મળે જ અથવા મળવું જોઈએ એ આગ્રહ – હઠાગ્રહ – દુરાગ્રહ કેટલી હદે યોગ્ય છે? તમારા દુ:ખનું સૌથી મોટું કારણ જ તમે તમારા જીવવાનું કારણ બનાવી દો છો.

કન્ઝ્યુમરિઝમના આ જમાનામાં માણસ અને વસ્તુ એકબીજામાં સેળભેળ થવા લાગ્યા છે. એક સમયે માણસ માટે વસ્તુઓ હતી. આજના સમયે માણસ વસ્તુઓ માટે જીવવા લાગ્યો છે. પ્રેમ કે સંબંધને પણ લગભગ વસ્તુનો દરજ્જો અપાઈ ચૂકયો છે. તમે માગો અને ના મળે એટલે માણસ ભુરાટો થઈને કંઈ પણ કરે એ આજના સમયનું સત્ય બનતું જાય છે.

આ હિંસા અને દ્વેષનું વાતાવરણ ઘરથી શરૂ કરીને બે દેશો સુધી લંબાયું છે. એક ભય, એક ફફડાટ જાણે દરેક સંબંધનું સત્ય બની ગયો છે. કોઈ પણ વ્યક્તિને આપણે ગમે તેટલું ચાહતા હોઈએ તો પણ એને ખોવા તૈયાર થઈ જઈએ છીએ. સમાધાન કરવાની તૈયારી દેખાડતા આપણને આપણો અહમ્ નડી જાય છે. આપણે સંબંધ ખોવા તૈયાર છીએ, આગ્રહ છોડવા તૈયાર નથી! આપણે આખેઆખી વ્યક્તિને ગુમાવવા તૈયાર છીએ, એક નાનકડી વાતને જવા દેતા આપણને તકલીફ થાય છે. આવું શા માટે થાય છે?

જે માટે આપણે તૈયાર નથી તેવી પરિસ્થિતિ, જેવું આપણે ધાર્યું નથી તેવા વળાંકો, જે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સત્ય નથી તેવા આદર્શો અને જે મળી નથી શકતું તેવી અપેક્ષાઓ આપણને આ દિશામાં લઈ જાય છે.

આજના સમયમાં સ્કૂલે જતાં બાળકથી શરૂ કરીને તદ્દન વૃદ્ધ થઈ ગયેલા લગભગ મૃત્યુની રાહ જોતા હોય એવા લોકો પણ અમુક પ્રકારની માનસિક તંગદિલીમાં જીવે છે, અને એમ જ એ જ રીતે જીવે જ છે એ પણ સત્ય છે.

જો કોઈ માણસ એમ કહેતો હોય કે મને કોઈ ટૅન્શન નથી, કોઈ ચિંતા નથી, કોઈ ભય નથી. કશું જ જોઈતું નથી. તો કદાચ એ તમારી સાથે જુઠ્ઠું બોલે છે અથવા પોતાની જાતને છેતરે છે. આજના સમયમાં જીવતા દરેક માણસ માટે માનસિક શાંતિ એક જરૂરિયાત છે, એક અનિવાર્ય જરૂરિયાત અને છતાં એ એક એવી ભ્રમણા છે, જે કોઈને ક્યારેય મળતી નથી.

આ વાંચીને કદાચ તમને નવાઈ લાગશે...

સવાલ થશે કે જો માનસિક શાંતિ મળતી નથી તો આ ધર્મગુરુઓ, સાધુઓ, માનસશાસ્ત્રીઓ, સાઇકિયાટ્રિસ્ટ્સ અને જાતજાતના માનસિક શાંતિના – મેન્ટલ હેલ્થના વચન આપતા કોર્સીસ શું કરે છે? ૨૦૦-૫૦૦થી શરૂ કરીને બે, પાંચ, દસ હજાર સુધીની કોઈ પણ રકમ માગી લેતા આ કોર્સીસ અને સાઇકિયાટ્રિસ્ટ્સ માણસને એક એવી ભ્રમણા વેચે છે, જેમાં રાચતો એ થોડાક સમય માટે ખુશ થવાનો પ્રયાસ કરે છે. સાચા અર્થમાં માણસ પોતે જ પોતાની મદદ કરી શક્તો હોય છે.

અહીં બે સવાલ પૂછવા જોઈએ. ૧. માણસ કાયમી માનસિક શાંતિ મેળવી શકે ખરો? અને ૨. કાયમી શાંતિ મળી જાય તો તમે જીવી શકો ખરા?

તમારી પાસે કોઈ સવાલ, કોઈ ધ્યેય, કોઈ લક્ષ્ય, દોડવાનું કે જીવવાનું કોઈ કારણ ના હોય તો તમારા જીવવાનો તમને કોઈ અર્થ લાગે ખરો?

સવારે ઊઠીને તમારે ક્યાંય જવાનું જ ના હોય એવી સ્થિતિમાં તમે કેટલા દિવસ રહી શકો?

સવાલ આર્થિક પરિસ્થિતિનો કે બ્રેડ-બટરનો નથી. માની લો કે તમારી પાસે એટલા પૈસા છે કે તમારે કમાવાની જરૂર નથી. માની લો કે તમારે માટે પૈસા કમાવા એ જરૂરિયાત નથી. તમારે કોઈ સંબંધમાં કશું જોઈતું નથી, કોઈ વળગણ, કોઈ માયા, કોઈ મોહ નથી. તમે જે સ્થિતિને 'માનસિક શાંતિ' માનો છો એ તમને મળી ચૂકી છે, તેમ છતાં શું તમને ખરેખર લાગે છે કે તમે જેને માનસિક શાંતિ ગણો છો એવી સ્થિતિમાં તમે લાંબો સમય રહી શકશો?

માણસમાત્રને જીવવા માટે કશું જોઈએ છે. એને તમે કારણ કહી શકો, ધ્યેય કહી શકો, લક્ષ્ય કહી શકો, ઉદ્દેશ કહી શકો કે બીજું કંઈ પણ કહી શકો.

આ 'જે કંઈ પણ' છે તે માણસને જીવતો રાખે છે. એ એનો પ્રેમ હોઈ શકે, એનું પેશન, એની ઘેલછા-મહેચ્છા કંઈ પણ હોઈ શકે.

જરૂરત છે એક ભેદરેખા દોરવાની.

તમારી ઘેલછા-મહેચ્છા, ધ્યેય, લક્ષ્ય કે ઉદ્દેશ તમારા પૂરતા સીમિત હોવા જોઈએ. એનો સંબંધ તમારી સાથે હોય ત્યાં સુધી બહુ મોટો પ્રશ્ન સર્જાતો નથી. જાણે-અજાણે તમે એ આખી પરિસ્થિતિમાં બીજાને પણ ઘસડવા માંડો છો. તમે માનવા માંડો છો કે સામેની વ્યક્તિએ પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તમે માનો છો તે જ માનવું જોઈએ. એણે પણ તમારી આ ઇચ્છા-મહેચ્છા-સિદ્ધાંત-ધ્યેય-લક્ષ્ય-ઉદ્દેશનો ભાગ બનવું જોઈએ. સૌથી દુ:ખની વાત એ છે કે આ 'સામેની વ્યક્તિ' મોટા ભાગે તમારી નજીકની અને પ્રિય વ્યક્તિ હોય છે.

આ તમારી પત્ની હોઈ શકે, પ્રેમિકા, સંતાન, માતા-પિતા કે મિત્ર...

ધીમે ધીમે માણસ એ ભૂલી જાય છે કે એ જેના પર આ બધું ઠોકી બેસાડે છે એ કોઈ બીજી વ્યક્તિ છે. સાવ જુદી અને સાવ અલગ. જેમ પોતાને કોઈ ઇચ્છા-મહેચ્છા, ધ્યેય, લક્ષ્ય કે ઉદ્દેશ છે એમ એ વ્યક્તિને પણ હોઈ શકે. એ તમારાથી જુદું વિચારવાનો, જુદું જીવવાનો અધિકાર ધરાવે છે.

પ્રિય વ્યક્તિ સાથે જ્યારે પણ આવી બાબતમાં મતભેદ થાય ત્યારે માણસે સામેની વ્યક્તિને પોતાની સાથે સહમત કરવાને બદલે મતભેદ સ્વીકારી લેવો વધારે જરૂરી બને છે. આવા સમયે કડવી ભાષા કે આકરા શબ્દો વાપરવાને બદલે પોતે જે માને છે તેને દઢપણે સામેની વ્યક્તિ સુધી પહોંચાડવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવો જોઈએ.

ખરેખર તો તમારાથી આટલું જ થઈ શકે છે.

સામેની વ્યક્તિ તમારી પ્રિય વ્યક્તિ છે. એનો અર્થ એવો નથી કે એણે તમારી બધી જ વાત સ્વીકારી લેવી. એ તમને સ્વીકારે છે. તમારા મત, માન્યતા, ઇચ્છા, મહેચ્છા કે ઘેલછાને નહીં.

તમારે તમારી આવી લાગણીઓને તમારાથી પણ જુદી પાડીને જોવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે જે માનો છો તે તમારા પૂરતું સાચું હોઈ જ શકે, અથવા છે જ, પરંતુ બીજા માટે એ સાવ નકારી નાખવા જેવી બાબત પણ હોઈ શકે. એટલું તો એક બુદ્ધિશાળી માણસ તરીકે તમારે સ્વીકારવું જ રહ્યું. તાવ, પેટનો દુખાવો કે કમરના દુખાવા માટે બે વ્યક્તિઓને જુદી દવા લેવી પડે છે. જેમાં એમને શરીરના બંધારણ અને દુખાવાના કારણનો અભ્યાસ અગત્યનો બને છે.

એવી જ રીતે બે જુદી વ્યક્તિઓ જુદું જીવવા સર્જાયેલી હોય છે અને એમને જુદું માનવાનો અધિકાર છે.

તમે કોઈને પ્રેમ કરો છો એટલે એણે તમને પ્રેમ કરવો જ... અથવા તમે જેને જીવનધોરણ માનો છો એ જીવનધોરણમાં બીજાએ જીવવું અથવા તમારા શોખ બીજાએ કેળવવા અથવા તમારા મિત્રો બીજાએ સ્વીકારવા, તમને ભાવે તે જ બીજાએ ખાવું, તમને ગમે તે જ બીજાએ પહેરવું... આવા હઠાગ્રહો કે દુરાગ્રહો તમારી પ્રિય વ્યક્તિ સાથે મતભેદ અને ધીમે ધીમે મનભેદ સર્જી શકે છે.

તમે કોઈની કાળજી લો છો એટલે એ તમારી કાળજી લેશે જ. તમે એના માટે સમય કાઢો છો, તમારું અગત્યનું કામ છોડો છો એટલે એ પણ એમ જ કરશે. તમે એના ગમા-અણગમા ઓળખીને એ પ્રમાણે વર્તો છો એટલે એ પણ એમ જ કરે એવી અપેક્ષા અર્થહીન અને પમાણમાં બુદ્ધિહીન છે.

તમે જે છો તે જ બીજા હોય એવી અપેક્ષા જ નકકામી છે. તમે જે કરો છો તે તમારી ઇચ્છાથી કરો છો, તમારે કરવું છે એટલે કરો છો, તમને લાગે છે કે તમારે કરવું જોઈએ એટલે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કરો છો. સામેની વ્યક્તિને એવું ન પણ લાગે, ન પણ લાગતું હોય!

સારા અને સ્વસ્થ સંબંધ માટે માણસે સૌથી પહેલા પોતાની લાગણીઓ જાત સુધી સીમિત રાખતા શીખવું જોઈએ. બીજાને બદલવાનો કે સુધારવાનો પ્રયાસ બિલકુલ બિનજરૂરી અને પરિણામશૂન્ય હોય છે. સામેની વ્યક્તિ કદાચ થોડા સમય માટે બદલાય કે તમને અનુકૂળ થાય તો પણ એનો ખરેખર કોઈ અર્થ છે ખરો?

આ અગ્નિસ્નાન અને આત્મહત્યા સામેની વ્યક્તિને સજા કરવાનો એક રસ્તો છે.

બીજા પર આચરવામાં આવતી હિંસા કે પોતાની જાત પર કરવામાં આવતો જુલમ એવું કહેવાનો પ્રયાસ છે કે જો મારું ધાર્યું નહીં થાય તો હું નહીં ચલાવી લઉં.

સંબંધ હંમેશાં બે વ્યક્તિ વચ્ચે હોય છે. બે જુદી વ્યક્તિઓ વચ્ચે...

ષડ્યંત્રોથી ભરપૂર, લગ્નેતર સંબંધોથી લદાયેલી ટેલિવિઝન શ્રેણીઓ કે હિંસામાં ડૂબેલી પ્રેમકથાઓ તમને કદાચ આકર્ષતી હશે, પણ અને તમારા જીવનમાં ઉતારવાનો પ્રયાસ સૌથી વધારે નુકસાન તમને જ કરશે. પ્રિય વ્યક્તિને નુકસાન કરીને તમારો આત્મા તમને જંપવા નહીં દે અને પ્રિય વ્યક્તિને ખોયાનો અફસોસ તમને જીવનભર એ ખોટ પુરાવા નહીં દે.

એને બદલે છીએ એના કરતાં થોડા ઓછા દુ:ખી થવાનો પ્રયાસ કદાચ તમને છે તેના કરતાં સારી સ્થિતિમાં લઈ આવશે. માનસિક શાંતિની શોધમાં આમતેમ ભટકવાને બદલે જાતને થોડી બદલીને, સામેનાને થોડા સમજીને જીવવાનો પ્રયાસ જૂની વ્યક્તિ સાથે એક નવો સંબંધ કેળવી આપશે.

મને આવો અનુભવ અને ખાતરી છે... તમને?!

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સજાતીય સંબંધો: કાયદા અને બા-કાયદા!

૯મી ઑગસ્ટ, ૦૮ના અખબારોમાં આપણા કેન્દ્રિય આરોગ્યપ્રધાન શ્રી રામદોસે કરેલું વિધાન ચમકી ઊઠયું છે. એમણે કહ્યું કે, સજાતીય સંબંધોને કાયદેસર બનાવવા માટે તેઓ મદદ કરશે. તેમણે ઉમેર્યું કે, પુરુષોના સજાતીય સંબંધોથી એઇડ્સ ફેલાય છે. 'નૅશનલ એઇડ્સ કંટ્રોલ ઑર્ગેનાઇઝેશન'ના એક સમારોહમાં મેક્સિકો ખાતે બોલતા એમણે આ વાત કહી. આ જ સભામાં એવો ખુલ્લેઆમ સ્વીકાર થયો કે ભારતમાં ૨૫ લાખથી વધુ લોકો હોમોસેક્સ્યુઅલ સંબંધોમાં સંડોવાયેલા છે. જેમાંથી એક લાખ કરતાં વધુ લોકો એચ.આઈ.વી. પૉઝિટિવ થઈ ગયા છે.

એક ગુજરાતી અખબારમાં રાજપીપળાના પ્રિન્સ માનવેન્દ્ર ગોહિલે હોમોસેક્સ્યુઅલ હોવાની કબૂલાત કરી ત્યારે ગુજરાતીઓએ હોબાળો મચાવ્યો હતો. આવા સમાચાર ખુલ્લેઆમ છાપવા બદલ ઘણી ફરિયાદો કરી હતી. ભારતના બંધારણના ઇન્ડિયન પીનલ કોડના સેક્શન ૩૭૭ મુજબ પુરુષનું પુરુષ સાથે શારીરિક સંબંધથી જોડાવું ફોજદારી ગુનો બને છે. એને માટે કાયદામાં સજાની અને દંડની જોગવાઈ છે.

સજાતીય સંબંધો સતત અને અવિરતપણે ચર્ચામાં રહ્યા છે. બિન્દુ ભટ્ટની નવલકથા 'મીરાં યાજ્ઞિકની ડાયરી'માં એમણે સજાતીય સંબંધોનો સહેજ પણ છોછ વગર ઉલ્લેખ કર્યો છે. બે સ્ત્રીઓ એકબીજાના સ્તનને ચૂમે એ વાતને એમણે સહેજ પણ અચકાયા વિના કે ચકચાર જગાવવાના ઉદ્દેશ વિના સ્પષ્ટ અને સહજ રીતે કહી છે. ઇસ્મત ચુગતાઈની એક ટૂંકી વાર્તા 'લિહાફ'માં એમણે એક બેગમના એની બાંદી સાથેના લેસ્બિયન સંબંધની વાત કરી છે. આ વાર્તા લખવા માટે ઇસ્મત ચુગતાઈ ઉપર લાહોરની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. વિખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત હિમાંશી શેલતની નવલકથા 'આઠમો રંગ'માં અમૃતાની ડાયરીમાંથી લેવાયેલાં કેટલાંક પાનાંમાં એમણે પોતાના લેસ્બિયન સંબંધો વિશે ઉલ્લેખ કર્યો છે. દીપા મહેતાની ફિલ્મ 'ફાયર'માં શબાના આઝમી અને નંદિતા દાસ વચ્ચે આવા સજાતીય સંબંધોનાં દૃશ્યો બહુ જ સ્વાભાવિકપણે લેવાયાં હતાં.

મધુર ભંડારકરની 'પેજ ૩'માં કોંકણા સેન પોતાના બૉયફ્રેન્ડને સજાતીય સંબંધમાં સંડોવાયેલો હોવાને કારણે છોડી દે છે તો ઈશા કોપીકર દ્વારા અભિનિત એક ફિલ્મમાં સજાતીય સંબંધમાં સંડોવાયેલી એક સ્ત્રી ઈર્ષામાં ખૂન કરવા સુધી પહોંચી જાય છે.

ફિલ્મો અને નવલકથા આપણા જીવનનું જ પ્રતિબિંબ છે. રજનીશ કહે છે કે, "સજાતીય સંબંધ કોઈ ઊહાપોહ મચાવવા જેવી બાબત નથી. પુરુષનું પુરુષને કે સ્ત્રીનું સ્ત્રીને ગમવું સાવ સ્વાભાવિક છે. ફક્ત એને શારીરિક સંબંધો સાથે જોડીને આપણે ગૂંચવાડો ઊભો કરીએ છીએ."

સજાતીય સંબંધો ખાસ કરીને પુરુષોના હોમોસેક્સ્યુઅલ સંબંધો કોઈ નવી વાત નથી. છેક ૧૬૨૪થી શરૂ કરીને ૧૮૧૧ અને તેથી પણ પછીના સમયમાં હોમોસેક્સ્યુઅલ સંબંધો વિશે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અનેક પુસ્તકો અને લેખો પ્રગટ થયાં છે. ભારતનાં જ નહીં, પરંતુ સામાન્ય રીતે નાકનું ટીચકું ચડાવીને વર્તતા બ્રિટિશશાસનના પ્રદેશોમાં અને અંગ્રેજી ભાષામાં પણ હોમોસેક્સ્યુઆલિટી અને લેસ્બિયન સંબંધો વિશે અનેક પુસ્તકો અને લેખો લખાયા છે. 'હોમોસેક્સ્યુઆલિટી ઈન એઇટિન્થ સેન્ચ્યુરી ઇંગ્લૅન્ડ' (એ સોર્સ બુક) નામના પુસ્તકમાં લેખક રિક્ટર નોર્ટને ઇંગ્લેન્ડમાં ૧૮મી સદીમાં ચાલતા સજાતીય સંબંધોનો ઉલ્લેખ કર્યો છે. એ વિશેની ઘણી માહિતી એમણે પોતાના પુસ્તકમાં પૂરી પાડી છે.

ઘણી વાર નવાઈ લાગે, પરંતુ એ સદીના જાણીતા લેખકો ને કવિઓ પણ હોમોસેક્સ્યુઅલ સંબંધોમાં સંડોવાયેલા હતા. ૧૭૦૯માં લખાયેલા એક પુસ્તક 'મોલિઝ ક્લબ' અને ૧૭૨૯માં લખાયેલા એક પુસ્તક 'લાઇફ ઑફ થોમસ નીવ્ઝ'માં હોમોસેક્સ્યુઅલ સંબંધો વિશે મરી-મીઠું નાખીને લખવામાં આવ્યું છે.

ઇસ્લામના એક હદીસમાં મહોમ્મદ પયગંબરે કહ્યું છે, "કોઈ પુરુષે બીજા પુરુષના કે કોઈ સ્ત્રીએ બીજી સ્ત્રીના અંગત ભાગો તરફ જોવું નહીં અને બે પુરુષોએ ક્યારેય એક ચાદર ઓઢીને સૂવું નહીં."

અહેમદ કુટ્ટી જેઓ ટોરેન્ટોના ઇસ્લામિક ઇન્સ્ટિટ્યૂટમાં સિનિયર લેકચરર છે. એમણે એમના ઘણાં ભાષણોમાં ઇસ્લામમાં સજાતીય સંબંધો અંગે કરવામાં આવેલા નિષેધ વિશે ખૂલીને વાત કરી છે. એમણે કહ્યું કે, "વિશ્વના કોઈ પણ ધર્મમાં સજાતીય સંબંધ માન્યતા આપવામાં આવી નથી. આ સંબંધ કુદરતે પણ યોગ્ય ગણ્યો નથી કારણકે આનાથી સંતાન પેદા થતાં નથી અને શારીરિક સંબંધનો મુખ્ય ધ્યેય સંતાનો પેદા કરવાનો છે."

ઇસ્લામ પાળતા કેટલાય દેશોમાં હોમોસેક્સ્યુઆલિટી માટે મૃત્યુદંડની સજા છે, જ્યારે બહારીન, બાંગલાદેશ, મલેશિયા, માલદીવ્સ, નાઇઝિરિયા જેવા દેશોમાં ૧૦થી ૨૦ વર્ષની સજા અને દંડની જોગવાઈ છે. પાકિસ્તાન, સુદાન, મોરક્કો, યુ.એ.ઈ., ઉઝબેકિસ્તાન, અલજીરિયા જેવા દેશોમાં ૩ થી ૫ વર્ષની સજા છે. ઇરાન, અફઘાનિસ્તાન, યુ.એ.ઈ., ઉઝબેકિસ્તાન, માલદીવ્સ, ઓમાન જેવા દેશોમાં સજાતીય સંબંધોની વ્યાખ્યામાં ફક્ત પુરુષોની જ વાત કરવામાં આવી છે. લેસ્બિયન સંબંધોનો ઉલ્લેખ પણ એમના કાયદામાં કરવામાં આવ્યો નથી.

યુનિયન આરોગ્યપ્રધાન શ્રી રામદોસે પણ સજાતીય સંબંધની વ્યાખ્યામાં માત્ર પુરુષોના સજાતીય સંબંધો (હોમોસેક્સ્યુઆલિટી)ની વાત કરી છે. એમણે પણ સ્ત્રીઓના સજાતીય સંબંધનો ઉલ્લેખ ટાળ્યો છે.

ઇરશાદ મનજી નામની લેખિકા જે જાતે લેસ્બિયન છે અને ઇસ્લામની બહુ મોટી વિવેચક છે. એણે કહ્યું છે કે, "હોમોસેક્સ્યુઆલિટી (સજાતીય સંબંધ) બે ઇસ્લામી લોકો વચ્ચે ગુનો માનવામાં આવતો નથી." જોકે એની આ વાત બહુ ઓછા લોકો સ્વીકારે છે. મોટા ભાગના ધર્મગુરુઓનું કહેવું છે કે ઇસ્લામ અને બાઇબલ બંનેમાં સ્પષ્ટપણે હોમોસેક્સ્યુઅલ સંબંધો વિશે નિષેધ દેખાડવામાં આવ્યો છે.

કુરાનમાં કહેવામાં આવ્યું છે કે, "તમારી સ્ત્રીઓ પૈકી જે બદકારી અથવા વિષયલંપટતામાં સપડાયેલી જોવા મળે તેમની ઉપર તમારામાંથી ચાર પુરુષોની સાક્ષી લો, અને જો ચાર પુરુષો સાક્ષી આપી દે તો તેમને મૃત્યુપર્યંત અથવા અલ્લાહ તેમના માટે કોઇ રસ્તો કાઢી આપે ત્યાં સુધી ઘરોમાં બંધ રાખો અને તમારા પૈકી જે આ કૃત્ય આચરે એ બંનેને પીડા આપો

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

પછી જો તેઓ તોબા કરે અને પોતાને સુધારી લે તો તેમને છોડી દો, કારણ કે અલ્લાહ મહાન તોબા સ્વીકારનાર અને દયા કરનાર છે." (સૂર: ૪/૧૫-૧૬)

બાઇબલમાં સજાતીય સંબંધોને ગુનો ગણવામાં આવ્યો છે. એને સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય કહેવાયું છે સાથે એમ પણ કહેવાયું છે કે આ ગુનો કરનાર વ્યક્તિમાત્રને માફી મળતી નથી. એના ઉપર શારીરિક અને ઈશ્વરની સજા ઊતરે છે. આખરે બીમારી એને ઘેરી લે છે અને એ મનથી ભાંગી પડે છે.

ધર્મો અને કાયદા સજાતીય સંબંધને આજ સુધી માન્યતા આપતા નથી તેમ છતાં સમાજમાં સજાતીય સંબંધ બહુ જ સ્વાભાવિકપણે સ્વીકારાવા લાગ્યા છે અને વધી રહ્યા છે.

ન્યૂ ક્લોથ માર્કેટમાં અતીતનું મૃત્યુ થાય કે શિક્ષક પોતાના પુત્રની ઉંમરના બાળકને કૂકરનું ઢાંકણું માથામાં મારી એની સાથે સજાતીય સંબંધ કેળવવાનો પ્રયાસ કરે. આ બધી જ પરિસ્થિતિમાં માણસની એક ન રોકી શકાય તેવી જરૂરિયાત કામ કરતી હોય છે, પરંતુ એ જરૂરિયાત પૂરી થઈ ગયા પછી સમાજ એને નહીં સ્વીકારે અથવા જો લોકો સુધી આ વાત પહોંચી જશે તો પોતાની બદનામી થશે એ ભયે હિંસા અને ખૂન સુધી વાત પહોંચી જાય છે.

જાણીતા સાઇકિયાટ્રિસ્ટ હંસલ ભચેચ કહે છે કે, 'ઉછેરથી શરૂ કરીને ડ્રગ એડિક્શન સુધીનાં ઘણાં કારણો માણસને હોમોસેક્સ્યુઅલ બનવા તરફ લઈ જાય છે,પરંતુ એમાંનાં મુખ્ય કારણો વિજાતીય વ્યક્તિ પરત્વેની એમની કોઈક કારણસર ઊભી થયેલી અણગમાની લાગણી અથવા વિજાતીય વ્યક્તિ તરફથી એમનો તિરસ્કાર અગત્યનો ભાગ ભજવે છે. પેડોફેલિયા (ચાઇલ્ડ અબ્યુઝ)નો ભોગ બનેલાં બાળકો પણ આ તરફ દોરવાય છે. વેરભાવથી કે સલામતી શોધવા માટે ઘણા પુરુષો સજાતીય સંબંધો તરફ વળી જાય છે.'

બ્રુસ ડેવિસ નામના એક યુવાને ઇલીનોઇસમાં ૨૭ પુરુષો અને સ્ત્રીઓને શારીરિક રીતે અત્યાચારનો ભોગ બનાવી ખૂન કર્યા. જ્હોન વેન નામના માણસે શિકાગોમાં ૧૫ વર્ષથી નીચેના ૩૩ છોકરાંઓને સજાતીય સંબંધોમાં ઘસડીને એમનું ખૂન કરી પોતાના જ ઘરમાં જમીન ખોદીને દાટી દીધાં. પેટ્રીક કૅરની નામનો માણસ લોસએન્જેલિસમાં ૩૨ જણાનું સજાતીય સંબંધમાં ખૂન કરીને એમના શરીરના ભાગો કાપી ફ્રીવેઇઝમાં ફેંકતો રહ્યો.

આવા તો ઘણા દાખલા છે. એક અભ્યાસ કહે છે કે ૧૯૬૬ થી ૧૯૮૩ દરમિયાન શારીરિક અત્યાચાર (સજાતીય બળાત્કાર)નો ભોગ બની મરનારાઓની સંખ્યા માત્ર અમેરિકામાં ૫૧૮ની હતી.

વૉશિંગ્ટન સ્ટેટ કરેક્શન સેન્ટરમાં કાઉન્સેલર તરીકે કામ કરતા જીમ વોરેન કહે છે કે, "આમાં મોટા ભાગે ૩૬ વર્ષથી નીચેના લોકો સંડોવાય છે." ૧૯૭૧ થી ૧૯૮૨નો સમય સજાતીય સંબંધ માટે પહેલી વાર અવાજ ઉઠાવવાથી શરૂ કરીને એને માટે વધુ તીવ્ર થયેલાં આંદોલનોનો સમય છે. આ સમય દરમિયાન હોમોસેક્સ્યુઆલિટીનો સ્વીકાર થાય એ માટે અમેરિકામાં એક જુવાળ આવ્યો. મોટા ભાગના લોકો સ્ત્રીથી ત્રાસીને પ્રથમ પ્રેમસંબંધમાં ભગ્ન થઈને હોમોસેક્સ્યુઆલિટી તરફ વળનારા લોકો હતા. એમાંના ઘણાંયે (૨૨ થી ૩૭ ટકાએ) એવું સ્વીકાર્યું કે તેઓ દુ:ખદાયક સેક્સ માણતા હતા. સિગારેટ ચાંપવી, કોરડા મારવા અને સાથે સાથે હાથ-પગ બાંધીને બચકાં ભરવાં કે શરીરના અમુક ભાગોને ચીસ પડાઈ જાય એટલી હદે દબાવી દેવા જેવી પ્રવૃત્તિઓ એમને ગમતી.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

આ અંગે એક જીમ વોરેન કહે છે કે, “સજાતીય સંબંધ અંગે તેમના મનમાં એક પ્રકારની ગુનાઈત ભાવના હોય છે. એમને આ સંબંધમાં આનંદ આવે છે, પરંતુ પોતે કશું ખોટું કરે છે એવી લાગણી એમની અંદર છે જ. તેથી આ પ્રકારની પીડા આપવાની પ્રવૃત્તિથી તેઓ પોતાને જ સજા કર્યાનો સંતોષ લે છે.”

૧૯૮૦માં સી.ડી.એસ. ટીવી પર એક ડૉક્યુમૅન્ટરી દેખાડવામાં આવી હતી. ‘ગે પાવર એન્ડ ગે પૉલિટિક્સ’ નામની આ ડૉક્યુમૅન્ટરીમાં એવો દાવો કરાયો હતો કે ૧૦ ટકાથી વધુ યુવા પુરુષોનાં મૃત્યુ આવી પીડાદાયક સેક્સ પ્રવૃત્તિ દરમિયાન નીપજ્યાં હતાં.

૧૯૯૩માં લંડનમાં એક લાખથી વધુ લોકોએ સહી કરીને એક અપીલ ઊભી કરી હતી. જેમાં એમણે લખ્યું હતું કે હિંસા માટે સેક્સ એ કોઈ બહાનું ન હોઈ શકે. આમાંથી મજા લેવાનો પ્રયાસ કરતા લોકોને મોટામાં મોટી સજા થવી જોઈએ. આ અપીલના જવાબમાં લંડનની કોર્ટે કેટલાંક વિધાન બહાર પાડ્યાં હતાં. જેમાંનું એક હતું, “શારીરિક રીતે અત્યાચાર કરીને સેક્સ ભોગવનાર જો સ્ત્રીનો પતિ હોય તો પણ તે સજાને પાત્ર છે.” આ વિધાનના આધારે ૧૯૯૩થી આજ સુધીમાં લંડન કોર્ટમાં કેટલીયે અરજીઓ દાખલ કરવામાં આવી છે. જેમાં માત્ર પરિણીત સ્ત્રીઓની અરજી નથી, એમાં પરિણીત પુરુષો અને સજાતીય સંબંધ ધરાવનારા એવા લોકોની અરજીઓ છે. જેમને આવા પીડાદાયક શારીરિક સંબંધ દરમિયાન કાયમી નુકસાન પહોંચ્યું છે અને હવે એનું કશું જ થઈ શકે એમ નથી.

સેક્સ્યુઅલી ટ્રાન્સમીટેડ ડીઝીઝ (એસ.ટી.ડી.)ના રોગોમાં હવે એઇડ્સનો ભય આખા વિશ્વમાં વ્યાપી ગયો છે. સજાતીય સંબંધોમાં એઇડ્સ ફેલાવાનો ભય બહુ જ મોટા પ્રમાણમાં રહેલો છે.

૧૯૯૨માં અમેરિકા અને યુરોપના કેટલાય સેક્સ ક્લિનિક્સે એવી માહિતી આપી કે મોટા ભાગના લોકો એવું જાણતા હોય છે કે તેઓ એઇડ્સથી ગ્રસ્ત છે. તેમ છતાં તેઓ સજાતીય સંબંધોમાં સંડોવાતા હોય છે અને એને કારણે બીજા લોકોને પણ એઇડ્સગ્રસ્ત બનાવતા હોય છે.

૧૯૯૩ સુધીમાં લગભગ એક લાખ જેટલાં લોકો અમેરિકામાં એઇડ્સના કારણે મૃત્યુ પામ્યાં અને એમણે આ રોગ કેટલાયને ટ્રાન્સમીટ કર્યો તે અલગ.

જેટલો ઊહાપોહ પુરુષના સજાતીય સંબંધો વિશે થાય છે એટલો સ્ત્રીઓના સજાતીય સંબંધ વિશે નથી થતો. એનું મુખ્ય કારણ વૈજ્ઞાનિક છે. પુરુષોના સજાતીય સંબંધોમાં સેક્સ્યુઅલ રોગો (ખાસ કરીને એઇડ્સ) ટ્રાન્સમીટ થવાની શક્યતાઓ વધારે રહેલી છે અને તેથી આ સંબંધોને માન્યતા આપીને પણ જો આના વિશે વૈજ્ઞાનિક જાણકારી અને સાવચેતીની માહિતીનો ફેલાવો કરી શકાય તો જાગૃતિ આવી શકે એમ મોટા ભાગના લોકોનું માનવું છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એક + એક = બે? એક? કે અડધું...

એક બહેન સોસાયટીના સેક્રેટરી પાસે ગયા. એમણે કહ્યું, “મારા ઘરની સામે રહેતો બેચલર છોકરો આખો દિવસ એના ઘરમાં કપડાં કાઢીને ફરે છે.”

“તમને કેવી રીતે ખબર?” સેક્રેટરીએ આશ્ચર્યથી પૂછ્યું, “એના પડદા તો સતત બંધ રહે છે.”

“પડદા બંધ રહે તેથી શું? હું મારા ઘરમાં સ્ટૂલ પર ચડીને મારા વૅન્ટિલેટરમાંથી જોઉં છું તો એના ઘરના વૅન્ટિલેટરમાંથી બધું ચોખ્ખું દેખાય છે!”

પડદા બંધ હોવા છતાં સ્ટૂલ પર ચડીને વૅન્ટિલેટરમાંથી જોવાની આપણી ભારતીય માનસિકતા આપણને બીજાની જિંદગીમાં વધુ પડતો રસ લેતાં તો શીખવે છે, પણ આપણી પોતાની જિંદગી વિશે ગંભીરતાથી વિચારતાં કે નિખાલસતાથી બોલતા રોકી દે છે. પશ્ચિમ પાસે શીખવા જેવી કોઈ એક બાબત હોય તો એ છે સાચું બોલવાની નિખાલસતા. પોતાના બંધાતા કે તૂટતા સંબંધો વિશે પશ્ચિમમાં સૌ ખૂબ જ સ્વાભાવિકતથી વાત કરતા જોવા મળે છે. ખતમ થઈ જતા સંબંધો વિશે દુ:ખ જરૂર હોય છે, પરંતુ એ ખતમ થઈ ગયેલા સંબંધને મરી ગયેલા માણસની લાશની જેમ ખભે વેંધારવાને બદલે એના યોગ્ય સંસ્કાર કરી એમાંથી મુક્ત થવાનો પશ્ચિમનો વિચાર ખરેખર દાદ માગી લે એવો છે.

માણસ ખડખડાટ હસી શકે, સ્વાભાવિકતાથી રડી શકે અને પોતાની અંદર ચાલતા સંઘર્ષને સ્વાભાવિકપણે સ્વીકારી શકે તો જ એ હજીસુધી માનવીય સંવેદનાઓને અકબંધ રાખી શક્યો છે એમ માની શકાય. આપણે સૌ આપણી સંવેદનાને ઢાંકતા, દબાવી દેતા બાળપણથી જ શીખી જઈએ છીએ. તદ્દન નાનકડા બાળકને પણ, ખાસ કરીને પોતાના શરીરને સમજી શકે એનાથી પણ ઓછી ઉંમરની દીકરીને સમય પહેલા એના શરીર વિશે સજાગ કરીને આપણે એનું બાળપણ છીનવી લઈએ છીએ.

ભારતીય સમાજમાં નગ્નતાને બહુ છોછ સાથે જોવાય છે. ‘ઇન્ડિયા ટુડે’ના એક સર્વેમાં એવું જાણવા મળ્યું હતું કે, ભારતીય સમાજમાં ૯૦ ટકાથી પણ વધુ પતિ-પત્ની સંભોગ સમયે સંપૂર્ણ નગ્ન થઈ શકતા નથી!

આ વાતનું મહત્ત્વ લગ્ન સંસ્થાની બાબતમાં ઘણું છે.

જે વ્યક્તિ સામે તમે પૂરેપૂરાં વસ્ત્ર ઉતારી શકો, જેવા છો એવા દેખાઈ શકો એ વ્યક્તિ સામે કદાચ તમારે દંભ કરવાની જરૂર ન પડે એવું માનસશાસ્ત્રીઓ અને મનોરોગવિશેષજ્ઞો માને છે.

દંભ આપણા સમાજનું સૌથી મોટું લક્ષણ અને સૌથી મોટું દુષણ છે. અંગત સંબંધોમાં પણ આપણે ભારતીયો ભાગ્યે જ નિખાલસ થઈ શકીએ છીએ. આનું કારણ કદાચ આપણો ઉછેર અને વર્ષોથી આપણા મનમાં ઘર કરી ગયેલી કેટલીક એવી માન્યતાઓ છે, જેને દૂર કરવા માટે સૌથી પહેલા પોતાની જાત સમક્ષ સત્યનો સ્વીકાર કરવા અનિવાર્ય બની રહે છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

માણસમાત્રને બાળપણથી એવું શીખવવામાં આવે છે કે એણે સતત સંઘર્ષ કરીને પણ અવ્વલ નંબરે આવવાનું છે. શાળાના પરિણામથી શરૂ કરીને સ્પોર્ટ્સ-ડે સુધી 'પહેલા નંબર'નું મહત્ત્વ આંકડા ગણતા આવડે તે પહેલા બાળકના મગજમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. હરીફાઈ દરેક માણસના જીવનનો એક એવો ભાગ બની જાય છે કે હરીફાઈ વિના જીવવું એના માટે લગભગ અશક્ય બની જાય છે. સાથે જ જાતિભેદ-જેન્ડર બાયસ બાળકને બાળપણથી જ પેઢી દરપેઢી વારસામાં આપી દેવાય છે.

તદ્દન જુદી રીતે ઉછરેલા, જુદી રીતે જીવેલા, જુદું માનતા, જુદું વિચારતા અને જુદી રીતે વર્તતા બે માણસોના 'લગ્ન' કરાવીને સાથે જીવવા ફરજ પાડવામાં આવે છે. આવા સમયે બંને જણા પોતપોતાની જિંદગીને પોતાની રીતે જીવવાનો પ્રયાસ કરે છે. સાથે મળીને જીવવાને બદલે પોતાની રીત – માન્યતા – ગમા-અણગમા બીજી વ્યક્તિ પર ઠોકી બેસાડવાની એક તીવ્ર હરીફાઈ શરૂ થઈ જાય છે...

...જેમાંથી સંઘર્ષ સર્જાય છે. એકબીજાની લાગણીઓ, ગમા-અણગમા, શબ્દ કે મૌન કંઈ નહીં સમજી શકતી બે વ્યક્તિઓ સતત પોતાની વાત કહ્યા કરે છે અને ધીમે ધીમે માનવા લાગે છે કે પોતે જે કહી રહ્યા છે તે જ અંતિમ સત્ય છે. બીજી વ્યક્તિએ આ વાત કોઈ દલીલ વિના સ્વીકારી લેવી એવો હઠાગ્રહ શરૂ થાય છે.

જિંદગી એક હાર-જીતની બાજી બનીને રહી જાય છે. એમનો અંગત સંબંધ શતરંજની રમત બની જાય છે. સામેવાળાને કઈ રીતે મ્હાત આપી પોતે જીતી જવું એની જ ગણતરીમાં સંબંધો અટવાઈ જાય છે.

'લગ્ન તો સફળ જ હોવા જોઈએ' અથવા 'લગ્નજીવનની સફળતા સામાજિક સ્વીકૃતિ માટે અનિવાર્ય છે.' એવું બાળપણથી શીખવવામાં આવ્યું છે એટલે એક જ ઘરમાં, એક જ છત નીચે રહેતા બે માણસો દંભના મહોરાને એમનો ચહેરો બનાવી લે છે. એમની વચ્ચેનું આ યુદ્ધ ખુલ્લી છાતીએ લડી શકતા નથી એટલે શરૂ થાય છે એક રાજનીતિ. બે બેડરૂમના નાનકડા ઍપાર્ટમૅન્ટમાં શ્વાસ લેતા ચાર કે પાંચ જણના કુટુંબમાં બે-બે અથવા બે-ત્રણની ટીમ બની જાય છે. સામસામે વ્યૂહરચના ઘડાય છે જેમાં ક્યારેક માતાપિતા તો ક્યારેક સંતાનોને હથિયાર કે ઢાલ બનાવીને એકબીજાની સામે વાપરવામાં આવે છે.

આ કોઈ એક ઘર-કુટુંબ કે સમાજની કથા નથી. લગભગ દરેક ઘર-કુટુંબ કે સમાજમાં આજે આપણે આ સ્થિતિ જોઈ રહ્યા છીએ. સંબંધોને સામસામે શતરંજના મહોરાની જેમ વાપરતા શીખી ગયેલા આ યુગલો સપ્તપદીના વચનોને તો ભૂલી જ ગયા છે. ધીમે ધીમે એમનામાં રહેલી સાદી માનવીય સંવેદનાઓ પણ મરવા લાગી છે. સૌથી દુઃખદ બાબત એ છે કે એમની પોતાની અંદર થઈ રહેલા આ ફેરફારની એમને ભાગ્યે જ જાણ હોય છે. એમના દંભનું મહોરું એટલું તો મજબૂત હોય છે કે એને ઉતારીને એની પાછળનો ચહેરો એમણે પોતે પણ ભાગ્યે જ અરીસામાં જોયો હોય છે.

અરેન્જ મૅરેજ હોય કે લવ મૅરેજ, 'કોર્ટશિપ' – હળવામળવા કે એકબીજાને ઓળખવાના સમય દરમિયાન બે વ્યક્તિઓ વચ્ચે દંભ સિવાય બીજું કશું જ હોતું નથી. પોતે જે નથી તે બતાવવાનો પ્રયાસ જ લગ્નને સમસ્યા તરફ દોરી જાય છે. બે કલાક માટે એકબીજાને મળતા બે જણા જીવનભર માટે સાથે રહેવાનો નિર્ણય કરે ત્યારે એમાં આપણે કેટલી સમજદારી

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

અને સચ્ચાઈની અપેક્ષા રાખી શકીએ? અરેન્જ મૅરેજ અથવા ગોઠવાયેલા લગ્ન ભારતીય સમાજનો એક એવો મુદ્દો છે જેના વિશે વર્ષોથી દલીલો થતી આવી છે. સામસામે બેસીને માત્ર ચહેરા જોવાથી એકબીજાને ગમી ગયેલા બે જણા કે બે કુટુંબોએ 'ભટકાડી' દીધેલા બે જણા આવનારા કેટલાંય વર્ષો વિશે સમજ્યા-વિચાર્યા વિના વચનો આપી દે છે. એ વખતે એમને નથી સમજાતું કે એ જે કહી રહ્યા છે તે 'કરી દેખાડવા'માં ઘણી મુશ્કેલી પડવાની છે. પછીનાં વર્ષોમાં આ જ લગ્ન એમને માટે એક મોટી સમસ્યા બની જાય છે. ત્યાંથી શરૂ થાય છે એકબીજાની સાથે લડવા-ઝઘડવા-સાબિત કરવાની રાજનીતિ.

ડૉ. ગેરી ચૅપમૅન કહે છે કે, "પ્રેમમાં પડેલી બે વ્યક્તિ લગભગ પાગલપણાની અવસ્થામાં જીવે છે. 'પ્રેમની દીવાનગી'નો આ અનુભવ બહુ લાંબો સમય ટકતો નથી, પરંતુ આ સ્વર્ગીય અનુભવ દરમિયાન એ બંને જણા ફક્ત એકબીજાને ગમતું કરવા, બોલવા અને જીવવાનો પ્રયાસ કરે છે. સામેની વ્યક્તિની દરેક વાત પ્રેમમાં પડેલા માણસને સાચી જ લાગે છે. એ સમયે 'સાર-અસાર'નો વિવેક રહેતો નથી અને સામેની વ્યક્તિ સાથે બિનજરૂરી વચનો આપ-લે થઈ જાય છે. 'દીવાનગી'માં અપાયેલા અને લેવાયેલા આ વચનો થોડા સમય પછી બોજ બનવા લાગે છે. જે વ્યક્તિનો જે ગુણ અત્યંત પ્રિય હતો તે જ દુર્ગુણ બનીને લગ્નમાં સમસ્યા ઊભી કરે છે.

મોહક લાગતી સ્ત્રી અચાનક જ કર્કશા બની જાય છે. જે પુરુષ વિના જીવી નહીં શકાય એમ લાગતું હતું હવે તેની સાથે જીવવું અઘરું બને છે.

બહારની દુનિયામાં સંઘર્ષ કરતાં પતિ-પત્ની ઘરની ચાર દીવાલોમાં પણ એકબીજા સાથે નાની નાની વાતમાં સંઘર્ષ ઊભો કરી નાખે છે.

આવાં દંપતીઓમાં બંને વ્યવસાયિક હોય એવું જરૂરી નથી. ઘરમાં રહેતી, આર્થિક રીતે પતિ પર આધારીત હોય એવી 'હોમ મૅકર'ગૃહિણીઓ પણ આવી શતરંજની રમત રમતી થઈ જાય છે.

કોણ કેટલા પૉઇન્ટ સ્કોર કરે એની ગણતરીમાં સચ્ચાઈની, મુક્ત મને કરાતા સંવાદની અને એકબીજાની સાથે કેળવવામાં આવતી સમજદારીની આખીયે વાત ભુલાઈ જાય છે. 'કોણ સારું છે' એ સાબિત કરવાની રમતમાં 'શું સાચું છે' એ ભૂલી જતા આ યુગલોને એવો ખ્યાલ જ નથી આવતો કે એ લોકો પોતાના સંતાનોને પણ આ જ રમતનો વારસો આપવા માંડે છે.

પેઢી દરપેઢીથી ચાલતી આ જ રમત માનવીય સંબંધોને હવે એવી જગ્યાએ લઈ આવી છે જ્યાં સંવેદના કરતા જીત અગત્યની થઈ ગઈ છે. અહંકારની દીવાલ રોજ ઊંચી ને ઊંચી થતી જાય છે. પુલ બનાવવાના છોડીને પતિ-પત્ની સામસામે દીવાલો ચણવાની શરૂ કરે છે. એ દીવાલોમાં પોતે જ કેદ થઈ ગયા છે એનો ખ્યાલ આવે છે ત્યારે મોડું થઈ ગયું હોય છે.

સામાન્ય રીતે એક જ વ્યવસાયમાં હોય એવા દંપતીની વચ્ચે આવા પ્રશ્નો વધારે પ્રમાણમાં ઊભા થાય છે, કારણ કે એમણે વ્યવસાયની સાથે સાથે ઘરમાં પણ હરીફાઈ ઊભી કરી લીધી હોય છે. ખરેખર તો 'માણસ' અને 'વ્યવસાય' બંને એકબીજાથી જુદા છે, પરંતુ મોટા ભાગના દંપતીઓ પોતાના વ્યવસાયને અને પોતાની જાતને એકબીજા સાથે જોડી લે છે. ઘરની બહાર જે પત્રકાર, અભિનેતા કે ડૉક્ટર – વકીલ હોય એ ઘરની અંદર પણ પોતાનો કાળો કોટ, એપ્રન, કે મેકઅપ ઉતારી શકતા નથી!

આવા સમયે પ્રશ્નો વધુ વિકટ બને છે. એક જ વ્યવસાયમાં હોવાને કારણે મિત્રો કે

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

સહકાર્યકરો પણ કોમન હોય છે. જેને કારણે ગેરસમજનું જાળું વધુ ઘટ્ટ રીતે ગૂંથાય છે. આપણા સમાજની એક બહુ મજાની વાત એ છે કે મોટા ભાગના લોકોને તમારા પ્રશ્નો જાણવામાં રસ હોય છે, એને ઉકેલવામાં સહેજ પણ રસ હોતો નથી. જેને મિત્રો માનીને પોતાના મનની વાત કહેવામાં આવે એવા લોકો તમારી વાતને પાર્ટીમાં, બજારમાં, વ્યવસાયિક મિત્રો સાથે તો ચર્ચે જ છે, પરંતુ તમને પણ અહંકાર મૂકીને પતિ કે પત્નીને પ્રેમ કરવાનું શીખવવાને બદલે 'બળતામાં ઘી હોમે છે'.

પતિ-પત્નીનો સંબંધ પરસ્પર ખુલ્લાપણાનો, નગ્નતાનો સંબંધ છે. જે વ્યક્તિની સામે તમે બધાં જ વસ્ત્રો ઉતારી શકો એ વ્યક્તિની સામે મન ઉપર તાળા મારી રાખવાનો શો અર્થ છે?

માણસનું મન બધી જ માયાના મૂળમાં છે. આમ તો શરીરના અંગોના લિસ્ટમાં મનનો સમાવેશ નથી, છતાં એ જ સંબંધો બાંધે છે અને એ જ સંબંધો તોડે છે. દરેક પ્રસંગે અવનવી યુક્તિ અને પ્રયુક્તિઓ સર્જીને વ્યૂહરચનાઓ ગોઠવે છે. ખરેખર તમામ સમસ્યાઓ આ મનને કારણે ઊભી થાય છે અને છતાંય આપણે એનું જ કહેલું માનીએ છીએ, કારણ કે આપણું મન આપણા અહંકારને સતત પંપાળ્યા કરે છે.

પતિ-પત્નીના સંબંધોમાં જ્યારે રાજનીતિ કે વ્યૂહરચના પ્રવેશે છે ત્યારે બંને જણા સૌથી પહેલા જૂઠું બોલવાનું શરૂ કરે છે. જુઠાણાના પાયા પર બંધાયેલું સંબંધનું મકાન એટલું બધું કાચું હોય છે કે એક નાનકડો ધક્કો પણ એને તોડી પાડી શકે. એક વાર જૂઠું બોલવાથી જીત સહેલી થાય એટલે આપણે જુઠાણાને જ સંવાદનું માધ્યમ બનાવી દઈએ છીએ. નાની નાની વાતમાં ખોટું બોલીને સામેની વ્યક્તિને છેતરવાની રમત આપણને કોઠે પડવા લાગે છે.

સાચું બોલવાથી ઝઘડો, દલીલ થવાની સંભાવના રહે છે. જુઠાણું પરિસ્થિતિને એક ભ્રામક શાંતિ આપે છે. સાથે સાથે "ચાલો, હમણાં તો પત્યું!"ની એક લાગણી આપણને સહેલી પડી જાય છે.

પોતાની સાથે રાત-દિવસ જીવતા, એક પલંગમાં જોડે સૂઈ જતા માણસ સાથે જૂઠું બોલવાની કે વ્યૂહરચના કરવાની આવડત કદાચ તમારા અહંકારને સંતોષ આપે, પરંતુ તમારા સંબંધને ઊધઈની જેમ ચોંટે છે. ધીમે ધીમે આ જુઠાણું, આ રાજનીતિ તમારી જિંદગીના સૌથી સાચા અને સૌથી લાંબા ચાલનારા સંબંધને તદ્દન પોલો, ખોખલો, અર્થહીન બનાવી દે છે.

તમે પોતે પણ જાણો છો કે આ સંબંધ પોલો કે ખોખલો થવા લાગ્યો છે. રેતીના થાંભલાને ટેકો ન દેવાય એવી સમજ તો માણસ તરીકે તમારામાં છે જ! પરંતુ, તમે પોતે પણ એક રેતીનો થાંભલો બની ગયા છો એની તમને જાણ હોતી નથી અથવા તમારે એ સ્વીકારવું નથી હોતું.

ખલીલ જિબ્રાન કહે છે કે, "એક જ છતને આધાર આપતા બે સ્તંભ બનો."

પતિ-પત્ની સલામત અંતરે ઊભેલા બે થાંભલાની જેમ જીવે તો કદાચ એકબીજાને આધાર આપતા એવા મજબૂત પાયા બની શકે. જેના પર સમાજ અને કુટુંબનો વિકાસ થાય, પરંતુ આ થાંભલા જ્યારે રેતીના બની જાય ત્યારે એના પર મૂકેલી દરેક વસ્તુની સલામતી કેટલી છે એની અમને પોતાને પણ સમજ પડી જ જાય છે!

ત્યાંથી શરૂ થાય છે એક નવા સંબંધની શોધ...

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

જેમ દવા પર એક્સપાયરી ડેટ લખેલી હોય તેમ સંબંધ પર લખેલી એક્સપાયરી ડેટ ચોખ્ખી વંચાવા લાગે છે. નવા સંબંધમાં દાખલ થયેલાં પતિ-પત્નીને લાગે છે કે 'સાચો સંબંધ' તો એમને હવે જડ્યો છે! જેની સાથે જીવતા નથી એની સાથે બે-ચાર કલાક કે થોડી મિનિટો ગાળવાના, એસ.એમ.એસ. કે ટેલિફોનના આ સંબંધને સાચો માનીને ખરેખર જે સંબંધ સાચો છે એને વિસારે પાડવા લાગે છે.

સાથે ઘરડા થવાના, સંતાન ઉછેરવાના, એકબીજાનો આધાર બનવાના બધાં જ વચનો હવે નકામા લાગવા માંડે છે. જે નથી તેની પાછળ દોડવાની 'થ્રીલ' એમને કશું નવું કરવાનો આનંદ આપે છે. જે ક્યારેય પોતાનું નથી થવાનું એ 'પોતાનું છે' અને જે સાચે જ પોતાનું છે તેને આઘું ધકેલીને વધુ ને વધુ જૂઠું બોલવાની, વધુ ને વધુ છેતરવાની રમત એમની જિંદગીનો ભાગ બની જાય છે.

એકબીજાને 'પામવા' નીકળેલી બે વ્યક્તિઓ ડગલે ને પગલે એકબીજાને 'માપવા' લાગે છે. જે પ્રવાસ સાથે કરવાનો હતો એ તદ્દન વિરુદ્ધ દિશામાં શરૂ થઈ જાય છે. બંને જણાં એકબીજાને સમજે છે. એમની વચ્ચેના વધતા અંતરને માપી શકે છે અને છતાંય એ વિશે કશું કરી શકતાં નથી. જેમને માટે મન શરીરની પહેલા આવતું હોય એ પતિ-પત્ની શરીરથી પણ એકબીજાથી દૂર થઈ જાય છે તો કેટલાંક પતિ-પત્ની માત્ર શારીરિક ભૂખને સંતોષવા પૂરતા જ એકબીજા સાથે બંધાયેલા રહી શકે છે.

'સાથે રહેવું' માત્ર એક છત નીચે શ્વાસ લેવા જેટલું જ બનીને રહી જાય છે. કાયદાએ લગ્નને સામાજિક વ્યવસ્થા જાળવવા માટે એક અનિવાર્ય જરૂરિયાત ગણાવી છે.

પરંતુ આપણા શાસ્ત્રોએ લગ્નને તન-મન અને આત્માના ઐક્ય સાથે જોડ્યું છે. દંભના મહોરા પહેરી બેડરૂમમાં વસ્ત્રો ઉતારતાં પતિ-પત્નીઓ ક્યારેય સાચા અર્થમાં એકબીજાના વિકાસમાં સહભાગી થઈ શકતાં નથી. એકબીજાને હરાવવા નીકળી પડેલા બે યોદ્ધાઓ ક્યારેય એકમેકને વિકસવા દઈ શકતા નથી. હરીફાઈ જ્યારે ઘરમાં જ શરૂ થઈ જાય ત્યારે બંને જણા એકબીજાનો હાથ પકડીને બહારના તોફાન સામે ટકી શકતા નથી.

એક અંગ્રેજી કહેવત કહે છે, "લગ્ન પછી પતિ-પત્ની એક બની જાય છે. પરંતુ બેમાંથી આ 'એક' કયું અથવા કોણ? એની લડાઈ જ્યારે શરૂ થાય છે ત્યારે બંને અડધા અડધા રહીને છૂટાં પડે છે."

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

તમને સૌથી વધારે ડર શેનો લાગે છે? તમારા મૃત્યુનો કે તમારા સ્વજનના મૃત્યુનો?

કોઈ પણ સંબંધ શરૂ થાય ત્યારે માણસ એમ જ માનીને એ સંબંધ આગળ વધારે છે કે એ ક્યારેય પૂરો થવાનો નથી. માણસ માત્ર કાયમીપણું ઝંખે છે. 'શાશ્વત'ને શોધતો માણસ ધીમે ધીમે પોતે મૃત્યુ નહીં પામવાના, અમર થઈ જવાના, સતત યુવાન રહેવાના પ્રયાસોમાં લાગી જાય છે.

કઠોપનિષદમાં આવતી ચ્યવનઋષિની કથા કે યયાતિની કથા આમ તો નવાઈ પમાડે એવી કથા છે, પરંતુ છેક પુરાણોના કાળથી માણસ માત્રને સતત જીવવું – યૌવન, અદ્‌ભુત શક્તિના સંચય અને સંવર્ધનની ઝંખના રહી છે. જે દેહ આપણે લઈને જન્મ્યા છીએ તે દેહ કાયમ રહે એ માણસ માત્રનો પ્રયાસ છે. આ પોતાના દેહ વિશે નહીં, બીજાના દેહ વિશે પણ એટલું જ સાચું છે.

જે સ્ત્રીના વિચાર માત્રથી માણસના શરીરમાં ઝણઝણાટી વ્યાપી જતી હતી એ સ્ત્રીના નિશ્ચેષ્ટ પડેલા દેહને જોઈને ફરી એક વાર કમકમાટી, ઝણઝણાટી અને ટુકડેટુકડે વિખેરાવાની લાગણી માણસને ઘેરી વળે છે. જે પુરુષ તમારા શરીર પર આકાશની જેમ ફેલાતો હતો અને પાણીની જેમ વરસીને તમારી અંદરની પૃથ્વીને નવપલ્લવિત કરતો હતો એ હવે પંચમહાભૂતમાં ભળી ગયો છે એ વાત ભયાવહ લાગે છે.

તમે જીર્ણશીર્ણ દેહ સાથે જીવો છો અને તમારું સંતાન જે તમારા શરીરમાંથી જન્મ્યું એ હવે સ્મૃતિ બની ગયું! આ વિચાર માત્ર માણસને ખળભળાવી મૂકે છે. મહાભારતની એક કથામાં યક્ષ દ્વારા પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં યુધિષ્ઠિર કહે છે કે, "બાપના ખભા પર દીકરાની લાશ એ આ જગતનો સૌથી મોટો ભાર છે."

એ જ યક્ષ દ્વારા પુછાયેલા પ્રશ્નના એક ઉત્તરમાં યુધિષ્ઠિર કહે છે કે, "જન્મનાર દરેક વ્યક્તિને ખબર છે કે એ મૃત્યુ પામવાનો છે ને છતાંય એ અમર છે એમ માનીને જીવે છે એ આ જગતનું સૌથી મોટું આશ્ચર્ય છે."

માણસ માત્રનો સંબંધ દેહથી દેહનો છે. 'બે આત્માઓનું મિલન' કરાવતા લગ્નમાં પણ આખરે લગ્ન તો બે શરીરોના જ કરાવવામાં આવે છે! સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રવર્ણેન્દ્રિય, દષ્ટિ કે સ્વાદેન્દ્રિય માણસમાત્રને જીવવા પ્રેરે છે. દરેક સંબંધ સાથે જોડાયેલી એક સ્મૃતિ છે અને એ સ્મૃતિ એટલે માણસના માણસ સાથેના સંબંધનું પ્રમાણ.

દરેક માણસને એના શરીરથી, એના ચહેરાથી ઓળખીએ છીએ, દરેક ચહેરાને એક નામ છે. 'પવન સુકવતો નથી, પાણી ભીંજવતું નથી, અગ્નિ બાળતો નથી.' એવા આત્માને આપણે કોઈએ જોયો નથી. આપણે માત્ર ચહેરો જોઈએ છીએ, એની સાથે જોડાયેલું એક નામ ઓળખીએ છીએ અને એ દેહ સાથે આપણો સંબંધ છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

દેહ આપણા અસ્તિત્વનું પ્રમાણ છે. આ શરીર છે ત્યાં સુધી આપણે છીએ એ જ સાચું. જ્યાં સુધી આપણું શરીર આ પૃથ્વી ઉપર છે, આપણે શ્વાસ લઈએ છીએ જ્યાં સુધી આપણી ઇન્દ્રિયો કામ કરે છે ત્યાં સુધી આપણો આ જગત સાથેનો સંબંધ છે.

"આપ મૂએ પીછે ડૂબ ગઈ દુનિયા" કહેનારાઓ ખરેખર સાચા છે? મૃત્યુ પછી આ બધા સંબંધો પૂરા થઈ જતા હોય છે? અને જો 'હા', તો કયા મૃત્યુ પછી? કોના મૃત્યુ પછી?

માણસ માત્રને મૃત્યુનો ભય લાગે છે. કારણ કે મૃત્યુ કશુંક લઈ જાય છે, તોડી નાખે છે, તમારી અંદર અને તમારી આસપાસ. બહુ શાંતિથી વિચારીએ તો સમજાશે કે આ ભય કશુંક ખોઈ બેસવાનો ભય છે. સતત જે સંબંધનો તાંતણો આપણી આસપાસ વીંટળાતો રહેતો હેતો એ નહીં રહે એ વાતે માણસ હચમચી ઊઠે છે. જ્યાં સુધી પત્ની ઘરમાં હોય ત્યાં સુધી પતિને એની કિંમત રહેતી નથી. ચાલુ સિસ્ટમમાં ક્યારેય કોણ કેટલું પ્રદાન કરે છે એ વિશે વિચારવાની આપણને ફૂરસદ હોતી નથી. સવાલ ત્યારે જ આવે છે જ્યારે એ સિસ્ટમ અટકી જાય.

જ્યાં સુધી સમયસર ટિફિન આવતું રહે, ઇસ્ત્રી થયેલાં કપડા કબાટમાં ગોઠવાતાં રહે, બાળકોનું હોમવર્ક પતી જતું હોય, બેસણાં, અને ખુશીના પ્રસંગોએ સામાજિક વ્યવહારો સચવાઈ જતા હોય ત્યાં સુધી શું થઈ રહ્યું છે એ વિશેની ચિંતા કરવાનો મોટા ભાગના પુરુષો પાસે સમય નથી હોતો. સામે પક્ષે જ્યાં સુધી ઘરમાં સમયસર પૈસા આવે, તમારી જરૂરિયાતો પૂરી થાય અને બધું યોગ્ય રીતે થતું રહે ત્યાં સુધી પતિનું મહત્ત્વ શું છે કે પુરુષનું મહત્ત્વ શું છે એ વિશે વિચારવાની સ્ત્રીને જરૂર નથી હોતી.

આપણે જે ઘરમાં રહીએ છીએ એ ઘરમાં આપણાં દાદા-દાદી રહેતાં હતાં, આપણે નહીં રહીએ ત્યારે કદાચ આપણાં સંતાનો, એમનાં સંતાનો રહેતાં હશે. રોજ કોઈ મૃત્યુ પામે છે, એ આપણો જાણીતો ચહેરો હોઈ શકે અથવા અજાણ્યો. પણ મૃત્યુ આપણાથી કોઈને દૂર લઈ જાય છે અથવા આપણને કોઈનાથી દૂર કરે છે એ સત્ય છે.

સગાં ભાઈ-બહેનો, પતિ-પત્ની અને સંતાનો સાથે પિતાને મિલકતો માટે ઝઘડતા જોઈએ છીએ – એ જ સંતાન, એ જ પિતા, એ જ પતિ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પોતાનો દેહ પણ પોતાની સાથે લઈ જઈ શકતા નથી! તો કઈ મિલકત, કઈ જરૂરિયાત, કયા અધિકારો માટે થાય છે આ લડાઈ?

ધર્મયુદ્ધના નામે ભાઈઓ લડેલા પાંડવો આખરે હિમાલય ગયા ત્યારે ઇન્દ્રપ્રસ્થથી કશુંયે સાથે લઈ જઈ શક્યા નહોતા. મૃત્યુ માણસને કશું જ સાથે લઈ જવા દેતું નથી... સ્મૃતિ પણ નહીં. પુનર્જન્મમાં માનતા હોઈએ તો એક વાત વિચારવા જેવી છે કે ફરીથી જન્મ લેનાર શરીરને પોતાનો આગલો જન્મ યાદ નથી હોતો.

ખલીલ જિબ્રાને 'ધ પ્રોફેટ'ને અંતે લખ્યું છે 'અ લિટલ વ્હાઈલ, એ મોમેન્ટ ઑફ રેસ્ટ અપોન ધ વિન્ડ, એન્ડ અનધર વુમન શેલ બેર મિ! થોડા સમય પછી, હવામાં ઝૂલતા રહેવાની એક ક્ષણ, અને હું અન્ય સ્ત્રીનો ગર્ભ બની જઈશ...!' પુનરપિ જનનં, પુનરપિ મરણં... પુનરપિ જનની જઠરે શયનમ્ – હિન્દુ ધર્મશાસ્ત્રો પણ એ જ કહે છે.

જવાનો ભય, ખોઈ બેસવાનો ભય, પૂરું થઈ જવાનો કે અંતનો ભય ધ્રુજાવી નાખનારો છે. કારણ કે એ અફર સત્ય છે! એ જાણવા. છતાં સ્વીકારી શકવાની માણસ માત્રની અધૂરપ એનામાં આ ભય જન્માવે છે.

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

કઠોપનિષદમાં એક કથામાં નચિકેતાને એના પિતા યમને આપી દેવાનો શ્રાપ આપે છે. નચિકેતા યમના દ્વારે જઈને બારણું ખખડાવે છે, ભારતીય પુરાણોની વિશેષતા એ છે કે એમાં કશુંય બહુ ખૂલીને, બહુ સ્પષ્ટ આંખે ઊડીને વળગે એવી રીતે કહેવાતું નથી. દરેક વાતને માર્મિક રીતે કહીને સામેવાળાની સમજ પર છોડી દેવાય છે.

સામાન્ય રીતે માણસ માત્રને દ્વારે યમ આવે છે. યમ જ્યારે પણ આવે છે ત્યારે મોટા ભાગના લોકો મૃત્યુના સ્વીકાર માટે તૈયાર નથી હોતા. ઉંમર ગમે તે હોય માણસ માત્રને લાગે છે કે હજી એનું જીવન પૂરું થવાને વાર છે. આ વાત માત્ર પોતાના વિશે નથી, મૃત્યુ પામનાર વ્યક્તિ જ્યારે સ્વજન હોય ત્યારે એના મૃત્યુ અંગે પણ આ જ ખ્યાલ માણસને ગ્રસી લે છે.

મૃત્યુ પામનાર વ્યક્તિ માણસની જેટલી નિકટ હોય એટલો આઘાત વધારે હોય છે. આના કારણમાં કદાચ એમ હશે કે માણસને સ્વજન વિના પ્રિયજન વિના જીવવું અઘરું લાગે છે. આપણા અસ્તિત્વને જે પૂરું કરે, આપણા અસ્તિત્વને જે અર્થ આપણે પોતે ન આપી શકીએ તે અર્થ આપનાર વ્યક્તિ આપણી જિંદગીનો બહુ મહત્ત્વનો હિસ્સો હોય છે.

એ પત્ની જ હોય, પ્રિયતમા જ હોય, પ્રેમી જ હોય, પતિ જ હોય, સંતાનો જ હોય કે માતા-પિતા હોય એવું જરૂરી નથી. એ મિત્ર હોઈ શકે, ગુરુ હોઈ શકે, પડોશી હોઈ શકે, તમારા પ્રિય લેખક, ચિત્રકાર કે અભિનેતા પણ હોઈ શકે.

તમે જેને ક્યારેય મળ્યા નથી એ પણ તમારા સ્વજન હોઈ શકે.

જેના વિચાર માત્રથી તમને સુખ મળે છે. પૃથ્વી ઉપર ફેલાયેલા આ આકાશ નીચે ક્યાંક એ પણ જીવે છે એ વિચાર માત્ર 'સુખ'ની પરિભાષા છે.

કઠોપનિષદમાં યમના દ્વારે પહોંચેલો નચિકેતા સાવ બાળક છે. 'હજી તો ઉંમર જ શું હતી?' કહેનારા માણસોએ આ ઘટના સમજવા જેવી છે. કોઈ પણ ઉંમરે મૃત્યુ આવે ત્યારે દુનિયા છોડવા તૈયાર ન હોય એવા લોકોને બદલે આ નાનકડો બાળક દુનિયા છોડીને જાતે-પોતે યમ પાસે જાય છે.

મૃત્યુ તમારું દ્વાર ખખડાવે એને બદલે જાતે મૃત્યુને દ્વાર જઈ ઊભા રહેવાનો પણ એક આનંદ હોય છે. મૃત્યુને વહેલું કે મોડું સ્વીકારવાનું જ છે. તો પછી એ સ્વીકારમાં આનંદ કેમ નહીં? આવકાર કેમ નહીં?

આ સવાલ માણસ પોતાના મૃત્યુ વિશે તો પૂછી શકે, પરંતુ જ્યારે સ્વજનથી વિખૂટા પડવાની વાત આવે છે ત્યારે મોટા ભાગના માણસોની અંદર કશુંક તૂટી જાય છે, કશુંક કપાઈ જાય છે, એમના અસ્તિત્વનો એક ભાગ જાણે પૂરો થઈ જાય છે. એક સ્વજનની સાથે મૃત્યુ પામે છે તમારી સ્મૃતિ. તમે સાથે ગાળેલો સમય, તમે સાથે કરેલા ઝઘડા, દલીલો, સાથે સહન કરેલી પીડા, સાથે હસેલા ખડખડાટ હાસ્યો, સાથે જોયેલાં સપનાં અને સાથે જ સાંભળેલા એ તૂટતાં સપનાંના અવાજો... બે વ્યક્તિઓ પાસે એકસાથે કરવાનું કેટલું બધું હોય છે અને એ વ્યક્તિના ચાલ્યા ગયા પછી જાણે કશું જ નથી રહેતું.

દલીલ કરવા માટે કે પ્રેમ કરવા માટે ઓછામાં ઓછા બે માણસોની જરૂર પડે છે. ઝઘડો કરીને છૂટા. પડવા માટે પણ એક માણસ જોઈએ. એકબીજાની સાથે નહીં બોલીને, ખોટું લગાડીને પણ એ વ્યક્તિના અસ્તિત્વને સ્વીકારી શકાય છે. કોઈના અસ્તિત્વને નકારવા માટે પણ

https://telegram.me/booksmag

ऐसे मजेदार मेगेजीन पढ़ने के लिये हमारी टेलीग्राम चेनल से जुडे इसके लिए टेलीग्राम में सर्च करे @booksmag ओर join पर क्लिक करे

એના અસ્તિત્વનો પહેલા સ્વીકાર કરવો પડે, કોઈ ખોટું છે એમ કહેવા માટે કમ સે કમ કોઈનું ‘હોવું’ જરૂરી છે.

જે શરીર ગઈ કાલ સુધી હૂંફાળું લાગતું હતું, ગરમ હતું એ આજે બરફ જેવું થઈ જાય છે. જે આંખો ગઈ કાલે તમારી સામે જોતા જ હસી પડતી હતી – ઝઘડા કરતા રડી પડતી હતી – મોડા આવો તો ફરિયાદ કરતી હતી – એક ભાષા બોલતી હતી એ આંખોને મીચેલી જોવાની તાકાત નથી હોતી આપણામાં. જે બે હાથ રોટલી કરતા હતા – જે બે હાથ તમારા શરીરની આસપાસ વીંટળાતા હતા – જે બે હાથ અંધારામાં તમારા તરફ વધતા હતા કે તમારા વાળમાં ગજરો બાંધતા હતા એ બે હાથને સીધા કરીને ગોઠવી દેવાય ત્યારે જિંદગીમા ઘણું બધું વાંકુંચૂંકું થઈ જાય છે.

જે મિત્રને ગાળો આપી શકાતી હતી, ઝઘડી શકાતું હતું, મનની વાત કહી શકાતી હતી, પૈસા ઉધાર માગી શકાતા હતા, જેને તમે તમારી જિંદગીના પહેલા સ્નેહ વિશે કે પહેલા સેક્સ વિશે કહ્યું હતું એ હવે તમારી કોઈ પણ વાત નહીં સાંભળી શકે એ વાત માણસને તોડી નાખતી હોય છે અને એના જવાબથી ફરી એક વાર આપણે પણ ‘જવાનું’ છે એ વાત યાદ આવી જાય છે.

જે છોકરીને છેલ્લી કૉલેજમાં જોઈ હતી એ છોકરી બે બાળકોની મા બનીને, જાડી થઈને, આંખો નીચેના કાળા કુંડાળા સાથે હવે મૃત્યુ પામી છે એ વાત જિંદગીના કોઈ પણ તબક્કે સાંભળવી અઘરી પડે છે. એક મિત્રનો ટેલિફોન નંબર જોડતા જ સામેથી સંભળાતું હૂંફાળું ‘હેલો’ હવે ક્યારેય નહીં સંભળાય એ વિચાર ખળભળાવી મૂકે છે. ઘરમાં દાખલ થતા જ ‘કેમ મોડું થયું?’ કે પછી, ‘કેળાં લાવ્યા?’ પૂછતી પત્ની એ વખતે ચીડ જન્માવતી હતી. હવે એ પત્ની કોઈ જ સવાલ નહીં પૂછે એ વિચાર માત્ર ધ્રુજાવી જાય છે.

દાદાગીરી કરતો, આગ્રહો રાખતો એક પતિ ગઈ કાલ સુધી ગુસ્સાનું કારણ હતો. એનાથી મુક્ત થવું એ જિંદગીનું એક માત્ર ધ્યેય હતું. હવે એ નથી તો જિંદગી જ ધ્યેયહીન થઈ ગઈ છે! સલાહ આપતા પિતા, ઝીણી આંખે ચહેરા પર સૂકા હાથ ફેરવતી – ખાવાપીવાનું ધ્યાન રાખવાનું કહેતી મા... હતાં ત્યાં સુધી એમની સાથે મતભેદ કરવાનો – એમને ખોટા પાડવાનો એક પણ અવસર માણસ છોડતો નથી. એ જ્યારે નથી હોતા ત્યારે એક આખેઆખું ‘ઘર’ નહીં રહ્યાનો અફસોસ બાકીની જિંદગી માણસની સાથે જીવતો રહે છે!

જેની સાથે બોલવાનું છોડી દીધું હતું એવી બહેન – મતભેદ હતો એવો મિત્ર અને દીઠો નહોતો ગમતો એવો પડોશી અચાનક જ ખૂટવા લાગે છે.

આપણા સ્વજનને એના જીવતા જ જો સ્વીકારી શકીએ, માફ કરી શકીએ તો એના મૃત્યુ પછીનો ખાલીપો આપણે આપણા મૃત્યુ સુધી નહીં સહેવો પડે.

https://telegram.me/booksmag